શતાબ્દી પ્રકાશ-માળા

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-

માર્ચ, ૨૦૨૧




## ભક્તિપુરુષ

## પ્રમુખસ્વામી મહારાજની
## ગુરુભક્તિનો અજોડ અધ્યાય







## સત્સંગદીક્ષા ગ્રંથની પ્રથમ જયંતીએ વિશ્વશાંતિ મહાયાગ

સત્સંગદીક્ષા ગ્રંથના લેખનનો આરંભ કરવામાં આવ્યો તેને વસંતપંચમીએ બરાબર એક વર્ષ પૂર્ણ થતું હોવાથી તેની પ્રથમ જયંતીએ, નેનપુર ખાતે બિરાજમાન ગ્રંથના રચયિતા મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષાનો હોમાત્મકપાઠ અને યજ્ઞ કરીને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને સર્વે ગુરુવર્યોને અર્ઘ્ય અર્પણ કર્યું હતું. (તા. ૧૬-૨-૨૦૨૧)

શતાબ્દી પ્રકાશમાળા
સંપાદકીય





# ગુરુ બિન જ્ઞાન ન ઊપજૈ...

## ગુરુભક્ત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિને વંદના...

ગુરુ-શિષ્ય પરંપરા.

ભારતીય સંસ્કૃતિની એક શાશ્વત આધારશિલા. સંસ્કૃતિની ચેતનાને ટકાવી રાખનારું એક વિરલ પરિબળ, જે ઉપનિષદોના સમયથી લઈને આજપર્યંત વિશ્વ સમસ્તને પ્રેરણા આપતું રહ્યું છે.

આ ગુરુ-શિષ્ય પરંપરાનું એક આદર્શ ઉદાહરણ હતા – બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

સ્વામિનારાયણ પ્રકાશની શતાબ્દી પ્રકાશમાળાનો આ અંક પ્રમુખસ્વામી મહારાજની એ અજોડ ગુરુભક્તિને સમર્પિત છે.

ગુરુ-શિષ્ય પરંપરા એ ભારતીય અધ્યાત્મની કરોડરજ્જુ છે. વિખ્યાત બ્રિટિશ લેખક શ્રી પીટર બ્રેન્ટે 'skeleton of Hinduism' તરીકે આ ગુરુ-શિષ્ય પરંપરાનું અનોખું મહત્ત્વ આંક્યું છે.

કરોડરજ્જુ કે અસ્થિ-પાંજર વિના શરીર કેવી રીતે સ્થિર અને સાબૂત રહી શકે? ગુરુ-શિષ્ય પરંપરા વિનાનો સમાજ એવો કહી શકાય.

જેમને આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવી છે, તેમણે એવા ગુરુના શરણે ગયા સિવાય છૂટકો નથી. એટલે જ કઠોપનિષદ આદેશાત્મક સ્વરમાં આપણને સંબોધીને કહે છેઃ

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।
क्षुरस्य धारा निशिता दुरत्यया
दुर्गं पथस्तत्कवयो वदन्ति॥

'ત્રિકાળજ્ઞાની કવિઓ આધ્યાત્મિક માર્ગને અસ્ત્રાની ધાર સમો દુર્ગમ બતાવે છે. માટે હે મનુષ્યો! ઊઠો, જાગો, સાવધાન થઈ જાઓ અને શ્રેષ્ઠ મહાપુરુષને પામીને, તેમની પાસે જઈને પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરો.' (૧-૩-૧૪)

મુંડક ઉપનિષદ પુનઃ તેનું ઉચ્ચારણ કરે છેઃ

तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्।
समित्पाणिः श्रोत्रियं ब्रह्म निष्ठम्।

'તે વિજ્ઞાન એટલે કે બ્રહ્મ-પરબ્રહ્મનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રોત્રિય, બ્રહ્મસ્વરૂપ અને પરમાત્મામાં દૃઢનિષ્ઠ એવા ગુરુ પાસે હાથમાં સમિધ (અર્ઘ્ય) લઈને જવું.' (૧-૨-૧૨)

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં ગુરુના શરણે જવાની મહત્તા ઉચ્ચારતાં કહે છેઃ

'ગાઢ વનમાં ભોમિયા વિના અજાણ્યાને રસ્તો જડે નહીં, તેમ પંડિતો પણ શાસ્ત્રના વિવિધ શબ્દોને સમજ્યા વિના નાસ્તિક થઈ જાય છે.

મહાસિંધુ તરવો હોય તો આપ બળે તરાય નહીં. પાંખવાળાં પ્રાણીઓ પણ પાર થઈ શકે નહીં. પણ સિદ્ધ-ગતિ પામેલા સાગરને ઉલ્લંઘી જાય છે. સિદ્ધ ગુરુ નાવ સમાન છે. ગુરુ રૂપી નાવમાં બેસે તે સમુદ્ર તરે.' (૧૫/૩/૨૯-૩૩)

'કક્કો લખેલો હોય અને બે નેત્રથી જુએ છતાં કહેનાર ગુરુ ન હોય તો અક્ષરજ્ઞાન થાય નહીં.

સત્પુરુષના સંગ વિનાનું જ્ઞાન, આંધળો આપમેળે માર્ગ પામવા મથે તેના જેવું છે. જે દીવો લઈને પણ કૂવામાં પડે છે. સાચા ગુરુ તેને જ્ઞાનનું નેત્ર ખોલી આપે છે. આંખો પણ હોય, સૂર્યપ્રકાશ પણ હોય છતાં નેત્રની જ્યોતિ ન હોય તો કંઈ દેખાતું નથી.

ગુરુ જ્ઞાનની જ્યોતિ પ્રગટ કરી આપે છે.' (૧૩/૫૮/૩૩-૩૬)

એટલે જ કબીરજી પોતાના દોહાઓમાં ગુરુનો અપરંપાર મહિમા ગાતાં લખે છેઃ

गुरु बिन ज्ञान न ऊपजै,
गुरु बिन मिलै न मोक्ष।

“

**‘જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે... માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.’**

**– ભગવાન શ્રી સ્વામિનારાયણ**

(વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - ગુરુ બિન જ્ઞાન ન ઊપજૈ – સાધુ અક્ષરવત્સલદાસ

૬. શતાબ્દી અનુભૂતિ - પ્રમુખસ્વામી મહારાજઃ આદર્શ ભક્ત અને શિષ્ય

૮. શતાબ્દી સ્મૃતિ - ગુરુભક્તિની ગાથા ગાતી ચૂનાની ચક્કી

૧૦. શતાબ્દી બોધકથા - અને વાંદરો ખડખડાટ હસવા માંડ્યો

૧૨. ગુરુભક્તિઃ જીવનની સાર્થકતાનો રાજમાર્ગ – સાધુ આત્મતૃપ્તદાસ

૨૨. મોહે લાગી લટક ગુરુચરનન કી... – સાધુ આદર્શજીવનદાસ

૨૮. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૭. શ્રીરામજન્મભૂમિ મંદિર માટે નિધિ સમર્પણ સમારોહ

૪૧. ઇંગ્લેન્ડમાં ગુજરાતી ભાષાના શિક્ષણ માટે બી.એ.પી.એસ. સંસ્થાને ઍવોર્ડ

૪૨. અમેરિકામાં બી.એ.પી.એસ. મંદિરોમાં વિશિષ્ટ શ્રદ્ધાંજલિ સમારોહ

૪૩. તિરુપતિ ખાતે મૂર્ધન્ય વિદ્વાનો સાથે અક્ષરપુરુષોત્તમ દર્શનનો શાસ્ત્રાર્થ

૫૦. અક્ષરવાસ


*गुरु बिन लखै न सत्य को,*
*गुरु बिन मिटै न दोष॥*
*गुरु बिन माला फेरते,*
*गुरु बिन देते दान।*
*गुरु बिन सब निष्फल गया,*
*पूछौ वेद पुरान॥*[1]

*એવા ગુરુના શરણે જઈને, એમની આજ્ઞામાં વર્તીને, એમની પ્રસન્નતા પામીને શિષ્ય ધન્યતાનો અનુભવ કરે છે. કૃતાર્થતા પામ્યાનો આનંદ માણે છે. એવી ધન્યતાનું બયાન કરતાં તુલસીદાસજી ગુરુવંદના કરે છેઃ*

*बंदऊँ गुरुपद पंकज*
*कृपासिन्धु नररूप हरि।*
*महामोह तमपुंज*
*जासु बचन रविकर निकर॥*
*गुरु बिन भवनिधि तरइ न कोई,*
*जो बिरंचि शंकरसम होई...*

*એટલે કે ‘જેઓ કૃપાના સાગર છે, સૂર્યકિરણો સમાં જેમનાં વચનોથી મહા મોહનું ગાઢ અંધારું નાશ પામે છે, તેવા મનુષ્યરૂપે સાક્ષાત્ પરમાત્મા સમાન ગુરુદેવનાં ચરણકમળમાં વંદન કરું છું. એવા ગુરુ વિના ભવસાગર કોઈ તરી શકતું નથી, ભવબ્રહ્મા જેવા સમર્થ હોય તે પણ નહીં!’*

*ગુરુનું આવું મહત્ત્વ આંકતા આપસ્તંબ ધર્મસૂત્ર તો ‘पुत्रमिवैनमभिकांक्षन्’ કહીને ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ પિતા અને પુત્ર જેવો સંબંધ દર્શાવે છે. (૧, ૨, ૮)*

*ગુરુનું આટલું અપરંપાર મહત્ત્વ હોવા છતાં આધુનિકતાનો વાયરો આવી પવિત્ર ગુરુભક્તિને ‘વ્યક્તિપૂજા’માં ખપાવે છે. ‘ગમે તેટલી સિદ્ધિઓ મેળવી હોય, તો પણ ગુરુનાં ચરણોમાં મન સમર્પિત કર્યું નથી, તો જીવનમાં શું કર્યું? गुरोरंघ्रिपद्मे मनश्चेत् न लग्नं ततः किं ततः किं ततः किम्॥’ એમ પ્રશ્ન પૂછનાર પ્રકાંડ બુદ્ધિમંત શ્રીમદ્ આદિ શંકરાચાર્ય પણ એવી વ્યક્તિપૂજામાં માનતા હતા. ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને સ્વામી વિવેકાનંદ સુધી સૌ કોઈ એવી વ્યક્તિપૂજામાં માનતા હતા.*

*વ્યક્તિપૂજાના ઓઠા હેઠળ નાસ્તિકતા કે તર્ક-વિતર્ક-કુતર્કની ભમરીઓમાં અટવાઈ જઈને જેઓ એક સાચા ગુરુના શરણે જઈને શિષ્ય તરીકે એવા ગુરુના છત્રનો લાભ લઈ શક્યા નથી, તેઓ દયનીય છે.*

*પરંતુ આ વિશ્વનું સદ્ભાગ્ય છે કે પ્રત્યેક યુગે એવા આદર્શ ગુરુ અને આદર્શ શિષ્યનો અહીં જન્મ થતો રહ્યો છે, જેમણે કળિયુગના વિપરીત વાતાવરણમાં પણ ગુરુ-શિષ્ય પરંપરાને ઉજ્જ્વળ બનાવી રાખી છે.*

*આધુનિક યુગમાં એવું યશસ્વી શિષ્ય-ચરિત્ર ટાંકવું હોય તો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું નામ ગૌરવભેર ટાંકી શકાય.*

*તેઓ અસંખ્ય ભક્તોના પ્રાણપ્યારા આદર્શ ગુરુહરિ હતા, તો બીજી તરફ એક આદર્શ ગુરુભક્ત પણ હતા. ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજ એ જ એમના જીવનની ધડકન હતી.*

---

૧. નીલોત્પલ, કબીર દોહાવલી, ગ્રંથ અકાદમી, ૨૦૧૧, પૃ. ૬૦, ૬૧, ૬૭.

સન ૧૯૩૯માં તેમની ૧૮ વર્ષની ઉંમરે તેમને ગુરુ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી મળી: આ ચિઠ્ઠી મળે એટલે તરત ગૃહત્યાગ કરીને સાધુ થવા આવી જજો. અને એ જ ક્ષણે માતા-પિતાની રજા લઈને તેઓ શાસ્ત્રીજી મહારાજનાં ચરણે સમર્પિત થઈ ગયા. ક્ષણનો પણ વિલંબ નહીં!

શાસ્ત્રીજી મહારાજે તેમને અંગ્રેજી ભણવાનું કહ્યું હતું, આથી તે માટે તૈયાર થઈ ગયા. અને શાસ્ત્રીજી મહારાજે તેને બદલે સંસ્કૃત ભણવાનું કહ્યું, તો તત્ક્ષણ અંગ્રેજીનું લક્ષ્ય છોડીને સંસ્કૃતના અભ્યાસમાં જોડાઈ ગયા. સંસ્કૃતનો અભ્યાસ પૂર્ણ થવા દેવાને બદલે શાસ્ત્રીજી મહારાજે તેમને મંદિરના બાંધકામમાં જોડ્યા. તો તેમાં શરીરની પરવા કર્યા સિવાય ચૂનો કાલવવાની સેવામાં જોડાઈ ગયા. વળી, શાસ્ત્રીજી મહારાજે તેમને કોઠારની વહીવટી સેવામાં જોડ્યા, તો તેમાં જોડાઈ ગયા. એ સેવાને બદલે ફરીથી સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી, તો ફરીથી સંસ્કૃત ભણવા બેઠા. અને એ અભ્યાસ અધૂરો રખાવીને શાસ્ત્રીજી મહારાજે તેમને સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત કરીને સંસ્થાનું વહીવટી સુકાન સોંપી દીધું, તો તેમાં પ્રાણોની આહુતિ આપી દીધી. બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ તરીકે એમની પાસે વ્યક્તિગત કોઈ મહત્ત્વાકાંક્ષા નહોતી. એમને તો ગુરુનો મહિમા વધે એ જ સંકલ્પ. ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પો પૂર્ણ કરવા એ જ લક્ષ્ય. અને એ માટે જીવનના છેલ્લા શ્વાસ સુધી મથતા રહ્યા. ગુરુને આપેલાં વચનો જીવનભર પાળતા રહ્યા. ગુરુની મહિમાગાથા અવિરત ગાતા રહ્યા. અને બધું જ કરી છૂટ્યા પછી, પોતાના જીવનનાં તમામ કાર્યોનો અને તમામ સિદ્ધિઓનો યશ ગુરુનાં ચરણે ધરી દીધો. એમની ગુરુભક્તિની ચરમસીમા તો ત્યારે અનુભવાઈ જ્યારે એમણે પોતાના દેહની રાખ થઈ ગયા પછી પણ તેના પર ગુરુની સતત દૃષ્ટિ પડતી રહે, એવી અભિલાષા રાખીને પોતાના અંતિમ સંસ્કારનું સ્થળ નક્કી કર્યું, એ જ અભિલાષા સાથે અંતિમશ્વાસ લીધા. એવા આદર્શ ગુરુભક્ત પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિની સ્મૃતિઓ સાથે 'શતાબ્દી પ્રકાશમાળા'નો આ અંક આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

**– સાધુ અક્ષરવત્સલદાસ** ◆

---

**સુધારો:** ગતાંકમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિકૃષ્ણ મહારાજની અન્ય પાંચ ચલમૂર્તિઓ બનાવ્યાની વિગતો આપવામાં આવી હતી.(પૃષ્ઠ ૪૪) તેમાં પાંચમી મૂર્તિ ગોંડલ અક્ષરદેરી ખાતે પ્રાપ્ત થઈ છે એવો ઉલ્લેખ છે. પરંતુ ઇતિહાસ તપાસતાં સ્પષ્ટતા થઈ છે કે ગોંડલમાં અક્ષરદેરી ખાતે રહેલી શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની મૂર્તિ જરૂર છે, પરંતુ તે ઉપરોક્ત છ મૂર્તિઓ કરતાં અલગ પ્રકારની છે અને તે દાડમાના ભક્તરાજ શ્રી નથુ ભટ્ટને ગુણાતીતાનંદ સ્વામીએ પૂજવા આપી હતી. તેમના વંશજોએ આ મૂર્તિ ગોંડલમાં અક્ષરદેરી ખાતે અર્પણ કરેલી છે. આથી, ગુણાતીતાનંદ સ્વામીએ બનાવેલી છ મૂર્તિઓ પૈકીની છઠ્ઠી મૂર્તિની ભાળ મેળવવાની બાકી છે.




गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૩, માર્ચ, ૨૦૨૧**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

# શતાબ્દી અનુભૂતિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## પ્રમુખસ્વામી મહારાજઃ આદર્શ ભક્ત અને આદર્શ શિષ્ય



**સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી**
(પૂર્વાધ્યક્ષ, દિવ્યજીવન સંઘ, ઋષિકેશ)

પ્રમુખસ્વામીજી મહારાજ પવિત્રતા, શાંતિ, પ્રેમ અને ગુરુકૃપાનું મૂર્તિમંત સ્વરૂપ છે. મને આ અતિ કૃપાળુ આધ્યાત્મિક તેજસ્વી સંત સાથે અંગત સંપર્કનો અત્યંત સુખદ લહાવો સાંપડ્યો છે. પૂજ્ય સ્વામીજી પોતાના તેજસ્વી જીવન આદર્શ દ્વારા અને પ્રેમસભર ઉપદેશ દ્વારા લાખો મુમુક્ષુઓ-અનુયાયીઓને એવા ધર્મમય આધ્યાત્મિક જીવન તરફ દોરી જાય છે, જેમાં માનવજાતનું આત્યંતિક શ્રેય રહેલું છે.

પૂજ્ય મહારાજ અત્યંત આદરપાત્ર સંત છે. તેમનું અંગત જીવન અને રોજબરોજનો વ્યવહાર સાધુ-સંન્યાસીઓને અનુકરણીય એવું જ્વલંત દૃષ્ટાંત પૂરું પાડે છે. આજથી ૨૦૦ વર્ષ પહેલાં ઉદ્‌ભવેલા આ જગમશહૂર એવા નૈતિક અને આધ્યાત્મિક સંપ્રદાયના અધ્યક્ષ હોવા છતાં પ્રમુખસ્વામીજીમાં હંમેશાં અતિશય સાદાઈ, આચરણની વિનમ્રતા અને અહંશૂન્યતાનાં દર્શન કર્યાં છે. તેમનું આવું દર્શન સૌંદર્યસભર છે અને આવું દર્શન મને ખૂબ આનંદ આપે છે.

પૂજ્ય સ્વામીજીના ખભા પર કેટકેટલી કઠિન જવાબદારીઓ છે! એમ છતાં તેઓ કેટલા હળવાફૂલ લાગે છે! કારણ કે સર્વોપરી શ્રી ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અનન્ય શરણાગતિ ધરાવે છે અને ભગવાનની દિવ્ય કૃપાથી મળેલી સેવામાં નિષ્ઠાપૂર્વક પોતાને માત્ર ‘નિમિત્તરૂપ’ (Merely an instrument) જ ગણે છે. પ્રમુખસ્વામી મહારાજને સદા તેમના ઈષ્ટદેવની સાથે જોવા એ દેવો માટે પણ દુર્લભ દૃશ્ય છે - તેમના ઈષ્ટદેવથી તેઓ કદી અળગા થતા નથી, અને તમામ મહત્ત્વના પ્રસંગોએ મંચ પર કે વ્યાસપીઠ પર કે ક્યાંય પણ બિરાજતા હોય ત્યાં ઈષ્ટદેવને (ઠાકોરજીની મૂર્તિને) તેઓ અગ્રસ્થાને જ રાખતા હોય છે. સ્વામીજીના સાંનિધ્યમાં હંમેશાં ઈષ્ટદેવને જ અગ્રક્રમ અપાતો હોય છે.

સમાજમાં વધતી જતી આક્રમક નાસ્તિકતાના આ જમાનામાં, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પોતાના નીતિમત્તાભર્યા આદર્શ જીવનનાં દિવ્ય અજવાળાં પાથરે છે, અને આજની માનવજાતને આચરણની સજ્જનતા, ભગવન્મયતા તેમજ પૂર્ણ જીવનનો ઉજાસ પૂરો પાડે છે.

તેમની ફરતે સાધુતા-સુહૃદયતા અને વિશ્વપ્રેમનું તેજવર્તુળ દેખાય છે. તમે જ્યારે તેમના સાંનિધ્યમાં



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજની આધ્યાત્મિક ગોષ્ઠિની એક સ્મૃતિછબિ. (૧૯૮૭, ઋષિકેશ)

અને સામીપ્યમાં આવો ત્યારે તમને એ ચોક્કસ અનુભવાય. આપણે બધા ભગવાન શ્રીરામને 'મર્યાદાપુરુષોત્તમ' તરીકે ઓળખીએ છીએ. પરંતુ પ્રમુખસ્વામીજીમાં આપણા સમયના 'મર્યાદાપુરુષ'નાં દર્શન થાય છે. તેમનામાં એક આદર્શ સાધુનાં દર્શન થાય છે. સમગ્ર વિશ્વમાં જેના લાખ્ખો શિષ્યો અને અનુયાયીઓ છે તેમના તે એક આદર્શ ગુરુ પણ છે. વર્તમાન માનવજાતના એક આદર્શ આધ્યાત્મિક રાહબર છે. તેમનામાં એક એક આદર્શ ભક્તનું જ્વલંત દૃષ્ટાંત જોવા મળે છે. સાથે સાથે તેમની મહાન ગુરુપરંપરામાં એક આદર્શ શિષ્ય તરીકેનું પણ તેઓ દૃષ્ટાંત પૂરું પાડે છે.

તેઓ આજના આધ્યાત્મિક ભારતના એક પ્રેરણાદાયી આધ્યાત્મિક અગ્રેસર છે, એક કુશળ સમર્થ આયોજક છે. છતાં, તેમનામાં મેં વિનય, શિષ્ટાચાર અને સંસ્કારિતાનો આત્મા નિહાળ્યો છે. તેમના વ્યવહારમાં સંવેદનશીલ સૌજન્યનાં દર્શન થયાં છે. મારા જીવનમાં જેમની સાથે પ્રસંગમાં આવ્યાનો મને અત્યંત આનંદ છે એવી અત્યંત સદ્ભાવપૂર્ણ વિભૂતિઓમાંના તે એક છે.

તેઓના સંપર્કમાં આવનાર હરકોઈ સાથે એવો સ્નેહસભર સંબંધ બાંધી દે તેવાં તેઓનાં વ્યક્તિત્વનાં આ બધાં પાસાંઓ છે. એનો સ્રોત તેઓના સહજ સ્વભાવમાંથી, તેઓની જન્મસિદ્ધ સજ્જનતા-સાધુતામાંથી અને અખંડિત દિવ્યતામાંથી વહી રહ્યો છે, એક ફૂલને સહજ-પ્રાકૃતિક સુગંધ હોય એ રીતે.

આમ, પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજને અસાધારણ સાદાઈ ધરાવતા અને આધ્યાત્મિકતાની ઉદાત્ત અને ઉન્નત ઊંચાઈઓને આંબતી વ્યક્તિ તરીકે હું જોઉં છું અને જાણું છું. પ્રસ્તુત વિશ્વને આવી વધુ વ્યક્તિઓની જરૂર છે.

જ્યારે હું એમના વિષે વિચારું છું ત્યારે મને ગૌરાંગ મહાપ્રભુના જાણીતા શબ્દો યાદ આવી જાય છેઃ 'अमानिना मानदेन' જેનો અર્થ એ છે કે 'અન્ય તરફથી માનની અપેક્ષા નહીં રાખતાં હોવા છતાં અન્યને માન આપવાના અત્યંત આગ્રહી.' આપણાં શાસ્ત્રોમાં ભગવાન વિષ્ણુને આવા ઉદાત્ત સાત્ત્વિક ગુણથી શોભતા વર્ણવ્યા છે. તેઓ ભગવાનના પરમ ભક્ત છે, એક મહાન સંત છે, એક આદર્શ પુરુષ છે અને સુજનતા અને ધર્મની પ્રતિમૂર્તિ છે, બધું એકી સાથે છે.

તેમનું તેજસ્વી વ્યક્તિત્વ અને ઝળહળતું આધ્યાત્મિક જીવન, ભારતમાં અને વિશ્વમાં માનવકલ્યાણ અને નૈતિક ઉત્થાનનું સાધન બની રહો.

(સન ૧૯૯૦માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ૭૦મા જન્મજયંતી પર્વે લખેલા લેખનું ભાષાંતર) ◆

# શતાબ્દી સ્મૃતિ


## ગુરુભક્તિની ગાથા ગાતી ચૂનાની ચક્કી

સન ૧૯૪૩-૪૪ના અરસાની વાત છે.

વડોદરાના અટલાદરા વિસ્તારમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ત્રણ શિખરનું ભવ્ય મંદિર રચાવી રહ્યા હતા. આ મંદિર-નિર્માણની સેવામાં તેમણે ૨૨ વર્ષના નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ને પણ જોડ્યા હતા. તે સમયે સિમેન્ટને બદલે બાંધકામમાં ચૂનાનું ચલણ હતું. શાસ્ત્રીજી મહારાજના વચને આ નવયુવાન સંત પણ આ ચૂનો કાલવવાની સેવામાં જોડાયેલા. જિંદગીમાં ક્યારેય ન કર્યું હોય એવું એ કપરું કામ તેમણે ગુરુવચને ઝીલી લીધું. ચૂનો કાલવવા માટે ગોળાકારમાં કરેલી ખાળમાં ચૂનો પાથર્યો હોય. તેના પર પથરાનું મોટું ચક્ર ફરે. એ ફેરવવા માટે બે બળદ એ ચક્ર લઈને ગોળ-ગોળ ઘૂમે. તેનાથી ચૂનામાં રેતી અને પાણીનું મિશ્રણ થતું જાય. પાછળ પાવડો ઝાલીને પ્રમુખસ્વામી મહારાજ દોડે. આ રીતે ૧૦૮ આંટા પૂરા થાય એટલે ચૂનો પાકી જાય. પછી એ કડિયાને આપવાનો.

ચૂનાની ચક્કીની આવી સેવા સ્વામીશ્રી કરતા ત્યારે ઉપરથી ધગધગતો તાપ વરસતો અને નીચેથી આ ચૂનાની ગરમી છૂટતી. વળી, બાંધકામનો વેગ ખૂબ હોવાથી ચૂનાના માલની માંગ પુષ્કળ પ્રમાણમાં રહેતી. એટલે દિવસમાં ત્રણ ત્રણ વાર ચક્કી કાઢવાની થતી. એક, સવારે વહેલા કાઢવાની. પછી બપોરે બાર વાગે અને સાંજે ચાર વાગે. વળી, બાંધકામ સંભાળતા દેવપ્રસાદદાસ સ્વામીની પ્રકૃતિ એવી કે અચાનક ચૂનો માંગે. પણ સામે સ્વામીશ્રીની ખબરદારી એવી કે તેઓએ ચૂનો માંગ્યો નથી કે સ્વામીશ્રીએ આપ્યો નથી! પરંતુ આવી સેવાને કારણે તેઓને ચૂનાની ગરમી લાગી ગઈ અને સમગ્ર શરીર પર લાલઘૂમ ચાઠાં ઊપસી આવ્યાં. મુખ પણ તેની વેદનાભરી અસરથી બાકાત ન રહ્યું. છતાંય *'તન કરી નાંખે રે, ગુરુવચને ચૂરેચૂરા.....'*ની જેમ સ્વામીશ્રી તો સેવામાં મંડ્યા જ રહેલા. એ અરસામાં શાસ્ત્રીજી મહારાજ ઝાડેશ્વર ગામમાં હતા. તેઓને ન્યુમોનિયાની બીમારી લાગુ પડેલી. તે વખતે તેઓએ અટલાદરા ખબર મોકલાવ્યા કે 'નારણદા' અહીં આવી જાય તો સારું.'

સ્વામીશ્રી અલ્પ સમયમાં જ શાસ્ત્રીજી મહારાજના મુખનું પાન બની ગયેલા. તેમાંય જ્યારે તેઓના શરીરમાં રોગાદિક



**સ્વામીશ્રીની નાસિકા પર વર્ષો સુધી રહેલી ગુરુભક્તિની સાક્ષી પૂરતી લાલાશની એક સ્મૃતિછબિ...**



યુવાન વયે પ્રમુખસ્વામી મહારાજ ગુરુ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી અટલાદરા, સારંગપુર વગેરે સ્થળોએ મંદિરોના નિર્માણમાં ચૂનાની ચક્કી કેવી રીતે ચલાવતા હતા તેનું સારંગપુરમાં દર્શન કરાવતા સ્વામીશ્રી. સાથે દેવપ્રસાદદાસ સ્વામી.

આવે ત્યારે નારણદા' પાસેથી 'ભક્તચિંતામણિ' સાંભળે ત્યારે જ તેઓને શાતા વળતી. તેથી તેઓ માંદગીના પ્રસંગે હંમેશાં સ્વામીશ્રીને બોલાવતા અને તેઓ પાસેથી કથા સાંભળતા.

સ્વામીશ્રીને તો આ સમાચાર મળતાં જ સરિતા સાગરને ભેટવા દોડે તેમ શાસ્ત્રીજી મહારાજ પાસે જઈ પહોંચ્યા. તે વખતે શાસ્ત્રીજી મહારાજ મંદિરમાં ઠાકોરજી આગળ ખાટલો ઢાળીને પોઢેલા. સ્વામીશ્રીને જોતાં જ તેઓ પ્રસન્ન થઈ ગયા. તે વખતે જ તેઓની દૃષ્ટિ સ્વામીશ્રીના મુખારવિંદ પર પડેલા લાલ લાલ ચકામાઓ પર ગઈ. તેથી પૂછ્યુંઃ 'આ શું થઈ ગયું છે?' એમ કહેતાં સ્વામીશ્રીના ચહેરા અને શરીર પર શાસ્ત્રીજી મહારાજ હાથ ફેરવવા લાગ્યા અને બોલ્યાઃ 'હવે મટી જશે.' પછી પોતાની ઝોળીમાંથી એક ઔષધ કાઢી આપતાં સ્વામીશ્રીને કહ્યું : 'આ ખાજે.'

અહીં આશરે એક અઠવાડિયા સુધી રોકાવાનું થયું. તે દરમ્યાન શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી પાસે રોજ 'ભક્તચિંતામણિ' વંચાવે અને તેઓના મુખ પર હાથ ફેરવે, પ્રસન્નતા દર્શાવે. આમ, અઠવાડિયું પૂરું થતાં સુધીમાં તો સ્વામીશ્રીના શરીર પરનાં તમામ ચાઠાં દૂર થઈ ગયાં. ફક્ત તેઓની નાસિકા પર એક લાલ ડાઘ ઘણા લાંબા સમય સુધી રહેલો, જે સૌને સ્વામીશ્રીની ગુરુભક્તિનું સ્મરણ કરાવતો હતો.

આ પ્રસંગનું વર્ણન કરતાં તેઓએ લખ્યું હતુંઃ '...પોતે પોતાના મંદવાડનું નિમિત્ત ઊભું કરી, મને સેવામાં બોલાવી, મારો રોગ ને ડાઘ કાઢી નાંખ્યા. તેમ દયા કરી...'

આમ, ઝાડેશ્વરમાં સપ્તાહ સુધી લાભ લઈ વિદાય થતાં સ્વામીશ્રીને શાસ્ત્રીજી મહારાજે સ્નેહસભર સલાહ આપતાં કહ્યુંઃ 'હવે ચૂનાનું કામ તું ના કરીશ.' એટલું જ નહીં, મંદિરના બાંધકામની સેવા સંભાળતા દેવપ્રસાદદાસ સ્વામીને પણ શાસ્ત્રીજી મહારાજે લખી મોકલ્યું કે 'આને હવે બીજું કામ હોય તો બતાવજો.'

પ્રમુખસ્વામી મહારાજે ગુરુવચને જ્યાં સેવા કરી હતી એ ચૂનાની ચક્કી ઘણાં વર્ષો સુધી અટલાદરાના મંદિરમાં તેઓની ગુરુભક્તિના દસ્તાવેજ સમી બની રહી. ◆


# શતાબ્દી બોધકથા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## અને વાંદરો ખડખડાટ હસવા માંડ્યો...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. સિંહ અને વાંદરાની આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા અને બોધવાર્તાને આ વિભાગમાં માણતા રહીશું...

એક જંગલમાં સિંહ રહેતો હતો. તેને કંઈ ખાવાનું ન મળ્યું તેથી ભૂખ્યો થયો. પછી શિકારની શોધમાં ફરતાં ફરતાં એક ઝાડ પર દૂરથી વાંદરાને જોયો. સિંહે મનમાં વિચાર્યું કે આમ તો આ વાંદરાનો શિકાર થશે નહીં. તેથી તેણે મનમાં યુક્તિ ગોઠવી. પોતે મહાત્મા બની ગયો. જમીન પર ફૂંક મારીને ધીમે ધીમે પગલું મૂકે.



વાંદરાએ ઝાડ પર બેઠાં બેઠાં આ જોયું. તે વિચાર કરવા લાગ્યો કે 'આ સિંહ જેવું હિંસક પ્રાણી અને એ આ પ્રમાણે ફૂંક મારીને જમીન પર પગલાં ભરે!' તેને બહુ નવાઈ લાગી. અનેક પ્રકારના વિચારો તેના અંતઃકરણમાં ચાલવા લાગ્યા. તે આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં તો સિંહ તેની નજીક આવી ગયો. વાંદરાએ તેને પૂછ્યું કે 'તમે તો વનના રાજા કહેવાઓ અને તમે આ પ્રમાણે જમીન પર ફૂંક મારીને પગલાં ભરો છો તેનું કારણ શું છે?'

સિંહે જવાબ આપ્યો કે

'સાંભળો, હું જાત્રાએ ગયો હતો. ત્યાંનાં પવિત્ર સ્થાનોનાં દર્શન કર્યાં, ત્યાંનું વાતાવરણ જોયું, બધા લોકો કંઈક ને કંઈક નિયમ લેતા હતા. મેં પણ ત્યાં વિચાર કર્યો કે હું પણ કંઈક નિયમ લઉં. પછી એક મોટા મહાત્મા હતા તેની પાસે મેં વર્તમાન ધરાવ્યાં અને નિયમ લીધો કે કોઈ પણ પ્રાણીમાત્રની હિંસા ન કરવી. કીડી જેવા જીવની પણ હિંસા ન કરવી. તેથી કીડી-મકોડી ન મરી જાય તેટલા માટે હું આમ જમીન પર ફૂંક મારીને ચાલુ છું!'



આ સાંભળી વાંદરાએ વિચાર કર્યો કે 'આવા હિંસક પ્રાણીમાં પણ આ પ્રમાણે ફેરફાર થઈ ગયો ? તે જરૂર મહાત્મા બની ગયો છે ! હવે હું જો તેને પગે લાગું તો મારા જીવનું કલ્યાણ થાય.' આમ, તેને સિંહની વાતમાં વિશ્વાસ આવી ગયો.

પછી વાંદરો ઝાડ પરથી નીચે ઊતરી સિંહ પાસે આવ્યો. સિંહને તો ગમે તેમ કરીને વાંદરાને પકડવો હતો તેથી તેણે આ ઢોંગ ધારણ કર્યો હતો. વાંદરો પાસે આવ્યો અને વાંદરાની બોચી પકડી. વાંદરો સિંહની ચાલ સમજી ગયો. પણ વાંદરો બુદ્ધિશાળી હતો. આથી સિંહે તેને બોચીએથી પકડ્યો હતો તો પણ તે ખડખડાટ હસવા લાગ્યો.

આથી સિંહે વિચાર કર્યો: 'આને મરવાનો સમય આવ્યો છે છતાં પણ આ વાંદરો કેમ હસે છે ?'

તેથી સિંહે તેને પૂછ્યું કે 'તું શા માટે હસે છે ?' ત્યારે વાંદરાએ કહ્યું: 'તું મને છૂટો મૂકે તો હું મારા આનંદનું વર્ણન કરી શકું.'



સિંહે આ રહસ્ય જાણવા વાંદરાને છૂટો કર્યો. ત્યારે જેમ બંદૂકમાંથી ગોળી છૂટે તેમ છૂટતાંની સાથે જ વાંદરો છલાંગ મારીને ઝાડ પર ચડી ગયો અને રડવા લાગ્યો. તે જોઈ સિંહે રડવાનું કારણ પૂછ્યું ત્યારે વાંદરાએ વાત કરી: 'મહાત્મા કે ગુરુનો ઢોંગ કરીને તું મારા જેવા હજારો વિશ્વાસીનો ઘાણ કાઢી નાંખીશ એનું મને રડવું આવે છે.'

એમ કહીને પછી વાંદરો તો ચાલ્યો ગયો.

એમ જગતમાં ધર્મના નામે છેતરપીંડી કરનારા આવા કેટલાય મહાત્મા કે ગુરુ હોય છે. દુકાનોમાં બહારથી ઘણાં ડેકોરેશન કરેલાં હોય પણ અંદર જઈએ ત્યારે ખ્યાલ આવે કે શું ભાવ છે ને કેવો માલ મળે છે ! તેમાં સોનું લેવા જઈએ ને પછી તેને બદલે પિત્તળ લઈ આવીએ તો રડવાનું જ થાય. આપણાં શાસ્ત્રોએ આપણને દીવા જેવી ચોખ્ખી વાત બતાવી છે, સાચા સંત ઓળખાવ્યા છે. માટે સાચા સંતનાં લક્ષણો જોઈને તેમના શરણે જવું. ખોટા રસ્તા પર ભરમાવું નહીં. ◆

# ગુરુભક્તિઃ

# જીવનની સાર્થકતાનો રાજમાર્ગ

■ સાધુ આત્મતૃપ્તદાસ

ઉપનિષદના મહાન ગુરુભક્ત સત્યકામ જાબાલિથી લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તેમજ આધુનિક સમયના ભારતમાં ગુરુભક્તિની પ્રેરણા આપતાં અનેક મહાન ચરિત્રો ઇતિહાસનાં પૃષ્ઠો પર ઝળહળે છે. ગુરુભક્તિ ભારતીય અધ્યાત્મની રગેરગમાં ધબકે છે, પરંતુ શા માટે ગુરુભક્તિ? આધ્યાત્મિક સાધનામાં તેનું શું મહત્ત્વ છે? વગેરેની છણાવટ કરતો આ વિસ્તૃત લેખ આપણને ગુરુભક્તિની એક સાચી દિશા ચીંધે છે.



જન્મની સાથે મનુષ્યજીવન આરંભાય છે અને મૃત્યુ સાથે જીવનની યાત્રા પૂર્ણ થાય છે. સમગ્ર જીવનયાત્રાની સફળતા અથવા નિષ્ફળતાનું માપ જીવનના અંતે શું સાથે રહે છે તેના આધારે નક્કી થાય છે. જીવનમાં બધું જ કરી છૂટ્યા પછી પણ જો 'સાર્થકતા'નો અનુભવ ન પામી શકાય તો જીવન દરમિયાન ગમે તેટલી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હોય તો પણ તે નિરર્થક છે. આ 'સાર્થકતા' સુધી પહોંચવા માટે જ છે બ્રહ્મવિદ્યા અને એ માટે જીવનમાં જોઈએ એક એવા સાચા ગુરુ, જે આપણી આંગળી પકડીને આપણને પરમપદ સુધી લઈ જાય.

'अध्यात्मविद्या विद्यानाम्'[૧] કહીને શ્રીકૃષ્ણ ભગવાને અધ્યાત્મજ્ઞાનને પરમાત્માની વિભૂતિ તરીકે સકલ વિદ્યાઓમાં સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે.'[૨] કારણ કે આ વિદ્યા જીવનને સાર્થક બનાવે છે. આ શ્રેષ્ઠ વિદ્યાની પ્રાપ્તિ માટે મંદિરો અને તીર્થસ્થાનો પાઠશાળાની ભૂમિકા ભજવે છે. શાસ્ત્રો પાઠ્યપુસ્તકોની ગરજ સારે છે. ગુરુ શિક્ષકનું દાયિત્વ નિભાવે છે.

---

૧. श्रीमद्भगवद्गीता - ૧૦/૩૨.

૨. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો- ૨/૩૮.



લૌકિક વિદ્યામાં શાળા અને ગ્રંથાલય ગમે તેટલાં સારાં હોવા છતાં શિક્ષકનું મહત્ત્વ સૌથી વિશેષ છે, તેમ અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિનાં સાધનોમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ કક્ષાએ છે.

શ્રીમદ્ ભાગવતમાં તીર્થ અને પ્રતિમા કરતાં પણ ગુરુનું સ્થાન અધિક દર્શાવાયું છે.[૩] ભગવાન સ્વામિનારાયણે શાસ્ત્રની પણ મર્યાદા દર્શાવીને ગુરુ થકી જ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન[૪] અને એકાંતિક ધર્મની સિદ્ધિ[૫] થાય એમ સમજાવ્યું છે. ગુરુની અનિવાર્યતાનો આ સિદ્ધાંત સનાતન ધર્મનાં શાસ્ત્રોમાં સર્વે સાધનાના નિષ્કર્ષરૂપે રજૂ થયો છે.

મુંડક ઉપનિષદમાં બ્રહ્મવિદ્યાની વ્યાખ્યા કરીને તેની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય દર્શાવતાં કહેવાયું છે, 'तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्'[૬]. અર્થાત્ 'તે બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે ગુરુ પાસે જ જવું.' અહીં 'एव'ના પ્રયોગ દ્વારા બ્રહ્મવિદ્યા માટે ગુરુ પાસે જવું જ પડે અને ગુરુ પાસે જ જવું પડે એવા બે અર્થો ઉપનિષદમાં સમાયેલા છે.[૭]

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં જનકરાજા અને નવ યોગેશ્વરના સંવાદમાં 'ભાગવતધર્મ' શબ્દથી અધ્યાત્મવિદ્યા દર્શાવવામાં આવી છે. ત્યાં પણ આ ધર્મની પ્રાપ્તિ માટે, ઉત્તમ કલ્યાણને પામવા માટે ગુરુની શરણાગતિ બતાવતાં કહેવાયું છે, 'तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम्।'[૮] અર્થાત્ 'ઉત્તમ શ્રેયને જાણવા ઇચ્છતો હોય તેણે ગુરુને શરણે જવું.'

ગુરુ પરમાત્મા સુધી પહોંચાડનાર સેતુ છે. આથી જ સ્વયં ભગવાન પણ, પોતાની પ્રત્યક્ષ ઉપસ્થિતિ હોય તો પણ ગુરુને સેવવાનો જ ઉપદેશ આપે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને જ્ઞાની અને તત્ત્વદર્શી ગુરુને સેવવાનું કહે છે.[૯] એ જ રીતે શ્રીમદ્ ભાગવતમાં તૃતીય સ્કંધમાં કપિલદેવ ભગવાન પોતાની માતાને સંત સાથે આત્મબુદ્ધિ કરવાનો ઉપદેશ આપે છે,[૧૦] તો પંચમ સ્કંધમાં ઋષભદેવ ભગવાન પોતાના પુત્રોને મહાન ગુરુની સેવા કરી મોક્ષ પામવાનો ઉપદેશ કરે છે.[૧૧] પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં પોતાની સમક્ષ બેઠેલા સંતો-ભક્તોને પરમાત્માની ભક્તિ પામવા સંતની સેવા અને પ્રસંગ કરવા કહે છે.[૧૨]

## ગુરુની અનિવાર્યતા શા માટે?

સામાન્ય રીતે ગુરુ શબ્દને માર્ગદર્શકના અર્થમાં સમજવામાં આવે છે. શું કરવું? કેવી રીતે કરવું? શા માટે કરવું? વગેરે ઉપદેશવચનો ગુરુ કહે અને શિષ્યને સાધનાના માર્ગની સ્પષ્ટતા થાય એટલી જ ગુરુની ભૂમિકા છે, એમ કેટલાક માને છે. આને લીધે અમુકવાર એવી સમજણ પણ પ્રવર્તે છે કે શાસ્ત્રોમાંથી, ગ્રંથોમાંથી કે પૂર્વે થયેલા અથવા વર્તમાનકાળમાં વિદ્યમાન વિદ્વાનોનાં પ્રવચનોમાંથી સારી વાતો સાંભળવાથી માર્ગદર્શન મળે છે, શુભ પ્રેરણાઓ પણ મળે જ છે, આથી ગુરુનું શરણું સ્વીકારવાની જરૂર નથી. ગુરુમાં બંધાવાને બદલે મુક્ત આધ્યાત્મિક સાધનાને અનુસરવું વધારે સારું છે, એવી પણ માન્યતા જોવા મળે છે. આ માન્યતામાં ખોટા ગુરુમાં ફસાઈ જવાનો ભય પણ સમાયેલો હોય છે. આ દૃષ્ટિથી ગુરુમુક્ત જીવન જીવવા તરફ ઘણા પ્રેરાય છે. આનાથી અયોગ્ય ગુરુના સંગથી રક્ષા થાય છે એ વાત સાચી, પરંતુ સાચા ગુરુને પામીને જીવન સાર્થક બનાવવાનું લક્ષ્ય તો બાકી જ રહે છે. જે રીતે નકલી ગુરુ પ્રત્યેની અંધશ્રદ્ધા નુકસાન કરે છે એ જ રીતે સાચા ગુરુ પ્રત્યેની અશ્રદ્ધા પણ પૂર્ણતાથી વંચિત રાખે છે. કારણ કે ગુરુનું સ્થાન સાધકના જીવનમાં માર્ગદર્શકથી ઘણું વિશેષ છે. જે બીજા કોઈ ન નિભાવી શકે એવી ભૂમિકા ગુરુ શિષ્યના

---

૩. न ह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः।
तेपुनन्त्युरुकालेन दर्शनादेव साधवः॥ (श्रीमद्भागवतपुराणम् – १०/८४/११).

૪. ''આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩).

૫. ''આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦).

૬. मुण्डकोपनिषद् – १/२/१२.

૭. एवकारश्च नैकार्थज्ञापकः। प्रथमं ब्रह्मविद्याप्राप्त्यर्थं गुरूपसत्तौ नियमविधिं ज्ञापायति ब्रह्मविद्याभीप्सा चेद् गुरुरवश्यमाश्रयणीय इति। अन्ययोगव्यवच्छेदार्थस्वीकारे ब्रह्मविद्यार्थं गुरुरेवाश्रयणीयो नाऽन्यः कोऽपीति। (मुण्डकोपनिषत्स्वामिनारायणभाष्यम् – १/२/१२).

૮. श्रीमद्भागवतपुराणम् – ११/३/२१.

૯. तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः॥ (श्रीमद्भगवद्गीता – ४/३४).

૧૦. श्रीमद्भागवतपुराणम् – ३/२५/२०.

૧૧. महत्सेवां द्वारामाहुर्विमुक्तेस्तमोद्वारं योषितां सङ्गिसङ्गम्।
महान्तस्ते समचित्ताः प्रशान्ता विमन्यवः सुहृदः साधवो ये॥ (श्रीमद्भागवतपुराणम् – ५/५/२).

૧૨. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૫.

જીવનમાં નિભાવે છે.

### ગુરુઃ શાસ્ત્રના મર્મ ખોલનાર અને શ્રદ્ધા પ્રગટાવનાર

શાસ્ત્રકથિત સિદ્ધાંતને ઉકેલવા માટે અનુભવી પુરુષનો આધાર જરૂરી છે. કેવળ શબ્દકોશ કે વ્યાકરણનો આધાર લઈ શાસ્ત્ર સમજી શકાતાં નથી. એમાં પણ પરસ્પર વિરોધાભાસની ગૂંચ આવે, ત્યારે ગુરુ જ તેને ખોલીને મૂંઝવણ ટાળી નાખે છે. 'વચનામૃત' શાસ્ત્રમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપ વિશે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ વડતાલમાં સ્પષ્ટતા કરી આપી, ત્યારે આ ઉપદેશનું લેખન કરનાર શુકાનંદ સ્વામી પણ સાશ્ચર્ય આનંદ અનુભવતાં કહેવા લાગ્યા હતા, 'આ વચનામૃત મહારાજે મને ઉદ્દેશીને કહ્યું છે, પરંતુ તે યથાર્થ તો આજે જ મને સમજાયું.'[૧૩]

શાસ્ત્રમાં પ્રતિપાદિત પારલૌકિક સત્યમાં શ્રદ્ધા પણ પ્રગટ ગુરુનાં દર્શનથી જ આવે છે. ગુરુની ઉપસ્થિતિ અંતરમાં આધ્યાત્મિક ચેતના પ્રગટાવે છે. વિશ્વવિખ્યાત મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ IIM અમદાવાદ, ઉદયપુર અને શિલોંગમાં અધ્યાપનની સેવા નિભાવતા પ્રો. ગોકુલ કામથને દક્ષિણ ભારતમાં બેંગ્લોર પાસેના એક આશ્રમમાં બિરાજતા પૂજ્ય શ્રી વિરાજેશ્વર સ્વામીના સત્સંગમાં શ્રદ્ધા જાગી હતી. તેમને ગુરુ તરીકે સ્વીકારી તેઓ જીવનમાં પ્રગતિ પામ્યા હતા. પરંતુ સન ૨૦૧૪માં ગુરુની ચિરવિદાય બાદ તેઓ આધ્યાત્મિક ખાલીપો અનુભવતા હતા. અનેક સ્થાનોમાં આ ખાલીપો ભરવા માટેના પ્રયત્નો બાદ સન ૨૦૧૮માં એક વિદ્યાર્થી દ્વારા તેમને ગોધરામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં દર્શન કરવાનો યોગ સાંપડ્યો. આ પ્રસંગની અનુભૂતિ વર્ણવતાં તેઓ કહે છે, ''I was really worried about my progress on the spiritual path. My guru left his body in 2014. The influence of maya and absence of my guru meant that I was slowly losing grip on spirituality. I was in fear that I might waste my life. After my guru's death I visited many respected sages before meeting with Mahant Swami Maharaj. They all are respecteds, but I didn't find the spark of God-realization in them. And I was feeling completely lost even while going for darshan of Mahant Swami Maharaj. I didn't have much hope. But, when Swamiji's car entered the premise my eyesight met his. For that fraction of time, I saw the clear, direct and compassionate answer in his eyes. 'You are looking for an answer. Here, I am' and that was an electrifying thing. In that glance I felt an ocean of compassion. Regardless of what you are or your background, I found my answer in his eyes; 'My blessings are with you, just don't worry.'

In pooja darshan, Swamiji was completely immersed in God. For forty-five minutes tears were coming from my eyes continuously. My previous births' sins which were bothering me... obstacles in my spiritual progress, I felt cleansing was happening. After that moment my spiritual journey started moving. He is at the level of God. God who walks through him.''[૧૪] અર્થાત્ ''આધ્યાત્મિક માર્ગમાં મારી પ્રગતિ માટે હું ખરેખર ચિંતિત હતો. મારા ગુરુએ ૨૦૧૪માં દેહત્યાગ કર્યો હતો. માયાના પ્રભાવ અને મારા ગુરુની વિદાયને લીધે હું ધીરે ધીરે આધ્યાત્મિકતા ગુમાવી રહ્યો હતો. મને એ ભય હતો કે મારું જીવન વેડફાઈ જશે. મારા ગુરુના નિર્વાણ પછી મહંત સ્વામી મહારાજને મળતાં પહેલાં હું ઘણા આદરણીય સંતોને મળ્યો હતો. તે બધા જ આદરણીય હતા, પરંતુ મને એમનામાં ભગવાનની અનુભૂતિનો પ્રકાશ દેખાયો નહોતો. જ્યારે હું મહંત સ્વામી મહારાજનાં દર્શન માટે જઈ રહ્યો હતો, ત્યારે પૂરેપૂરો અસમંજસમાં ડૂબેલો હતો. મને અહીં પણ વિશેષ આશા નહોતી. પરંતુ, જ્યારે સ્વામીજીની કાર પરિસરમાં પ્રવેશી, ત્યારે મારી આંખો તેમની સાથે મળી ગઈ. ક્ષણભરમાં મેં એમની આંખોમાં સ્પષ્ટ, સરળ અને કરુણાસભર પ્રત્યુત્તર જોયો, 'તું જે જવાબ શોધે છે એ અહીં મારી પાસે છે.' એ એક ઊર્જાપ્રેરક અનુભૂતિ હતી. એ દૃષ્ટિમાં મને કરુણાનો મહાસાગર અનુભવાયો. હું ગમે તે હોઉં, મારી પૃષ્ઠભૂ ગમે તે હોય, તેનાથી નિરપેક્ષ એવો ઉત્તર મને એમની આંખોમાં દેખાયો, 'મારા આશીર્વાદ તારી સાથે છે. તું બિલકુલ ચિંતા કરીશ નહીં.'

પૂજા દરમ્યાન સ્વામીજી સંપૂર્ણપણે ભગવાનમાં નિમગ્ન

૧૩. હર્ષદરાય ત્રિભુવનદાસ દવે, 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જીવન ચરિત્ર ભાગ-૧', સ્વામિનારાયણ અક્ષરપીઠ, અગિયારમી આવૃત્તિ-જાન્યુઆરી ૨૦૧૮, પૃ. ૩૭૫.

૧૪. મહંતસ્વામી મહારાજના વિચરણનો અહેવાલ - ૧૭-૯-૨૦૨૦.

બની ગયા હતા. પરંતુ હકીકતમાં તો ભગવાનના અસ્તિત્વથી એમનું અસ્તિત્વ જુદું હતું જ નહીં. બન્ને જુદા હતા જ નહીં. સતત ૪૫ મિનીટ સુધી મારી આંખોમાંથી આંસુ વહેતાં રહ્યાં. મારા પૂર્વજન્મનાં પાપનો બોજ જાણે નીકળી ગયો, મારી આધ્યાત્મિક પ્રગતિમાં વચ્ચે આવતાં આવરણો હટી ગયાં! મને લાગ્યું કે મારું શુદ્ધીકરણ થઈ રહ્યું છે. એ ક્ષણથી મારી આધ્યાત્મિક યાત્રા આગળ વધવા લાગી. તેઓ ભગવાનની કક્ષા પર વિરાજમાન છે. તેમના દ્વારા ભગવાન સ્વયં વિચરી રહ્યા છે.''

જ્યાં બુદ્ધિની તીક્ષ્ણતા અને શાસ્ત્રનું જ્ઞાન આધ્યાત્મિક પ્રગતિના માર્ગમાં ટૂંકા પડે છે, ત્યાં પ્રત્યક્ષ ગુરુનું સાન્નિધ્યમાત્ર શ્રદ્ધા પ્રગટાવે છે, તેનું આ ઉદાહરણ છે.

### ગુરુઃ પોતાના આચરણથી શાસ્ત્રના અર્થ સમજાવનાર

શાસ્ત્રોમાં દર્શાવેલ સિદ્ધાંતો જોઈને શ્રેષ્ઠ મૂલ્યોનું શબ્દચિત્ર તો મળે છે, પરંતુ આ સિદ્ધાંતનું આચરણમાં કેવું સ્વરૂપ હોઈ શકે એ સમજવા માટે ગુરુનું જીવન નમૂનારૂપ બને છે. વળી, આ ફક્ત પોથીની વાતો નથી પરંતુ મનુષ્યદેહે આ રીતે જીવી શકાય છે એવી શ્રદ્ધા પણ ગુરુના જીવનમાંથી જ પ્રાપ્ત થાય છે. ગુરુના જીવન સામે જોતાં શાસ્ત્રના અર્થો ઉદ્‌ઘાટિત થાય છે. ઉદાહરણરૂપે, વચનામૃતમાં ભગવાનને સર્વકર્તા માનવાનો ઉપદેશ ભારપૂર્વક આપવામાં આવ્યો છે.[૧૫] પરંતુ જ્યારે પ્રમુખસ્વામી મહારાજના જીવન સામે જોવામાં આવે ત્યારે ભગવાનનું કર્તાપણું માનવું એટલે શું એ સ્પષ્ટ થાય છે. સૌ કોઈનો એ અનુભવ છે કે જ્યારે સૃષ્ટિનો આશ્ચર્યજનક વૈભવ દેખાય કે કોઈ વ્યક્તિની અદ્‌ભુત પ્રતિભા નજરમાં આવે ત્યારે પ્રમુખસ્વામી મહારાજની વાણી અને વિચારોમાં - ભગવાનની જ આ સર્જનશક્તિ છે - એ મહિમા પ્રગટ થયો જ હોય. જ્યારે કોઈ કાર્ય સંપન્ન કરવાનું હોય ત્યારે પ્રાર્થનારૂપે ભગવાનના કર્તૃત્વ પ્રત્યેની એમની શ્રદ્ધાનું દર્શન થયું જ હોય. જ્યારે સફળતા કે સન્માન મળે ત્યારે, 'મેં કંઈ જ નથી કર્યું, બધું જ ભગવાન અને ગુરુના પ્રતાપથી થયું છે' - એવો રણકાર એમના અંતરમાંથી આવ્યો જ હોય. જ્યારે નિષ્ફળતા, દુઃખ કે અપમાનનો પ્રસંગ આવે ત્યારે, 'જે થાય છે તે ભગવાનની ઈચ્છાથી અને સારા માટે જ થાય છે' - એ પ્રતીતિ એમના પ્રતિભાવમાં વણાયેલી જ હોય. જ્યારે કોઈ વ્યક્તિ તરફથી એમને વેઠવાનું આવે ત્યારે પણ 'કોઈ કોઈનું સુધારતું કે બગાડતું નથી, દરેકમાં રહીને ભગવાન જ આપણી પરીક્ષા લે છે' એવી સમજણ એમના જીવનમાં જોવા મળી જ હોય. આ રીતે શાસ્ત્રમાં દર્શાવાયેલા ભગવાનના કર્તાપણાના સિદ્ધાંતને આચરણમાં ઉતારવો એટલે શું તેનું સમગ્ર ચિત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી જ મળે છે. આથી, શાસ્ત્ર યથાર્થ રીતે સમજવા માટે અને આચરણમાં મૂકવા માટે ગુરુનું જીવન જોવું જ પડે.



**''મારા પર થયેલી પ્રમુખસ્વામીજીની અસરનો સાર હું કઈ રીતે સમજાવું? એમણે મારું સંપૂર્ણ પરિવર્તન કર્યું છે. તેઓ મારા આધ્યાત્મિક આરોહણની પરાકાષ્ઠા છે. પ્રમુખસ્વામીજીએ મને પરમેશ્વરની લગોલગ એવી ભ્રમણકક્ષામાં મૂક્યો છે કે મારે હવે કશું જ કરવાનું રહેતું નથી.''**

**- ડૉ. અબ્દુલ કલામ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રી મોહન ભાગવતજી પ્રમુખસ્વામી મહારાજ વિષે પોતાની અનુભૂતિ વર્ણવતાં કહે છે, 'મેં શાસ્ત્રો વાચ્યાં નથી, પરંતુ જીવનનું શાસ્ત્ર પ્રમુખસ્વામી મહારાજરૂપે નજર સમક્ષ જોયું છે. પ્રમુખસ્વામી મહારાજને હું જ્યારે-જ્યારે મળ્યો છું, ત્યારે પ્રત્યક્ષ એ અનુભવ કર્યો છે.'[૧૬]

શાસ્ત્રના સિદ્ધાંતો ગુરુ દ્વારા જીવાતા હોવાથી ગુરુ એ જીવંત શાસ્ત્ર છે અને એટલે જ એ મુમુક્ષુ માટે કોઈ પણ ગ્રંથ કરતાં વિશેષ બની રહે છે. આથી જ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ પ્રમુખસ્વામી મહારાજને શિક્ષાપત્રીનું મૂર્તિમાન સ્વરૂપ કહેતા અને પૂજ્ય ડોંગરેજી મહારાજ યોગીજી મહારાજને 'ભાગવતસ્વરૂપ સંત'[૧૭] કહેતા. શાસ્ત્રનું અધ્યયન કરનાર કે ન કરનાર બંને માટે પ્રત્યક્ષ ગુરુનું જીવનમાં શું મહત્ત્વ છે એ વાત આના પરથી સમજાય છે.

૧૫. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૦, ગઢડા મધ્ય પ્રકરણ ૨૧.

૧૬. સ્વામિનારાયણ પ્રકાશ - નવેમ્બર ૨૦૧૬, પૃ.૩૬.

૧૭. સાધુ ઈશ્વરચરણદાસ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જીવન ચરિત્ર ભાગ-૪, સ્વામિનારાયણ અક્ષરપીઠ, ત્રીજી આવૃત્તિ - જૂન ૨૦૧૦, પૃ. ૨૬૧.

## ગુરુઃ જીવનનું રૂપાંતર કરનાર

જીવનને સાર્થક બનાવનાર મૂલ્યો વિશે માહિતી મેળવવી એ એક બાબત છે અને એ મૂલ્યોને આચરણમાં મૂકવાં એ બીજી બાબત છે. જીવનઉત્કર્ષના પંથે આગળ વધવા પ્રયત્ન કરનાર પ્રત્યેક સાધક કોઈ ન કોઈ સમયે એવો અનુભવ અવશ્ય કરે છે કે પોતે સમજેલા, વિચારેલા કે સ્વીકારેલા સિદ્ધાંતોને પણ જ્યારે જીવનમાં મૂકવાના આવે ત્યારે પોતાનું બળ ઓછું પડે છે. વ્યસનથી શું નુકસાન થાય છે એ વાત સારી રીતે જાણનાર અને એનાથી મુક્ત થવાની ઈચ્છા રાખનાર પણ ઘણીવાર વ્યસનથી છૂટી શકતા નથી. ગુસ્સો કરવાથી અંતે પસ્તાવાનો જ વારો આવે છે એ જાણ્યા પછી અને અનુભવ્યા પછી પણ ગુસ્સો છોડી શકાતો નથી એ ઘણા લોકોનો અનુભવ છે. આવા સ્થાને ગુરુ સાથેનો સંબંધ ચમત્કાર સર્જે છે. જે ઘણું જાણીને કે પ્રયત્ન કરીને ન થાય તે ગુરુની કૃપાદૃષ્ટિથી સહજમાં થઈ જાય છે. એક સાધનાશીલ સંત ઉપેન્દ્રાનંદ સ્વામીને જે કામ-દોષના સંકલ્પો હતા, તે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની એક દૃષ્ટિથી જ શમી ગયા.[૧૮] સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ સંસ્થાનના પ્રથમ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના અંતરમાં જે ગ્રંથિઓ રહી ગઈ હતી તે પણ ગુણાતીતાનંદ સ્વામીના અલ્પકાળના સત્સંગમાં સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ હતી.[૧૯]

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું સમગ્ર જીવન ઉચ્ચકક્ષાની જવાબદારીઓ વચ્ચે પણ આધ્યાત્મિક સાધનામય રહ્યું હતું. જીવનપર્યંત તેઓએ જ્યાંથી પણ સારું મળ્યું તે ગ્રહણ કરીને આચરણમાં અપનાવવાનો પ્રામાણિક પ્રયત્ન કર્યો હતો. સૌ કોઈને પ્રેરણા આપે એવું ઉન્નત જીવન જીવનાર આ મહાનુભાવને પણ એમના આંતરિક રૂપાંતરમાં ગુરુના પ્રતાપનો જ અનુભવ થયો. પ્રમુખસ્વામી મહારાજ સાથેની પોતાની આધ્યાત્મિક અનુભૂતિ વર્ણવતાં તેઓ લખે છે, 'How do I summarize Pramukh Swamiji's effect on me? He has indeed transformed me. He is the ultimate stage of the spiritual ascent in my life, which started with my father, was sustained by Dr. Brahma Prakash and Prof. Satish Dhawan; now, finally, Pramukh Swamiji has put me in a God–synchronous orbit. No manoeuvres are required any more, as I am placed in my final position in eternity.'[૨૦] અર્થાત્ ''મારા પર થયેલી પ્રમુખસ્વામીજીની અસરનો સાર હું કઈ રીતે સમજાવું? એમણે મારું સંપૂર્ણ પરિવર્તન કર્યું છે. તેઓ મારા આધ્યાત્મિક આરોહણની પરાકાષ્ઠા છે, જે આરોહણનો આરંભ મારા પિતાશ્રીએ કરાવ્યો, ડૉ. બ્રહ્મપ્રકાશ તથા પ્રોફેસર સતીશ ધવને જેનું પોષણ આપ્યું; અને આખરે હવે, પ્રમુખસ્વામીજીએ મને પરમેશ્વરની લગોલગ એવી ભ્રમણકક્ષામાં મૂક્યો છે કે મારે હવે કશું જ કરવાનું રહેતું નથી, કારણ કે હું અનંતતાના મારા અંતિમ મુકામે પહોંચી ચૂક્યો છું.''

આમ, ગુરુની ભૂમિકા ફક્ત માર્ગદર્શક તરીકેની નથી, પણ પરમ સત્યમાં શ્રદ્ધા પ્રગટાવી પોતાના આચરણથી પ્રેરણા આપી છેવટે પોતાની આધ્યાત્મિક શક્તિથી જ શિષ્યને શ્રેષ્ઠ કક્ષા પર પહોંચાડવાની છે. આવું ગુણાતીત ગુરુ વિના બીજું કોણ કરી શકે? અને આવા ગુરુનું ઋણ કોણ અદા કરી શકે?

## પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનાં ઉપદેશવચનોમાં ગુરુભક્તિનો ઉપદેશ:

ભગવાન સ્વામિનારાયણે મુમુક્ષુઓના શ્રેય માટે જે સર્વકાલીન ઉપદેશ વચનામૃતમાં આપ્યો છે, તેમાં કોઈ પણ આધ્યાત્મિક ઉપલબ્ધિને આત્મસાત્ કરવા માટે અવશ્યપણે ગુરુમાં જોડાવાનો માર્ગ ચીંધ્યો છે. વચનામૃતનો અભ્યાસ કરતાં એવું ચોક્કસ જણાય કે ગુરુના સેવન વિના આ માર્ગમાં કંઈ જ ના થઈ શકે. ક્યારેક 'પરમ એકાંતિક સાધુ'[૨૧] શબ્દથી, તો કોઈવાર 'સત્પુરુષ'[૨૨] શબ્દોથી, ક્યારેક 'મોટા સાધુ'[૨૩] શબ્દથી તો કોઈવાર 'ગુરુરૂપ હરિ'[૨૪] શબ્દથી અક્ષરબ્રહ્મ ગુરુ દર્શાવી તેઓએ પ્રત્યક્ષ ગુરુમાં જોડાણરૂપ ભક્તિને જ સકલ સાધનાની સિદ્ધિ માટે મુખ્ય ઉપાયરૂપે બતાવી છે.

વચનામૃતમાં અનેક સ્થાનોએ, ક્યારેક પ્રશ્નના ઉત્તરરૂપે તો ક્યારેક કૃપાવાક્યરૂપે, તેઓએ સંતનું સેવન કરવાનો જ

---

૧૮. હર્ષદરાય ત્રિભુવનદાસ દવે, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી જીવન ચરિત્ર ભાગ-૧, સ્વામિનારાયણ અક્ષરપીઠ, નવમી આવૃત્તિ - જુલાઈ ૨૦૧૪, પૃ. ૧૩૯.

૧૯. હર્ષદરાય ત્રિભુવનદાસ દવે, 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જીવન ચરિત્ર', સ્વામિનારાયણ અક્ષરપીઠ, અગિયારમી આવૃત્તિ - જાન્યુઆરી ૨૦૧૮, ભાગ-૧, પૃ. ૪૦૨; ભાગ-૨, પૃ. ૧૦૬.

૨૦. Dr. A.P.J. Abdul Kalam with Arun Tiwari, Transcendence, HarperCollins Publisher, 2015, Pg. 50.

૨૧. વચનામૃત વરતાલ પ્રકરણ ૩.

૨૨. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૧.

૨૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮.

૨૪. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨.

ઉપદેશ આપ્યો છે. નિર્વિકલ્પ સમાધિ જેવી શાંતિ પામવા માટે[૨૫], પૂર્વના મલિન સંસ્કારો અને પ્રારબ્ધના દુ:ખમાંથી મુક્ત થવા માટે[૨૬], અયોગ્ય સ્વભાવમાંથી મુક્ત થવા માટે[૨૭], ભગવાનમાં દૃઢ પ્રીતિ કે સ્નેહ વધારવા માટે[૨૮], એકાંતિક ધર્મની સિદ્ધિ માટે[૨૯], મોક્ષ માટે[૩૦], આત્મસત્તારૂપ સ્થિતિ પામવા માટે[૩૧], કૃતાર્થપણાના અનુભવ માટે[૩૨] કે આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે[૩૩] સંતની સેવા, સંતમાં પ્રીતિ, સંતની આજ્ઞાનું પાલન, સંતનો મહિમા કે સંતની પ્રસન્નતા બતાવ્યાં છે. એટલું જ નહીં પરંતુ અક્ષરબ્રહ્મ ગુરુ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય[૩૪] છે, ગુરુની ભગવાનની જેમ ભગવાન સાથે થાળ માનસી વગેરે 'સરખી સેવા'[૩૫] કરવી, ગુરુમાં ભગવાનની જેમ પ્રીતિ કરવી[૩૬], સંતનો ભગવાનની જેમ આશરો કરવો[૩૭], સંતનો ભગવાનની જેમ માહાત્મ્યે સહિત નિશ્ચય કરવો[૩૮], એમનાં દર્શનને ભગવાનનાં દર્શનતુલ્ય જાણવાં[૩૯] એમની સેવાથી ભગવાનની સેવા કરવાનું ફળ મળે અને એમના દ્રોહથી ભગવાનનો દ્રોહ કર્યાનું પાપ લાગે[૪૦] વગેરે વચનો દ્વારા સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુરુની ભક્તિનો ઉપદેશ આપ્યો છે.



**પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિ આવનારી અનેક પેઢીઓ માટે મશાલ બની રહેશે. તેઓને પોતાના ગુરુના સ્મરણમાત્રથી કોઈ અનેરા ભાવપ્રદેશમાં વિહરવા લાગતા સૌએ અનેકવાર અનુભવ્યા છે. આવા સમયે ગુરુ પ્રત્યેની તેમની અલૌકિક પ્રીતિમાં ગુરુભક્તિના અવનવા રંગોનું દર્શન થતું રહે છે.**

## ગુરુભક્તિથી પરમાત્માની ગૌણતા થાય?

આધ્યાત્મિક માર્ગે ચાલેલા પ્રત્યેક સાધકનું અંતિમ લક્ષ્ય પરમાત્માના પરમ સુખની અનુભૂતિ છે. આથી પરમ ઉપાસ્ય સ્વરૂપ પરમાત્મા સ્વયં છે. એમની જ ઉપાસના અને પરાભક્તિ કરવાની છે. જ્યારે એ સ્વયં પરમાત્માની આજ્ઞા અનુસાર, એમની યથાર્થ ઉપાસના કરવા માટે ગુરુના શરણે જઈએ, ગુરુનો મહિમા સમજીને 'ગુરુભક્તિ' કરવામાં આવે, ત્યારે ભગવાન વિના અન્યની ભક્તિ થવાથી ભગવાનની અનન્ય ભક્તિમાં બાધ આવે કે કેમ? આનાથી પરમાત્માની ગૌણતા થાય? એનાથી પરબ્રહ્મના સ્વરૂપનો દ્રોહ થયો કહેવાય? આવો પ્રશ્ન ઉપસ્થિત થવાની સંભાવના રહે છે, પરંતુ જ્યારે ખરા અર્થમાં ખરા ગુરુની ભક્તિ કરવામાં આવે છે ત્યારે જેમ-જેમ ગુરુની ભક્તિ કરે તેમ-તેમ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ અને મહિમા વૃદ્ધિ પામે છે; અને છેવટે ગુરુમાં જ એમને પરમાત્માના પ્રત્યક્ષપણાનો અનુભવ થાય છે.

સાચા ગુરુની વિશેષતા એ છે કે એમનામાં ભગવાન જેવાં ઐશ્વર્ય હોવા છતાં, ભગવાનના જ વચનને અનુસરીને એમના શિષ્યો એમનામાં ભગવાન જેવો ભાવ રાખતા હોવા છતાં તેઓ હંમેશાં ભગવાનના દાસ બનીને જ રહે છે. ગુણાતીત ગુરુપરંપરામાં સૌ કોઈએ પ્રત્યક્ષ અનુભવ્યું છે કે તેઓ ક્ષણમાત્ર પણ ભગવાન પ્રત્યેની પોતાની દાસત્વભક્તિથી વિચલિત થતા જ નથી. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજમાં સૌને અપાર સામર્થ્યનાં દર્શન થતાં. જેમ ભગવાન સ્વામિનારાયણના સંબંધે હજારોને સમાધિ થતી, તેમ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી પણ સમાધિઓ થતી. હજારો ભક્તો એમને ભગવાનનું સ્વરૂપ માનીને તેમને આદર આપતા, પરંતુ શાસ્ત્રીજી મહારાજ તો હંમેશાં પોતાને અક્ષરપુરુષોત્તમના 'બળદિયા'[૪૧] કહેવામાં

---

૨૫. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૧.
૨૬. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮, ગઢડા મધ્ય પ્રકરણ ૪૫.
૨૭. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૭.
૨૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪, ગઢડા મધ્ય પ્રકરણ ૨૯, ગઢડા અંત્ય પ્રકરણ ૫.
૨૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦.
૩૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪, ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮, વરતાલ પ્રકરણ ૪.
૩૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૧.
૩૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૯.
૩૩. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૧.
૩૪. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૬.
૩૫. વચનામૃત વરતાલ પ્રકરણ ૫.
૩૬. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૯.
૩૭. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૦.
૩૮. વચનામૃત લોયા પ્રકરણ ૩.
૩૯. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦, ગઢડા પ્રથમ પ્રકરણ ૩૭.
૪૦. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૫.

---

૪૧. હર્ષદરાય ત્રિભુવનદાસ દવે, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી જીવન ચરિત્ર ભાગ-૨, સ્વામિનારાયણ અક્ષરપીઠ, નવમી આવૃત્તિ - જુલાઈ ૨૦૧૪, પૃ. ૧૧૩.

અને સમજવામાં જ ગૌરવનો અનુભવ કરતા. કોઈ પ્રેમી ભક્ત મહિમાથી એમનાં ચરણારવિંદની છાપ માગતા ત્યારે ‘મારા પગ કાપીને લઈ જાઓ’[૪૨] એમ ઉપેક્ષા કરી ભગવાન સ્વામિનારાયણનાં જ ચરણારવિંદને પૂજવાનું કહેતા.

આવા સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ ગુરુનો મહિમા સમજનારને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા વિશેષ સમજાય છે. જેમના દાસ આવા સમર્થ છે તો એમના સ્વામી કેવા સમર્થ હશે, એમ એમની પરમેશ્વર પ્રત્યેની જ ઉપાસના વધુ દૃઢ થાય છે.

આથી જ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત ‘અક્ષર-પુરુષોત્તમ દર્શન’માં સર્વના કારણ, આધાર અને પ્રેરક એવા અક્ષરબ્રહ્મ ગુરુહરિનો મહિમા સમજી તે સાથે એકતા કરીને તે અક્ષરબ્રહ્મના પણ કારણ, આધાર અને પ્રેરક એવા પરબ્રહ્મની સ્વામી-સેવકભાવથી ઉપાસના કરવામાં આવે છે.[૪૩]

તા. ૨૬-૧૦-૨૦૧૭ના દિવસે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગાંધીનગરમાં આશીર્વચનોમાં કહેલું, ‘સાચા ગુરુઓ શિષ્યને પોતામાં જોડતા જ નથી. પોતાનામાં જોડે તે સંત જ ન કહેવાય. સંત ભગવાનમાં જ જોડે. એ દાસભાવે વર્તે. તેઓ ભગવાનમાં અધિક ને અધિક જોડાણ થાય એવો પ્રયત્ન કરે. શ્રીજીમહારાજને પ્રાપ્ત કરવા હોય, ભક્તિ કરવી હોય તો સંતમાં જોડાવું. નિઃશંકપણે સત્પુરુષમાં જોડાવું.’[૪૪]

## ગુરુભક્તિનું સ્વરૂપ :

ગુરુભક્તિ એ શિષ્યનું ગુરુ સાથેનું જોડાણ છે. ગુરુ સાથેનું આ જોડાણ જ શિષ્ય માટે આધ્યાત્મિક માર્ગની જીવાદોરી છે. આ જોડાણ શિષ્યને તારી દે છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં પરબ્રહ્મનો અખંડ સાક્ષાત્કાર પામેલા સંતનો મહિમા કહીને કહ્યું છે કે, “જેને આવી સમજણ તો આવી શકે નહીં, અને જો તે સંતના સમાગમમાં પડ્યો રહે અને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે અને સંતનો સમાગમ મૂકી શકે નહીં; જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહીં, તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંતસમાગમમાં પડ્યો રહે છે, તેને પણ થાય છે.”[૪૫]

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે ગરુડની પાંખમાં મચ્છર બેસી જાય તો તે પણ ગરુડની ગતિને પામે છે. આ રીતે ગુરુ સાથેના જોડાણથી ગુરુ જેવી જ પ્રાપ્તિ થાય છે.[૪૬]

ગુરુ સાથેનું આ જોડાણ કેવા-કેવા સ્વરૂપમાં અભિવ્યક્ત થાય છે, તે સંકલિત સ્વરૂપમાં સમજવા પ્રયત્ન કરીએ.

## ગુરુ સાથે પ્રીતિ :

પ્રીતિ એ જીવપ્રાણીમાત્રમાં રહેલો સહજ સ્વભાવ છે. સ્વજનો પ્રત્યેની પ્રીતિ જીવનભર પરિવાર કે સ્નેહીઓ સાથે જોડી રાખે છે. આનાથી જીવનમાં એક પ્રકારની હૂંફનો અનુભવ થાય છે. જો કે વધુ પડતો સ્નેહ બંધન અને જન્મમરણનું કારણ બને છે, જે શ્રીમદ્ ભાગવતમાં ભરતજીને મૃગશિશુમાં થયેલા સ્નેહના આખ્યાનથી સમજાવવામાં આવ્યું છે.[૪૭] પરંતુ આ સ્નેહ જ્યારે ગુરુ સાથે થાય છે, ત્યારે તે જીવનને કૃતાર્થતાથી ભરી દે છે.[૪૮]

ગુરુ પ્રત્યેના પ્રેમને લીધે ગુરુનાં દર્શન, એમની વાણી, એમનું સાંનિધ્ય ગમવા લાગે છે. ગુરુની સેવા અને ગુરુના મહિમાનું ગાન કરવાનો ઉમંગ રહ્યા કરે છે. ગુરુના સંબંધવાળા ભક્તો પ્રત્યે પણ આત્મીયતા પ્રગટે છે. પ્રીતિની આ સહજ પ્રક્રિયા પણ આધ્યાત્મિક માર્ગમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ગુણાતીત ગુરુપરંપરામાં પોતાના ગુરુ પ્રત્યેનો આવો અનન્ય પ્રેમ છલકાતો જોવા મળે છે. પોતાના પ્રિયતમનું સ્મરણ થતાં જ વ્યક્તિ ભાવવિભોર બની જાય, તેમ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને પોતાના ગુરુના સ્મરણમાત્રથી કોઈ અનેરા ભાવપ્રદેશમાં વિહરવા લાગતા સૌએ અનેકવાર અનુભવ્યા છે. આવા સમયે ગુરુ પ્રત્યેની તેમની અલૌકિક પ્રીતિમાં ગુરુભક્તિના અવનવા રંગોનું દર્શન થતું રહે છે.

## ગુરુની આજ્ઞા-રુચિનું પાલન :

ગુરુમાં જોડાણની સાચી રીત સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, ‘આજ્ઞામાં રહે છે અને તે છેટે છે તો પણ અમારા ઢોલિયાની પાસે છે અને આજ્ઞા નથી પાળતો તે પાસે છે તો પણ છેટો છે. ત્યાં દૃષ્ટાંત દીધું જે, પતંગ ઉડાડવાથી છેટો ગયો છે પણ દોરી હાથમાં છે તો સમીપમાં જ છે. તેમ

૪૨. યજ્ઞપુરુષ સ્મૃતિગ્રંથ, શ્રી અક્ષરપુરુષોત્તમ અર્થાત શ્રી સ્વામિનારાયણ સંસ્થા - બોચાસણ વતી બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસ શતાબ્દી સ્મારક ગ્રંથ સમિતિ, સંવત ૨૦૨૧ વસંતપંચમી, પૃ. ૧૬૦.

૪૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩.

૪૪. મહંત સ્વામી મહારાજ વિચરણ અહેવાલ, તા. ૨૬-૧૦-૨૦૧૭.

૪૫. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦.

૪૬. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૩૧.

૪૭. શ્રીમદ્ભાગવતપુરાણમ્ – ૫/૭,૮.

૪૮. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૯.

આજ્ઞારૂપી દોરી હાથમાં છે તો મહારાજની પાસે જ છે.'[૪૯]

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની સાધનામાં આ ગુરુભક્તિ એક-એક પ્રસંગમાં સ્ફુટ થતી જણાય છે. આથી જ એમના માટે એવું કહેવાતું કે, જેમ ગુણાતીતાનંદ સ્વામીની જીભ વળી, તેમ ભગતજીનો દેહ વળ્યો. અરે, ગુણાતીતાનંદ સ્વામીએ ન કહ્યું હોય તો પણ એમની રુચિ સમજીને ભગતજી મહારાજ તેને અનુસરતા. આ જોઈને સ્વામી બોલી ઊઠતા, 'તું મારો અંતર્યામી થયો છે.'[૫૦]

ગુરુમરજીમાં હોમાઈ જવાની આ ગુરુભક્તિ સામે બીજાં બધાં સાધનો વામણાં પડે છે. ગુણાતીતાનંદ સ્વામીએ એમનાં ઉપદેશવચનોમાં કહ્યું છે કે, સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે, નિર્ગુણ છે, વિઘ્નરહિત છે. અને ગમે તેટલી સાધના અને સેવા કરવા છતાં જો મનધાર્યું કરે તો તે કનિષ્ઠ છે, સગુણ છે, વિઘ્નયુક્ત છે.[૫૧]

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પણ ગુરુવચનનો મહિમા સમજાવતાં કહે છે;

*'મેલ મનતાણ ગ્રહી વચન ગુરુદેવનું,*
*સેવ તું રૂપ એ શુદ્ધ સાચું;*
*મનમત્ત થઈને તું કોટી સાધન કરે,*
*સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વ કાચું.'*[૫૨]

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ આવી ગુરુભક્તિનું ફળ સ્વાનુભવથી બતાવતાં કહેતા, ''શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે, પણ આપણા મનનું ધાર્યું કર્યું નથી તે સ્વામી અતિશય રાજી થયા છે ને અત્યારે દર્શન દે છે ને સુખ આવે છે.''[૫૩]

**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સ્વયં એવા આદર્શ ગુણાતીત ગુરુ હતા. અસંખ્ય લોકોએ એમને ગુરુ તરીકે સ્વીકારીને જીવનને સાર્થક બનાવ્યું છે. એમના આશ્રયે અસંખ્ય લોકોએ પરબ્રહ્મની સાક્ષાત્ અનુભૂતિ માણી છે. અને આમ છતાં, તેઓ એક આદર્શ ગુરુભક્ત પણ હતા, જેમણે પોતાના ગુરુને જ પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું હતું.**

## ગુરુમાં દિવ્યભાવ :

ગુરુભક્તિમાં ગુરુ પ્રત્યેનો અખંડ દિવ્યભાવ સૌથી વધારે મહત્ત્વનું પાસું છે. ગુરુના પ્રત્યેક ચરિત્રમાં દિવ્યતા જોવાની આવી દૃષ્ટિ મુમુક્ષુનું આંતરિક રૂપાંતર કરે છે.

ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં તેઓને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે, જેનાં દર્શનથી શાંતિ થાય એવા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં કઈ રીતે આવે? આ પ્રશ્નના ઉત્તરમાં સ્વામીએ જણાવ્યું છે કે ભેગા રહે અને કહે એમ કરે તો પણ સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવતા નથી. પરંતુ જો એમને નિર્દોષ સમજે, સર્વજ્ઞ જાણે અને એમની સાથેનો અંતરાય ટાળે તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે.[૫૪]

ગુરુને શું સમજીને એમને સેવવામાં આવે છે, એ કેટલું અગત્યનું છે તે આ વચનો પરથી સમજાય છે. અહીં ગુરુને નિર્દોષ સમજવાની વાત કરવામાં આવી છે. ગુરુમાં નિર્દોષબુદ્ધિ એટલે શું તે સમજાવતાં યોગીજી મહારાજે કહ્યું છે, ''જેવા મહારાજ અક્ષરધામમાં સાકાર વિરાજમાન છે તેવા ને તેવા જ મને પ્રગટ મળ્યા છે, તેમાં મનુષ્યભાવ- દેહભાવ નથી, એવી સમજણ તે નિર્દોષબુદ્ધિ.''[૫૫]

ગુરુમાં આવો દિવ્યભાવ જીવનું રૂપાંતર કરી દે છે. વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે પ્રશ્ન કર્યો છે કે જગતને નાશવંત જાણવા છતાં, દેહમાંથી ચૈતન્ય જુદો થઈ જાય છે તે જાણવા છતાં અને પરમેશ્વરને સર્વ સુખને સિંધુ જાણવા છતાં જીવમાં જગતનું પ્રધાનપણું મટતું નથી અને ભગવાનનું પ્રધાનણું થતું નથી, તેનું શું કારણ છે?

આ પ્રશ્નનો ઉત્તર સમજાવતાં તેઓ કહે છે, ''બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે, તેનું કારણ એ છે જે, જેવી એ જીવને પરોક્ષને વિશે પ્રતીતિ છે, તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી. તે શ્રુતિમાં કહ્યું છે જે, 'જેવી પરોક્ષ દેવને વિશે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.''[૫૬]

શ્વેતાશ્વતર ઉપનિષદમાં સમગ્ર ઉપદેશના અંતે સાધનાની સિદ્ધિનો ઉપાય બતાવતાં ઉપસંહાર કરવામાં આવ્યો છે –

---

૪૯. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૫/૧૫૧.
૫૦. હર્ષદરાય ત્રિભુવનદાસ દવે, બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત જીવન ચરિત્ર, સ્વામિનારાયણ અક્ષરપીઠ, બારમી આવૃત્તિ - એપ્રિલ ૨૦૧૯, પૃ. ૫૭.
૫૧. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૨/૫૭.
૫૨. કીર્તન મુક્તાવલી ભાગ-૧, સ્વામિનારાયણ અક્ષરપીઠ, વીસમી આવૃત્તિ - ફેબ્રુઆરી ૨૦૧૬, પૃ. ૬૪.
૫૩. સાધુ ઈશ્વરચરણદાસ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જીવન ચરિત્ર ભાગ-૩, સ્વામિનારાયણ અક્ષરપીઠ, ત્રીજી આવૃત્તિ - જૂન ૨૦૧૦, પૃ. ૨૧૬.
૫૪. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૩૪.
૫૫. સાધુ ઈશ્વરચરણદાસ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જીવન ચરિત્ર ભાગ-૬, સ્વામિનારાયણ અક્ષરપીઠ, ત્રીજી આવૃત્તિ - જૂન ૨૦૧૦, પૃ. ૪૪૪.
૫૬. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨.

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥[૫૭]

મનુષ્યરૂપે દેખાતા ગુરુ મનુષ્ય છે જ નહીં, એ ભગવાનનું જ પ્રત્યક્ષ સ્વરૂપ છે, આવી દૃષ્ટિ પ્રાપ્ત થાય, ત્યારે જ ગુરુભક્તિનું રહસ્ય સમજાય છે.

આથી જ સત્સંગદીક્ષા ગ્રંથમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે લખ્યું છે,

प्रीतिः कार्याऽऽत्मबुद्धिश्च ब्रह्माऽक्षरे गुरौ दृढा।
प्रत्यक्षभगवद्भावात् सेव्यो ध्येयः स भक्तितः ॥ १०८ ॥

"અક્ષરબ્રહ્મ ગુરુને વિષે દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ કરવી. તેમને વિષે પ્રત્યક્ષ ભગવાનનો ભાવ લાવીને ભક્તિએ કરીને તેમની સેવા તથા ધ્યાન કરવાં."[૫૮]

## ગુરુ સાથે એકાત્મભાવ :

પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન અનુસાર સ્વયં અક્ષરબ્રહ્મ જ ગુણાતીત ગુરુરૂપે પ્રત્યક્ષ રહે છે. આવા અક્ષરબ્રહ્મ ગુરુ સાથે એકાત્મભાવ કરવાથી જ બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત થાય છે. ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે, "જીવને દેહ અને ઇન્દ્રિયો ને વિષય તેનો સંગ ઘણો થયો છે; માટે સંગદોષે કરીને એ જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે. તે એના સંગને મૂકીને એ જીવ એમ સમજે જે, 'મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત અને પર એવું જે બ્રહ્મ તે છે.' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે."[૫૯]

આત્માની બ્રહ્મ સાથે એકતા કરવાની આ સાધનાને સ્પષ્ટ કરતાં યોગીજી મહારાજે કહ્યું છે, "પ્રગટ સત્પુરુષને પોતાનો આત્મા માનવો. સત્પુરુષમાં આપોપું કરવું. સબીજ આત્મા છે તે માનવો પણ નિર્બીજ જે આત્મા છે તેનું મનન કર્યે અક્ષરરૂપ નહીં થવાય. સત્સંગ થયો તે શું? સત્પુરુષમાં આત્મબુદ્ધિ. જેને સત્સંગ થયો છે તેને સહેજે સત્પુરુષ પોતાનો આત્મા મનાય છે."[૬૦]

ભગતજી મહારાજના જીવનમાં ગુરુભક્તિની આ સર્વોચ્ચ સ્થિતિનાં દર્શન થાય છે. એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજીને સભામાં બોલાવવા માટે બાલમુકુંદ સ્વામીને મોકલ્યા. ભગતજી મહારાજ એ વખતે ગાઢ નિદ્રામાં હોવાથી તેઓના જગાડવા છતાં જાગ્યા નહીં. જ્યારે બાલમુકુંદ સ્વામીએ આ સમાચાર ગુણાતીતાનંદ સ્વામીને આપ્યા ત્યારે સ્વામીએ તેઓને પૂછ્યું કે તમે શું કહીને એમને જગાડ્યા હતા? બાલમુકુંદ સ્વામીએ કહ્યું કે 'પ્રાગજી ભગત' એમ કહીને જગાડ્યા હતા. ત્યારે સ્વામીએ કહ્યું, "હવે એમ કહો કે 'ગુણાતીત! ઊઠો.'" ભગતજી પોતાનો ભાવ ભૂલીને ગુણાતીતાનંદ સ્વામીરૂપ બની ગયા હતા. આથી જ્યારે તેમને 'ગુણાતીત! ઊઠો' એમ કહેવામાં આવ્યું, ત્યારે તરત જ ઊભા થઈ ગયા.[૬૧]

અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુ સાથેની આવી એકાત્મતાથી જ્યારે બ્રહ્મભાવની સિદ્ધિ થાય છે, ત્યારે પરબ્રહ્મની પ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે.[૬૨] આવી સ્થિતિને જ આત્યંતિક મુક્તિ માનવામાં આવે છે.[૬૩]

વૈદિક સનાતન ધર્મનાં શાસ્ત્રોએ તથા તેની ધારામાં આધ્યાત્મિક ઊંચાઈને પામેલા મહાપુરુષોએ જીવનની સાર્થકતા માટે સાચા ગુરુનો સંગ અનિવાર્ય ગણાવ્યો છે. જેવું ગુરુનું સામર્થ્ય તેવી શિષ્યને પ્રાપ્તિ થાય છે. અક્ષરબ્રહ્મ ગુરુને જ્યારે પ્રીતિપૂર્વક, આજ્ઞા પાળીને, દિવ્યભાવ સાથે, મહિમા સમજીને સેવવામાં આવે છે, ત્યારે એમની સાથે એકાત્મપણું સિદ્ધ થાય છે અને પરબ્રહ્મની પરાભક્તિના અધિકારી બનાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સ્વયં એવા આદર્શ ગુણાતીત ગુરુ હતા. અસંખ્ય લોકોએ એમને ગુરુ તરીકે સ્વીકારીને જીવનને સાર્થક બનાવ્યું છે. એમના આશ્રયે અસંખ્ય લોકોએ પરબ્રહ્મની સાક્ષાત્ અનુભૂતિ માણી છે. અને આમ છતાં, તેઓ એક આદર્શ ગુરુભક્ત પણ હતા, જેમણે પોતાના ગુરુને જ પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું હતું.

વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ એવો જ આદર્શ પૂરો પાડી રહ્યા છે. તેઓના જીવનમાંથી આવી ગુરુભક્તિની પ્રેરણા પામી આપણે પણ સાર્થકતાનો અનુભવ કરીએ એ જ અભ્યર્થના. ◆

---

૫૭. श्वेताश्वतर् उपनिषद ६/२३.
૫૮. સત્સંગદીક્ષા-૧૦૮.
૫૯. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧.
૬૦. યોગીવાણી, સ્વામિનારાયણ અક્ષરપીઠ, બીજી આવૃત્તિ - જુલાઈ ૨૦૧૦, પૃ. ૨૬.
૬૧. હર્ષદરાય ત્રિભુવનદાસ દવે, બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત જીવન ચરિત્ર, સ્વામિનારાયણ અક્ષરપીઠ, બારમી આવૃત્તિ - એપ્રિલ ૨૦૧૯, પૃ. ૮૨.
૬૨. ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्॥ (श्रीमद्भगवद्गीता १८/५४).
૬૩. अक्षरब्रह्मसाधर्म्यं संप्राप्य दासभावतः।
पुरुषोत्तमभक्तिर्हि मुक्तिरात्यन्तिकी मता॥ (सत्संगदीक्षा-२९१).





# મોહે લાગી લટક ગુરુચરનન કી...

વૈદિક સમયથી ભારતીય સંસ્કૃતિમાં વહી આવતી ગુરુ-શિષ્ય પરંપરાનું એક આદર્શ ઉદાહરણ હતું – બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. ગુરુવચન એ જ પ્રમુખસ્વામી મહારાજના જીવનની ધડકન. ગુરુની મરજી એ જ એમની સાધનાનો ધબકાર.
સ્વયં લાખો લોકોના પ્રાણપ્યારા મહાન ગુરુદેવ હોવા છતાં જીવનભર એક આદર્શ ગુરુભક્ત તરીકે જીવન જીવનાર પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિની સ્મૃતિઓ અહીં પ્રસ્તુત છે...

■ સાધુ આદર્શજીવનદાસ

તા. ૮-૧૨-૮૬ના રોજ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ યુનિવર્સિટીના વિદ્વાન પ્રાધ્યાપક શ્રી બ્રાયન હચિન્સને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને પૂછેલું કે ‘આપની આધ્યાત્મિક પ્રગતિ કેવી રીતે થઈ?’

‘ગુરુની સેવા, દૃષ્ટિ અને આશીર્વાદ.’ સ્વામીશ્રીએ રહસ્ય ખોલેલું.

●

તા. ૧૨-૩-૮૬ના રોજ પ્રમુખસ્વામી મહારાજની મુલાકાતે આવેલા ‘ગુજરાત સમાચાર’ દૈનિકના પત્રકારે પણ પૂછેલું કે ‘સ્વામીજી! આપના જીવનમાં આનંદની અનુભૂતિ કઈ?’

‘ગુરુની સેવા મળી અને સાચા ગુરુ મળ્યા એ જ આનંદ.’ સ્વામીશ્રીએ જણાવેલું.

●

તા. ૯-૮-૧૨ની રાત્રે ટપાલો વાંચી રહેલા પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ સંતોએ અહોભાવ વ્યક્ત કરેલો કે ‘સ્વામી! આપે જેટલા પત્રો લખ્યા છે એ ભેગા કરીએ તો મોટી લાઈબ્રેરી ભરાય. આટલું કોઈ લખી ન શકે.’

‘શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની પ્રેરણા.’ સ્વામીશ્રીએ સહજતાથી કહેલું.

●

તા. ૧૦-૧-૧૨ની સવારે ભોજન લઈ રહેલા પ્રમુખસ્વામી મહારાજને સંતોએ પૂછેલું: ‘બાપા! આપનો પ્રિય ગ્રંથ કયો?’

‘ભક્તચિંતામણિ.’ આટલું કહી સ્વામીશ્રીએ ઉમેરેલું: ‘ગુરુ શાસ્ત્રીજી મહારાજ કાયમ વંચાવતા ને!’

●

તા. ૧૫-૭-૧૨ની સાંજે અમદાવાદમાં રવિસભામાંથી ઉતારે પરત પધારેલા સ્વામીશ્રીને સંતોએ પૂછ્યું હતું કે ‘બાપા! આપનાં ઘણાં નામ છે. જેમ કે પૂર્વાશ્રમનું નામ શાંતિલાલ. તે પછી સાધુ થયા ત્યારે ‘નારાયણસ્વરૂપદાસ’ નામ પડ્યું. વળી, પ્રમુખસ્વામી મહારાજ, સ્વામીબાપા, સ્વામીશ્રી એ બધાં નામોથી પણ આપને સૌ સંબોધે છે. વળી, શાસ્ત્રીય રીતે તો આપ અક્ષરબ્રહ્મ છો. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામ આપને ‘મહાપ્રમુખજી’ કહે છે. આ બધામાંથી આપને કયું નામ ગમે?’

‘ગુરુ શાસ્ત્રીજી મહારાજે આપ્યું એ.’ સ્વામીશ્રી બોલ્યા હતા.

●

તા. ૧૩-૮-૮૬ની રાત્રે અમદાવાદમાં ચાલી રહેલી એક રસપ્રદ પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછાયેલો કે, ‘આપને કઈ ઋતુ ગમે ?’

‘વસંત.’

‘શાથી?’

‘ગુરુ શાસ્ત્રીજી મહારાજ આ ઋતુમાં પ્રગટ થયા એટલે.’ સ્વામીશ્રીએ જણાવેલું.

•

તા. ૧૩-૧૧-૧૩ના રોજ આવેલી દેવપ્રબોધિની એકાદશીએ સ્વામીશ્રીનો દીક્ષાદિન પણ હતો. આ દિવસે નીકળેલી પ્રાસંગિક વાતોમાં સંતોએ કહેલું: 'સ્વામી! આપના ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને આપ ક્યારેય ભૂલતા નથી.'

'ભૂલાય જ નહીં ને એ તો!' સ્વામીશ્રીનો આ પ્રતિભાવ તરત જ આવેલો.

•

આવા સેંકડો નહીં, હજારો પ્રસંગો અહીં ટાંકી શકાય તેમ છે. આ એક-એક પ્રસંગમાં સમજાય છે કે પ્રમુખસ્વામી મહારાજના જીવનનું કેન્દ્ર હતા – તેમના પ્રાણપ્યારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ. સફળતાની પ્રાપ્તિ ગણો કે વિશ્વવિક્રમી કાર્યોની પ્રેરણા ગણો, મનપસંદ ઋતુની વાત હોય કે મનપસંદ ગ્રંથની વાત - દરેકમાં સ્વામીશ્રીના પ્રેરકબળ અને પસંદગીના ધોરણમાં ગુરુ જ મુખ્ય રહેતા. એકવાર તેઓ બોલેલાઃ 'આપણો જન્મ જ ગુરુને રાજી કરવા માટે થયો છે.'

આ ધ્યેયને વરેલા પ્રમુખસ્વામી મહારાજે ગુરુને રાજી કરવા તનનું જતન સાવ વિસારી દીધેલું.

સન ૧૯૬૭માં તેઓ જ્યારે યોગીજી મહારાજની સાથે ડેમોલ ગામે પધારેલા ત્યારે તેઓનું શરીર તાવને કારણે તૂટતું હતું. માથું દુખતું હતું. વળી, ઠંડીનું જોર પણ ઘણું હતું. આવા સમયે સૌ હરિભક્તો યોગીજી મહારાજને પધરામણી માટે આગ્રહ કરવા લાગ્યા, ત્યારે તેઓએ કહ્યું: 'અમારા વતી પ્રમુખસ્વામી પધરામણીએ પધારશે.'

'પણ બાપા! નિશાળમાં સભા પણ રાખી છે.'

'પ્રમુખસ્વામી ઈ સભામાંય આવશે. પ્રમુખસ્વામી બહુ મોટા છે. સંસ્થાના ધણી છે.' આટલું કહી યોગીજી મહારાજ તો રામોલ જવા નીકળી ગયેલા.

...અને તાવતૂટ્યા શરીરના અસહ્ય કળતરમાં સ્વામીશ્રીએ ગુરુ-આજ્ઞા માથે ચઢાવી પધરામણીઓ શરૂ કરી. એક... બે... પાંચ... પંદર... પચીસ.... કરતાં-કરતાં પિસ્તાલીસ પધરામણીઓ થઈ. ત્યારબાદ તેઓ નિશાળમાં સભા કરવા પધાર્યા. તાવથી કંતાયેલા શરીરનો રહ્યો-સહ્યો રસકસ તો પધરામણીઓએ નિતારી જ દીધેલો. તેથી પ્રવચન કરતી વખતે સ્વામીશ્રીના શબ્દો તૂટવા લાગ્યા. શરીર ધ્રૂજવા લાગ્યું. છતાં કોઈને અણસાર સુધ્ધાં આવવા દીધા સિવાય યોગીજી મહારાજની આજ્ઞા મુજબનો કાર્યક્રમ આટોપીને સ્વામીશ્રી પહોંચ્યા રામોલ ગામે.

અહીં દૂધની ડેરીના ઓટલે બિરાજી યોગીજી મહારાજ કથા કરી રહેલા. તેઓએ જેવા સ્વામીશ્રીને જોયા કે જાહેરાત કરી દીધીઃ 'હવે અમારા પ્રમુખસ્વામી આવ્યા છે. તે વાત કરશે.'

આ આજ્ઞા પાળવા માટે શરીર તો ના જ પાડતું હતું, પણ સ્વામીશ્રીએ પોતાના ગુરુ યોગીજી મહારાજની આ આજ્ઞા અધ્ધર ઝીલી પ્રવચન શરૂ કર્યું અને યોગીજી મહારાજ નિવાસસ્થાને પધાર્યા. જો કે તેઓના ઉત્સાહ સાથે શરીર તાલ મિલાવી ન શક્યું. આ પરિસ્થિતિ હકાભાઈ પારખી ગયા. તેથી તેઓએ અડધા પ્રવચને જ જાહેરાત કરી સભાના સમાપનની જય બોલાવી દીધી. સ્વામીશ્રીને ઉતારામાં લઈ જઈ સુવડાવી દેવામાં આવ્યા અને ઔષધ-ઉપચાર શરૂ કરી દેવાયાં.

આમ, શરીર ઢળી ન પડે ત્યાં સુધી સ્વામીશ્રી ગુરુની આજ્ઞા પાળવામાં ઓટ આવવા ન દેતા.

**'અડગ સંગ્રામને સમે ઊભા રહે, અર્પવા શીશ આનંદ મનમાં;**
**ચાકરી સુફળ કરવા તણે કારણે, વિકસ્યું વદન ઉમંગ તનમાં,**
**વચન પ્રમાણે તેની પેઠે વર્તતા, એક પગ ભર ઊભા જ સૂકે...'**

એ સિંધુડા તેઓની રગેરગમાં ગુંજતા હતા.

તનની સાથે ગુરુ-આજ્ઞામાં મનને પણ હોમી દીધેલું સ્વામીશ્રીએ.

સન ૧૯૬૩ના અરસામાં શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ ભેગી કરતા મુંબઈના એક હરિભક્તને જાણ થયેલી કે પ્રમુખસ્વામી મહારાજ પાસે પણ આવી એક પ્રાસાદિક માળા છે. તેથી તેઓએ તે માળા પોતાને આપવા બાબતે સ્વામીશ્રીને આગ્રહ કરેલો. પરંતુ આ માળા સ્વામીશ્રી માટે તો અતિ મૂલ્યવાન હતી, કારણ કે તે ભગવાન સ્વામિનારાયણે ફેરવેલી, અને શાસ્ત્રીજી મહારાજે ખૂબ પ્રસન્ન થઈને, યોગીજી મહારાજના કહેવાથી તે પ્રમુખસ્વામી મહારાજને આપેલી. તેથી સ્વામીશ્રીએ કહ્યું: 'આ માળા મને યોગીજી મહારાજે અપાવી છે. તેથી કોઈને ન અપાય.'

આ સાંભળી પેલા હરિભક્તે યુક્તિ વિચારીને કહ્યું: 'વાંધો નહીં. પણ ઉતારામાં મારા સંબંધીઓ છે તેઓને દર્શન કરાવી દેવા પૂરતી મને આપો. હું હમણાં પાછી લઈ આવીશ.'


એ હરિભક્ત જૂના અને મોભાદાર. શાસ્ત્રીજી મહારાજની સેવા પણ ઘણી કરેલી. તેથી સ્વામીશ્રીએ તેઓને માળા આપતાં કહ્યું: 'પાંચ-દસ મિનિટમાં મારી પૂજા પૂરી થશે. ત્યાં સુધીમાં તમે દર્શન કરાવીને માળા પાછી લઈ આવો.'

પરંતુ તે હરિભક્ત માળા લઈને ગયા તે ગયા. આજની

ઘડી અને કાલનો દા'ડો. માળા લઈને પાછા આવ્યા જ નહીં. એટલું જ નહીં, સ્વામીશ્રી માળા પાછી લેવાની વાત પડતી મૂકી દે તે અંગે તે હરિભક્તે યોગીજી મહારાજને પણ જણાવ્યું.

તેથી અમદાવાદમાં એકવાર સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરી રહેલા ત્યારે યોગીજી મહારાજ માળા લઈ ગયેલા પેલા હરિભક્તનો હાથ પકડીને સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું કે 'આ હરિભક્તને તમે પ્રસાદીની માળા આપેલી, તે હવે પાછી લેવાનો સંકલ્પ ન કરતા. લ્યો, આશીર્વાદ.'

'બહુ સારું. આપની ઈચ્છાથી મળી હતી અને આપની ઈચ્છા છે તો ભલે એમની પાસે માળા રહે.' આમ કહેતાં સ્વામીશ્રીએ તરત જ ગુરુવચન શિરે ચઢાવી દીધું. ત્યારબાદ તેઓ ઘણી વખત કહેતા કે 'એકવાર યોગીજી મહારાજે કહ્યું પછી કોઈ દિવસ તે માળા સંબંધી સંકલ્પ મને થયો નથી.'



**'એમનું વચન એ ભગવાનનું જ વચન એમ માનીને જ શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાને સેવેલા. એ કહે એમાં શંકા નહીં. જુદો વિચાર કે મન જુદાં ન પડે. શાસ્ત્રીજી મહારાજનું વચન અને જોગીબાપા રાજી થાય એ વિચાર હંમેશાં ચાલતો આવ્યો. એ રીતે વર્ત્યા તો આજે આનંદ ને સુખ છે.'**

**– પ્રમુખસ્વામી મહારાજ**

પ્રાણ સમા સંભારણા જેવી માળાને આમ કાચી સેકન્ડમાં ભૂલી જવી એ કક્ષા કોઈ અસાધારણ ગુરુભક્તિની અપેક્ષા રાખે છે. એ ઉચ્ચતમ કક્ષાએ આસન જમાવીને બેઠેલા ગુરુભક્ત હતા પ્રમુખસ્વામી મહારાજ.

તેઓએ તા. ૪-૧૦-૯૫ના રોજ પોતાના એ ગુરુદેવનું સ્મરણ કરતાં કહેલું કે 'એમનું વચન એ ભગવાનનું જ વચન એમ માનીને જ શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાને સેવેલા. એ કહે એમાં શંકા નહીં. જુદો વિચાર કે મન જુદાં ન પડે. શાસ્ત્રીજી મહારાજનું વચન અને જોગીબાપા રાજી થાય એ વિચાર હંમેશાં ચાલતો આવ્યો. એ રીતે વર્ત્યા તો આજે આનંદ ને સુખ છે.'

ગુરુના વચનમાં તન-મનને વહેતું મૂકનારા સ્વામીશ્રીને ગુરુ વિષે 'જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ...'નો દિવ્યભાવ પણ રહેતો.

એકવાર સારંગપુરમાં ઠાકોરજીના વપરાશ માટે કંપાલાથી વાસણો આવેલાં. આ વાસણોમાંથી અમુક ગોંડલ મંદિર માટે અને અમુક સારંગપુર મંદિર માટે રાખવાની વાત યોગીજી મહારાજે કરેલી. તે મુજબ વાસણોના ભાગ પણ પાડી દેવામાં આવેલા. પરંતુ આ ઘટનાના થોડા દિવસો બાદ યોગીજી મહારાજે સારંગપુર મંદિર માટે અનામત રખાયેલાં વાસણો પણ હર્ષદ ચાવડા નામના યુવકને આપતાં કહ્યું: 'આ તમે ગોંડલ લઈ જાઓ.' યોગીજી મહારાજની આજ્ઞા થતાં તે યુવાન તો વાસણો લઈને નીકળ્યા. સંસ્થાના પ્રમુખ હોવાથી ગોંડલ, સારંગપુર વગેરે મંદિરોના વહીવટમાં, વિકાસમાં સમાન દૃષ્ટિથી કાર્ય કરતાં પ્રમુખસ્વામી મહારાજને એ યુવાનનો ભેટો થઈ ગયો. સ્વામીશ્રીએ પૂછ્યું: 'શું લઈને ચાલ્યો?' યુવકે જેમ હતું તેમ બયાન કરી દીધું કે સારંગપુરનાં વાસણો પણ યોગીજી મહારાજે ગોંડલમાં આપી દેવાનું કહ્યું છે. આથી, તે લઈને ગોંડલ જાઉં છું.

આ એક જ પ્રસંગે નહીં, પૂર્વે અન્ય પ્રસંગોએ પણ કોઈ પણ વ્યવસ્થાપકના મગજનું સંતુલન ખોરવાઈ જાય એ હદે યોગીજી મહારાજે ગોંડલ મંદિર પ્રત્યે પોતાનો પક્ષપાત જણાવ્યો હતો. પરંતુ સ્વામીશ્રીને પોતાના ગુરુ યોગીજી મહારાજના આ ચરિત્રમાં લેશ પણ સંશય થયો નહીં.


તેઓએ બને એટલી ઝડપથી હર્ષદભાઈને ગોંડલ તરફ રવાના થઈ જવા વાત કરી. એટલું જ નહીં, વાસણની સાથે વિદાયનું ભાથું પણ બંધાવ્યું કે 'એક વાત ખાસ ધ્યાનમાં રાખજે. એક ગુરુ યોગીજી મહારાજ સામે જ દૃષ્ટિ રાખજે. આધ્યાત્મિક રીતે પ્રગતિ કરવાનો આ એક જ ઉપાય છે.'

ગુરુ પ્રત્યે પ્રમુખસ્વામી મહારાજને દાસભાવ પણ અતિ દૃઢ. હરહંમેશ ગુરુની છાયામાં જ રહેવામાં ધન્યતા માનેલી તેઓએ. તેથી ગુરુ કરતાં પોતાની મહત્તા વધે તેવી કોઈ પણ ગતિવિધિ તેઓ અટકાવી દેતા.

સન ૧૯૬૫માં અચારડા આવેલા સ્વામીશ્રી આ ગામના સ્વામિનારાયણ મંદિરમાં રોકાયેલા. આ મંદિરની ઓસરીમાં વહેલી સવારે સેવક પ્રગટ ભગત નિત્યપૂજા કરી રહેલા. તેઓએ પોતાની નિત્યપૂજામાં સ્વામીશ્રીની મૂર્તિ પણ રાખેલી. તેઓ આજે પૂજા કરી રહેલા ત્યારે જ સ્વામીશ્રીને કંઈક કામકાજ માટે ત્યાંથી નીકળવાનું થયું. તે વખતે તેઓની નજર સેવકની પૂજામાં રહેલી પોતાની મૂર્તિ પર પડી. તે જોતાં જ સ્વામીશ્રી નીચા વળ્યા અને પોતાનો ફોટો જાતે જ ઉપાડીને ફાડીને પાયખાનામાં ફેંકી દીધો! અને ઠપકા સાથે સેવકને કહ્યું પણ ખરું કે 'યોગીજી મહારાજ બિરાજતા હોય ત્યાં સુધી બીજા કોઈનો ફોટો ન રખાય. એક

જ ગુરુ મનાય.'

યોગીજી મહારાજ જ પ્રમુખસ્વામી મહારાજનો અપરંપાર મહિમા અવારનવાર રેલાવતા હોવા છતાં તેઓના અંતરમાં મનાવા-પૂજાવાનો લેશ અંકુર ફૂટ્યો નહોતો અને કોઈનાય હૃદયમાં તેનો ફણગો ફૂટવા દીધો નહોતો. તેઓની ગુરુભક્તિનું અને દાસત્વભક્તિનું આ જાજરમાન પાસું છે.



**શાસ્ત્રીજી મહારાજ તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ હતા. એટલે આપણા માટે તો ભક્ત-ભગવાનનો સંબંધ કહેવાય. ભગવાનનું સ્વરૂપ માનીને આશરે આવેલા એટલે ભક્ત-ભગવાનનો સંબંધ રાખીએ તો આપણને સુખ અનુભવાય.**

**– પ્રમુખસ્વામી મહારાજ**

તેનો ઉજાસ તા. ૨૭-૧૦-૯૪ની સવારે રાજકોટમાં અનેરી રીતે રેલાઈ રહ્યો. આ દિવસે કેટલાક હરિભક્તો સાથે યોજાયેલી એક બેઠકમાં સ્વામીશ્રીના હૈયેથી પ્રસંગોપાત વાક્પ્રવાહ વહી છૂટેલો કે ''જોગી બાપા (યોગીજી મહારાજ) ગૌણ થાય એવું મારા જીવનમાં મેં ક્યારેય કરવા દીધું નથી. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી ઘણા જૂના હરિભક્તો એવા હતા, જે મને કહેતા: 'શાસ્ત્રીજી મહારાજે સત્તા તમને સોંપી છે. ગાદી ઉપર તમારે બેસવું જોઈએ. તમને ચાદર ઓઢાડી ત્યારે શાસ્ત્રીજી મહારાજે જાતે જ લખાવેલું કે, 'આ નારણદા' મારે ઠેકાણે છે.'

પરંતુ મેં કહ્યું: 'તમારું એ બધું સાચું પણ મારે મન જોગી મહારાજ એટલે જોગી મહારાજ. મારી સત્તા જોગી મહારાજ માટે નથી.' મારી પૂજામાં કોઈ આવે તો એનેય હું કાઢી મૂકતો. લોકો મને ગમે એ કહે, પણ મને તો પાકું જ હતું કે, 'મારે જોગીબાપાના સેવક થઈને જ રહેવાનું છે.'

હું સમજતો હતો કે, 'હું જોગીબાપાના સેવક તરીકે છું.' લોકો કહેતા કે, 'જોગીબાપા કરતાં તમારી ગાદી ઊંચી જોઈએ.' પણ સમજવાનું તો મારે હતું ને કે, 'હું તો દાસ છું, હું તો નાનો છું. શાસ્ત્રીજી મહારાજની દયાથી ગાદીએ બેઠો છું.' જોગીબાપાને મુખ્ય રાખીને જ મેં કાર્ય કર્યું છે. હું આ રીતે વર્ત્યો તો અત્યારે મને શાંતિ છે.''

ગુરુ વિષેના આવા અપાર દાસભાવ અને દિવ્યભાવની સાથે સ્વામીશ્રીને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ વિષે 'गुरुः साक्षात् परं ब्रह्म'નો ભાવ હતો.

તા. ૫-૩-૮૭ની રાત્રે પુરુષોત્તમપુરામાં યોજાયેલી એક પ્રેરક પ્રશ્નોત્તરી દરમ્યાન સંતોએ પ્રમુખસ્વામી મહારાજને પૂછેલું કે, 'સ્વામી! આપ અને શાસ્ત્રીજી મહારાજનો સંબંધ કેવો હતો? પરસ્પર મિત્ર જેવો કે ગુરુ-શિષ્ય જેવો, ભક્ત-ભગવાન જેવો કે માતા-પુત્ર જેવો?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું કે 'શાસ્ત્રીજી મહારાજ તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ હતા. એટલે આપણા માટે તો ભક્ત-ભગવાનનો સંબંધ કહેવાય. ભગવાનનું સ્વરૂપ માનીને આશરે આવેલા એટલે ભક્ત-ભગવાનનો સંબંધ રાખીએ તો આપણને સુખ અનુભવાય.'

એ જ રીતે તા. ૧૮-૬-૦૨ના રોજ તીથલ મુકામે યોજાયેલી કિશોર શિબિરમાં એક કિશોરે સ્વામીશ્રીને પૂછેલું કે 'બાપા! આપને શાસ્ત્રીજી મહારાજની ઓળખાણ લખીને આપવાની કહી હોય તો આપ શું લખો?'

'ભગવાનનું સ્વરૂપ છે. લખી નાખ.' સ્વામીશ્રી તત્ક્ષણ બોલેલા. આ જ વાત આલેખતાં તેઓએ હસ્તાક્ષર પણ પાડી આપેલા કે 'શાસ્ત્રીજી મહારાજ ભગવાન શ્રીજીમહારાજના ધારક અને સાક્ષાત્ સ્વરૂપ હતા. તેવી દૃઢતા થાય તો જ મહારાજનો આનંદ ને કેફ રહે.'

શ્વેતાશ્વતર ઉપનિષદ કહે છે કે 'यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ, तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः।' અર્થાત્ ભગવાનને વિષે જેવી ભક્તિ છે એવી જ જો ગુરુને વિષે થાય તો તેને સર્વે અર્થ સિદ્ધ થાય છે.

આ સિદ્ધાંત સ્વામીશ્રીના જીવનમાં મૂર્તિમાન જોવા મળતો. ગુરુ વિષે આવી ભક્તિને કારણે સ્વામીશ્રી સદા પૂર્ણકામ જણાતા.

તેઓ એકવાર સારંગપુરમાં બોલેલા કે ''મને બધા કહે છે, 'તમને નોબલ પ્રાઇઝ(પારિતોષિક) અપાવવું છે.' મેં કહ્યું, મને નોબલ પ્રાઇઝના પ્રાઇઝના પ્રાઇઝ મળી ગયા. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ બે મળ્યા મને. પછી મને બીજા કોના ઍવૉર્ડ જોઈએ છે? આપણને શાસ્ત્રીજી મહારાજ-જોગી મહારાજના આશીર્વાદ મળી ગયા. એથી મોટો શું લાભ છે આ દુનિયામાં?''

તા. ૨૩-૮-૧૨ની સવારે અમદાવાદમાં ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રી પ્રદક્ષિણામાં પધાર્યા ત્યારે અહીં પ્રહસનના હેતુથી એક કલ્પવૃક્ષ ખડું થઈ ગયેલું. તેની છાયામાં આવતાં બે ભૂદેવોએ 'લાડુ મળી જાય તો!' એમ

સંકલ્પ કર્યો ત્યાં જ તાસક ભરી મોદક હાજર થઈ ગયા. તે જોઈ એક શીરાવાંછુએ શીરાની અને એક કથાપ્રેમીએ માઈકની મહેચ્છા વ્યક્ત કરી તો તે પણ તરત પૂર્ણ થઈ.

આમ, *'કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે...'*નો આ ઘાટ ઘડાયો હતો ત્યારે એક સંતે સ્વામીશ્રીને પૂછ્યુંઃ 'બાપા! આપનો કોઈ સંકલ્પ છે? હોય તો કરો. આ કલ્પવૃક્ષ નીચે સત્ય થઈ જશે.'

'મને તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું કલ્પવૃક્ષ મળ્યું છે. એમાં બધા જ સંકલ્પ સિદ્ધ થાય. તમારે તો સંકલ્પ કરવાના છે, અમારે તો થઈ ગયું છે.' અપ્રતિમ કેફથી સ્વામીશ્રી બોલેલા.

આમ, ગુરુમાં જ રમતા-વિરમતા પ્રમુખસ્વામી મહારાજ ગુરુની સેવા કરી ગુરુના સાક્ષાત્કારને પામી ગયેલા.

તા. ૯-૧૨-૮૬ની સવારે તેઓને મુંબઈના માલેતુજાર શેઠ શ્રી લખા લુલાએ તેઓને પૂછેલુંઃ 'स्वामीजी! आप जब इच्छा रखो तब शास्त्रीजी महाराज आपको दर्शन देते हैं?'

ત્યારે સ્વામીશ્રી બોલેલાઃ 'अपने साथ में ही हो ऐसे दिखाई पड़ते हैं। वे साथ में ही हैं।'

એ જ રીતે સંપ્રદાયના ગુરુ-શિષ્ય સંબંધ વિષે ગહન સંશોધન કરી રહેલા શ્રી બ્રાયન હચિન્સને સ્વામીશ્રીને પૂછેલુંઃ 'યોગીજી મહારાજના ધામમાં ગયા પછી આપ ગુરુ તરીકે આવ્યા અને સૌને આપને વિષે નિષ્ઠા થઈ ગઈ. હરિભક્તો માટે તો તે સહેલું હતું, પણ યોગીબાપા ધામમાં ગયા પછી આપને કોઈ ગુરુ નહોતા. તો આપ કેવી રીતે તરત જ 'એડજસ્ટ' થઈ ગયા?'

'આપણે તો (એમ જ દૃઢતા છે કે) ગુરુ ક્યાં જાય જ છે?! મનાતું જ નથી કે એ ગયા છે. એ (અખંડ સાથે) છે જ.' સ્વામીશ્રીએ કહેલું.

આ રીતે અપ્રતિમ ગુરુભક્તિને કારણે ગુરુ સાથે તદ્‌વદ્‌ભાવને પામી ગયા હતા સ્વામીશ્રી. છતાં તેઓ ગુરુની કૃપાદૃષ્ટિના અખંડ અભિલાષી રહેલા. તેથી જ તેઓએ પોતાના અંતિમવિધિના સ્થળ તરીકે જણાવેલું કે 'શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ મારા પર રહે એ રીતે મને રાખજો.'

આ દૃષ્ટિએ સારંગપુરમાં ઊભું થયેલું પ્રમુખસ્વામી મહારાજનું સ્મૃતિમંદિર એ તેઓની ગુરુભક્તિનું જ સ્મારક કહી શકાય. તેને જોતાં જ વિચાર સ્ફુરે છે કે 'માનવીમાત્રને બે મગજ, બે ફેફસાં, બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, બે નસકોરાં હોય છે. તે દ્વારા એ શ્વસે છે, સાંભળે છે, જુએ છે, ચાલે છે, પકડે છે, વિચારે છે. સ્વામીશ્રી માટે આ અવયવોરૂપે હતા શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ.'

હા, આ બે જ હતા તેઓનાં બે મગજ. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના વિચારથી અલગ કોઈ વિચાર સ્વામીશ્રીના મનમાં કદી સ્ફુર્યો નહોતો.

આ બે જ હતા તેઓનાં બે ફેફસાં. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને વીસરીને સ્વામીશ્રીએ એક પણ શ્વાસ લીધો નહોતો કે કાઢ્યો નહોતો.

આ જ બે હતા તેઓનાં બે ચરણ. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને અમાન્ય હોય તેવા કોઈ ઠેકાણે સ્વામીશ્રીએ ક્યારેય ગતિ કરી નહોતી.

આ જ બે રહેલા તેઓના બે હાથ. જેમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સંમતિ ન હોય તેવું કોઈ કામ સ્વામીશ્રીના હાથ પર ચઢ્યું નહોતું.

આ જ બે તેઓની બે આંખો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સિવાય સ્વામીશ્રી આ દુનિયામાં કશું જ જોતા નહોતા.

આ જ બે તેઓના બે કર્ણપટલ. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની રુચિ બહારની કોઈ વિગતને સાંભળવામાં સ્વામીશ્રીએ કદી દિલચસ્પી દાખવી નહોતી.

ખરેખર, તેઓની ગુરુભક્તિ 'જીભેથી વર્ણન શું કરું રે...' જેવી અપાર અને અગાધ છે. ◆

## સ્વામિનારાયણ પ્રકાશ
## નિવેદન ફોર્મ : ૨૦૨૧

### સ્વામિનારાયણ પ્રકાશ

**માલિકી અને બીજી માહિતી નિવેદન (ફોર્મ નં. ૪, રૂલ-૮)**

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિ સ્થળ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ |
| ૨. | પ્રસિદ્ધિ ક્રમ | : માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| ૪. | પ્રકાશકનું નામ | : સાધુ કેશવજીવનદાસજી |
| ૫. | તંત્રીનું નામ | : સાધુ સ્વયંપ્રકાશદાસ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| ૬. | માલિકનું નામ | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| | ઠેકાણું | : સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. |

હું, સાધુ કેશવજીવનદાસ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

**તા. ૧-૩-૨૦૨૧** (સહી) **સાધુ કેશવજીવનદાસ**

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર




## નેનપુરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ધર્મલાભ...

નેનપુર એટલે અમદાવાદથી ૩૨ કિ.મી.ના અંતરે આવેલું એક નાનકડું ગામ. આ ગામનું નામ દેશ-પરદેશમાં વસતાં લાખો ભક્તોનાં હૈયે જડાઈ ગયું છે. છેલ્લા ૧૧ માસ કરતાં વધારે સમયથી ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણના આ પ્રાસાદિક નેનપુરમાં નિવાસ કરી રહ્યા છે. અહીં સ્વામીશ્રીના પાવન સાંનિધ્યમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શાંતિવનના પરિસરમાં એક અનોખી આધ્યાત્મિક વસંત ખીલી ઊઠી છે. નેનપુર ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનો આધ્યાત્મિક પ્રવાહ વિવિધ માધ્યમો દ્વારા દેશ-વિદેશમાં દૂર દૂર ભક્તો-ભાવિકો સુધી અવિરત વહી રહ્યો છે. વેબકાસ્ટિંગના માધ્યમથી સપ્તાહમાં બે વાર તેઓના પ્રાતઃપૂજા દર્શનનો લાભ અને વિશિષ્ટ સભાઓમાં પણ દિવ્ય લાભ સૌને મળી રહ્યો છે. પૂજામાં બી.એ.પી.એસ.નાં વિવિધ મંદિરોના સંતો અને ક્યારેક યુવકો કીર્તન-ભક્તિ રજૂ કરી સ્વામીશ્રીના શુભાશિષ મેળવે છે. દિવસ દરમ્યાન પરાભક્તિમાં મગ્ન રહેતા સ્વામીશ્રી ધાર્મિક ગ્રંથોનું વાંચન અને તેનાં પર સુંદર મનન-નિરૂપણ દ્વારા ગૂઢ આધ્યાત્મિક રહસ્યો સમજાવે છે. સંતો સાથે યોજાતી પ્રશ્નોત્તરી અને ગોષ્ઠિઓમાં પણ સ્વામીશ્રીનું અનેરું આધ્યાત્મિક માર્ગદર્શન મળતું રહ્યું

છે. શારીરિક, કૌટુંબિક, સામાજિક, આર્થિક વગેરે પ્રશ્નોમાં સ્વામીશ્રી હરિભક્તોને વ્યાવહારિક-માર્ગદર્શન વડે સમાધાન આપે છે. પત્ર, ફોન, વીડિયો કોલ, કોન્ફરન્સ વગેરે વિવિધ માધ્યમો દ્વારા સ્વામીશ્રીનું દિવ્ય સાંનિધ્ય સાંપડતાં સંતો-હરિભક્તો ગુરુહરિને પ્રત્યક્ષ મળ્યાનો આનંદ અનુભવે છે. સૌની સુખાકારી માટે સ્વામીશ્રી 'કોરોનાની મહામારી જલદીથી સમાપ્ત થાય અને સર્વત્ર શાંતિ પ્રવર્તે' તેવી પ્રાર્થના અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ કરે છે. રાત્રે આરામમાં જતાં પૂર્વે સ્વામીશ્રી પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનું શ્રવણ અવશ્ય કરે છે. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલાં નાનાં-મોટાં ઉત્સવ-સમૈયા-સત્સંગસભા કે દિવ્ય પ્રસંગોમાં પણ સ્વામીશ્રીએ નેનપુરમાં રહીને સૌને ધર્મલાભથી અલંકૃત કર્યા છે, તે અંગેનો સંક્ષિપ્ત અહેવાલ આપણે જાન્યુઆરીના અંકમાં માણ્યો હતો. અહીં, એવા કેટલાક વિશિષ્ટ ઉત્સવ-પ્રસંગોમાં સ્વામીશ્રીએ આપેલા ધર્મલાભનું સંક્ષેપમાં આચમન કરીએ...

● તા. ૧૯-૧૧-૨૦: બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે લંડનમાં નિસડન ખાતે ભવ્ય બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિર રચીને ઇતિહાસ સર્જ્યો છે. તેમનાં પ્રદાનોને મૂલવતાં ત્યાંના સ્થાનિક પ્રશાસને મંદિર પાસેના રોડનું નામ 'પ્રમુખસ્વામી માર્ગ' આપીને તેઓને એક સ્મરણ-અંજલિ અર્પી છે. આજના દિને સ્વામીશ્રીએ નેનપુર ખાતે નામકરણ બોર્ડની પ્રતિકૃતિનું પૂજન કરી તેનું અનાવરણ કર્યું હતું. સાથે સાથે યુરોપની સાત ભાષાઓ - ફ્રેન્ચ, પોર્ટુગીઝ, સ્પેનિશ, ઇટાલિયન, જર્મન, પોલિશ અને રશિયન ભાષામાં અનુવાદિત થયેલા સત્સંગદીક્ષા ગ્રંથને અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ કરાવતાં સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યા હતા.

● તા. ૨૪-૧૧-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીના હસ્તે ઊના ખાતેના બી.એ.પી.એસ. મંદિરના પ્રથમ સ્તંભનું પૂજન થયું હતું

● તા. ૩૦-૧૧-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના એકેડેમિક રિસર્ચ અંગેના અનેકવિધ પ્રકલ્પો માટે નૂતન વેબસાઇટનું ઉદ્‌ઘાટન કર્યું. research.org નામક આ નૂતન સાઇટ baps.org - બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની મુખ્ય વેબસાઇટ સાથે સંલગ્ન રહીને દેશ-વિદેશમાં સંસ્થાની સંશોધનાત્મક અને તત્ત્વજ્ઞાન વિષયક નવી નવી માહિતીઓ પીરસતી રહેશે.

● તા. ૩-૧૨-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ કેનેડા અને ઑસ્ટ્રેલિયાના પ્રજ્ઞાચક્ષુઓ માટે 'બ્રેઈલ લિપિ'માં મુદ્રિત થયેલા સત્સંગદીક્ષા ગ્રંથનું વિમોચન કર્યું હતું.



● તા. ૭-૧૨-૨૦૨૦ના રોજ તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો જન્મદિન ઊજવાયો હતો. આ અવસરે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી લઈને સમગ્ર દિવસ દરમ્યાન ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના અનંત ગુણોની સ્મૃતિઓ કરવામાં આવી હતી.

સંધ્યા સમયે 'જન્મજયંતી મહોત્સવ' નિમિત્તેની સંતસભામાં વિવિધ પ્રાસંગિક પ્રવચનો દ્વારા સંતોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો અપ્રતીમ મહિમા ગાયો હતો. 'વાલમ વધામણાં હો...' વીડિયોમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની છેલ્લાં ૫૦ વર્ષોમાં ઊજવાયેલી જન્મજયંતીઓની સ્મૃતિઓ કરવામાં આવી હતી. અંતમાં સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના ગુણોનો પ્રચાર-પ્રસાર કરી ડંકો મારવાની વાત કરી હતી.

વળી, આજથી શરૂ કરીને, માગશર સુદ આઠમ, ૨૨મી ડિસેમ્બર સુધી (તિથિ પ્રમાણેના જન્મજયંતી મહોત્સવ સુધી) નિયત દિવસોએ 'પ્રમુખપર્વ'ની વિશિષ્ટ સભાઓ યોજાઈ હતી. જેમાં, વિવિધ વિષયો દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિરલ અને

અદ્વિતીય વ્યક્તિત્વનું દર્શન વિવિધ માધ્યમોથી પ્રસ્તુત થયું હતું. પ્રત્યેક સભાના અંતે સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોનું અમૃતપાન કરાવતાં ભાવવંદના કરી હતી.

● તા. ૧૧-૧૨-૨૦૨૦: નોર્થ અમેરિકા તરફથી 'સ્વામીશ્રીની વર્ચ્યુઅલ પધરામણી'નું આયોજન થયું હતું. પધરામણી દરમ્યાન સ્વામીશ્રી જાણે અક્ષરપુરુષોત્તમ મહારાજ સહ સાક્ષાત્ પોતાને ઘરે પધાર્યા હોય તે રીતે નોર્થ અમેરિકાના બે બાળકોએ સ્વામીશ્રીનું વર્ચ્યુઅલ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ઠાકોરજી અને સ્વામીશ્રીનાં પૂજન-આરતી થયાં હતાં. પધરામણી દરમ્યાન નાના-મોટા પ્રશ્નોની જે રીતે રજૂઆત થતી હોય તે રીતે બાળકોએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી હતી, જેમાં સ્વામીશ્રીએ સુંદર સમાધાન આપ્યું હતું.

● આજે ઉત્તર ભારતના કાર્યકરોને પણ સ્વામીશ્રીનો લાભ પ્રાપ્ત થયો હતો. સિમલા અને જલંધર વિસ્તારોમાં કાર્ય કરતા કાર્યકરોને બળ મળે તે માટે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

● તા. ૧૪-૧૨-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ ભાવનગર ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ રૂપે પધરાવવામાં આવનાર શ્રીહરિનાં ચરણારવિંદનું પૂજન કર્યું હતું. આ ચરણારવિંદ પ્રમુખસ્વામી મહારાજ જે વટવૃક્ષની છાયામાં બિરાજ્યા હતા તે સ્થાન પર, તેઓની સ્મૃતિમાં પધરાવાશે.

● તા. ૧૫-૧૨-૨૦૨૦ના રોજ સુભાષભાઈ પટેલ (દાર-એ-સલામ, ટાન્ઝાનિયા)ધામમાં પધાર્યા તે નિમિત્તે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતોએ તેમના ગુણો-પ્રસંગોને યાદ કરતાં ભક્તિ-અંજલિ અર્પી હતી.

● તા. ૧૬-૧૨-૨૦૨૦થી આરંભાયેલા પવિત્ર ધનુર્માસ નિમિત્તે સ્વામીશ્રીએ સતત એક માસ સુધી નિત્ય નૂતન બ્રહ્મવિદ્યાના પાઠ આપી આધ્યાત્મિક બોધ આપ્યો હતો.

● તા. ૧૮-૧૨-૨૦: બોચાસણથી જબલપુર સુધી(૯૫૨ કિ.મી.)ની પદયાત્રા કરનાર ચાર ભક્તોને સ્વામીશ્રીએ આજે આશીર્વાદ અર્પ્યા હતા. આ એ જ ભક્તો હતા જેમણે પૂર્વે બોચાસણથી છપૈયા, ભાદરા વગેરે પ્રાકટ્યસ્થાનો સુધી પદયાત્રા કરી છે.

● તા. ૨૧-૧૨-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ, બી.એ.પી.એસ. સંસ્થાના પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી હરીશભાઈ દવે ધામમાં પધાર્યા તે નિમિત્તે યોજાયેલી પ્રાર્થનાસભામાં તેમના ગુણોને યાદ કરતાં ભક્તિ-અંજલિ અર્પી હતી.

વળી, આજે સંતો અને યુવકોએ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના ૯૯મા જન્મજયંતી મહોત્સવ ઉપક્રમે, પુષ્પોની સુંદર રંગોળી રચી હતી. સ્વામીશ્રીએ ઠાકોરજી સહ તેની મધ્યમાં બિરાજી સ્મૃતિલાભ આપ્યો હતો.

● તા. ૨૨-૧૨-૨૦૨૦ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો જન્મજયંતી મહોત્સવ ખૂબ જ શાનદાર રીતે ઊજવાયો હતો. આજ રોજ સ્વામીશ્રીએ 'વચનામૃતમાં બ્રહ્મસૂત્ર સ્વામિનારાયણ ભાષ્ય' અને 'સારંગસ્તુતિ' ગ્રંથનું વિમોચન કર્યું હતું. વળી, આજે ઠાકોરજી સમક્ષ સુંદર અન્નકૂટ રચવામાં આવ્યો હતો. તીર્થધામ ચાણસદમાં પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિને વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી હાર અર્પણ કરી સ્વામીશ્રીએ ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું.

● તા. ૨૪-૧૨-૨૦૨૦ના રોજ બંગાળી ભાષામાં અનુવાદિત સત્સંગદીક્ષા ગ્રંથનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું. સાથે સાથે વર્ચ્યુઅલ ટૅકનોલૉજીના માધ્યમથી ઊજવાયેલા પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવમાં સંપ-સુહૃદભાવ-એકતાથી સેવામાં જોડાયેલા સંતો-હરિભક્તો-યુવકોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

● તા. ૨૮-૧૨-૨૦૨૦: થોડા મહિનાઓ પૂર્વે સ્વામીશ્રીના હસ્તે ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ ખાતેના હરિભક્તોનાં ગૃહમંદિરો માટે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પંચધાતુની ૭૦૦ જેટલી મૂર્તિઓ પૂજિત-પ્રતિષ્ઠિત થઈ હતી, જે હરિભક્તોનાં ગૃહમંદિરોમાં બિરાજે છે. આજે એવી જ પંચધાતુની ૬૫૦ મૂર્તિઓ મેલબર્ન મંદિરના સભામંડપમાં વિરાજમાન હતી. ઑસ્ટ્રેલિયાના સંતોએ તે મૂર્તિઓનો પૂર્વ મહાપૂજાવિધિ સંપન્ન કર્યો હતો. સ્વામીશ્રીએ આજે નેનપુર ખાતે અક્ષરપુરુષોત્તમ મહારાજનો વેદોક્ત પૂજન-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ઉપરાંત હરિભક્તોના ઘરે કુલ ૨૧૦૦ અક્ષરપુરુષોત્તમ મહારાજ ચિત્ર-પ્રતિમાઓ રૂપે બિરાજશે. સ્વામીશ્રીએ અદલ એવી જ ચિત્ર-પ્રતિમાઓનું અહીં પૂજન કરી રૂડા આશિષ પાઠવ્યા હતા.

● આજે સ્વામીશ્રીએ ચાણસદના એ પ્રાસાદિક રામજી મંદિરના જીર્ણોદ્ધારની ઈષ્ટિકાઓનું પૂજન કર્યું હતું, જ્યાં પોતાની બાળવયે બ્રહ્મસ્વરૂપ

પ્રમુખસ્વામી મહારાજ નિત્ય દર્શનાર્થે જતા હતા.

● તા. ૨૯-૧૨-૨૦૨૦ના રોજ સ્વામીશ્રીએ ન્યૂઝીલેન્ડ અને ફીજીમાં હરિભક્તોના ઘરે પ્રતિષ્ઠિત થનાર અક્ષરપુરુષોત્તમ મહારાજની ૧૨૫ ધાતુમૂર્તિઓનું પ્રતિષ્ઠા-પૂજન કરતાં, નેનપુર ખાતે એવી જ અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિનો વેદોક્ત પૂજન-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

● તા. ૩૧-૧૨-૨૦૨૦નો દિન વિશિષ્ટ હતો. આજે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા યુ.કે.ના બર્મિંગહામ અને માન્ચેસ્ટર ખાતે રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત વિધિપૂર્વક પૂજન-પ્રતિષ્ઠાવિધિ થયો હતો. સાથે સાથે તીર્થધામ મહુવા ખાતે નિર્માણાધીન ભગતજી મહારાજના સ્મૃતિમંદિરના કળશ તથા ધજાદંડનો પૂજનવિધિ પણ કર્યો હતો. અત્રે નોંધનીય છે કે નેનપુરમાં પ્રત્યક્ષ રીતે સ્વામીશ્રીએ મૂર્તિઓ, કળશ, ધજાદંડનું પૂજન-પ્રતિષ્ઠા કર્યાં હોય તેવો આ પ્રથમ અવસર હતો.

તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોના પાટોત્સવ ભક્તિભાવથી ઊજવાયા હતા. તારીખ અને તિથિ મુજબ ઊજવાયેલા આ પાટોત્સવ પૈકી કેટલાંક મંદિરોના પાટોત્સવ નિમિત્તે સ્વામીશ્રીએ તે મંદિરોની મૂર્તિઓનાં સ્ક્રિન પર દર્શન કરતાં આરતી ઉતારી હતી. ત્યારપછી ટૅક્નોલૉજીના માધ્યમથી આઈપેડ પરના બટનને ક્લિક કરી મૂર્તિઓ પર અભિષેક કર્યો હતો.

સ્વામીશ્રીની આજ્ઞાનુસાર કેટલાક બાળકો-યુવકો અને વરિષ્ઠ હરિભક્તોએ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં સત્સંગદીક્ષા ગ્રંથનો સંપૂર્ણ મુખપાઠ કર્યો હતો. આ તમામ પર સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્નતાપૂર્વક અંતરના આશિષ વરસાવ્યા હતા.

● દર વર્ષે, નૂતન વર્ષ નિમિત્તે લંડન ખાતે મહાપૂજા યોજાય છે. તે પરંપરા મુજબ તા. ૧-૧-૨૦૨૧ના રોજ 'અક્ષરપુરુષોત્તમનાં વધામણાં... શતાબ્દી ફેમિલી મહાપૂજા' શીર્ષક હેઠળ મહાપૂજા યોજાઈ હતી. જીવંત પ્રસારણના માધ્યમથી યોજાયેલી આ મહાપૂજામાં લંડનના પાંચ હજારથી વધુ પરિવારો જોડાયા હતા. મહાપૂજામાં જોડાયેલા સૌને ગુરુહરિ પોતાના ઘરે, પોતાના મંદિરે જ વિરાજમાન હોય તેવું અનુભવાયું હતું. અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું, ''વરસની શરૂઆત મહાપૂજા, ભગવાનના કાર્યથી કરીએ એ બહુ સારું કહેવાય. આપણો ભાવ ભગવાન સ્વીકારશે. મહારાજ-સ્વામીની જોડ અનાદિ છે. એમની મહાપૂજાનો આપણને લાભ મળ્યો છે. એના કારણે તમે બધા તને, મને, ધને ખૂબ સુખી થાઓ અને એ ધનથી ભગવાનની સેવા ભક્તિ થાય. આપણે પોતે નિષ્ઠા દૃઢ કરવી અને બીજાને દૃઢ કરાવવી. પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી આવે છે તો બધા એમના ગુણ ગાવામાં મંડી પડો. એમની ઓળખાણ કરાવવી એ જ શતાબ્દીનો હેતુ છે.''

● તા. ૩-૧-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કરીને 'એની રીતે રીત' મધ્યવર્તી વિચાર સાથે તાજેતરમાં યોજાનાર બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ કાર્યકર શિબિરનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો. અંતે સ્વામીશ્રીએ સૌને બળભર્યાં આશિષવચનો કહ્યાં: ''અનંત જન્મનાં પુણ્યથી તમને કાર્યકરની સેવા મળી છે ને તમે તે ઝીલી રહ્યા છો. ભીડો વેઠીને સેવા કરી રહ્યા છો તો તમારી સેવાથી શ્રીજીમહારાજ ખૂબ રાજી થયા છે. આપણે ગુણાતીત ગુરુઓની રીતેરીત કાર્ય કરવું. અને એમાં જ માલ છે અને એ જ કરવાનું છે. મનધાર્યું મૂકીને શ્રીજીમહારાજનાં વચન પ્રમાણે કરશો તો ખૂબ સુખી થશો.''

● તા. ૧૦-૧-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ દહેગામ ક્ષેત્રના શિયાવાળા ગામમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.

● તા. ૧૧-૧-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ હિંમતનગર ક્ષેત્રના શ્યામસુંદર ગામે રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાઓનું પૂજન કરી આશિષ અર્પ્યા હતા.

ગઈકાલે તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ભાગવતી દીક્ષાદિન હતો. આ પ્રસંગ નિમિત્તે યોજાયેલી વિશિષ્ટ આધ્યાત્મિક ગોષ્ઠિ-સભામાં, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને મળેલા પ્રસિદ્ધ મહાનુભાવોના પ્રસંગોનું શ્રવણ-મનન કરવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજના વૈશ્વિક કાર્યને બિરદાવતાં મહાનુભાવોએ ઉચ્ચારેલા પ્રતિભાવો દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી રજૂ થયા હતા. અંતમાં સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજનાં ગુણગાન ગાતાં જણાવ્યું: ''કહેવાય છે કે 'વરની મા વરને વખાણે' પણ પ્રમુખસ્વામી મહારાજ માટે એવું નથી. બધાને તેમના પ્રત્યે આકર્ષણ થયું છે. સ્વામીબાપાએ સામેથી કાંઈ છાતી કાઢીને પ્રભાવ પાડવા કાર્ય કર્યું નથી, સામાન્ય રીતે વર્ત્યા છે. તેઓ બધું

ભગવાન પર છોડે. અંતરમાં ભગવાન વસેલા હોય એટલે ભગવાન જ બધું કાર્ય કરે. તેઓ હંમેશાં ભગવાનને આગળ રાખતા તો આપણે પણ જીવનમાં ભગવાનને જ આગળ રાખવા. ભગવાનની પાછળ આપણે છીએ - આવું મનમાં દૃઢ કરવું તો પછી બધું પાછળ પાછળ આવશે.''

● તા. ૧૪-૧-૨૦૨૧, આજે ઉત્તરાયણ-ઝોળીપર્વ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના ૮૧મા ભાગવતી દીક્ષાદિનનો સુયોગ હતો.

આ ઉત્સવે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી દરમ્યાન વ્યક્તિથી માડીને વિશ્વ સમષ્ટિ સુધી થઈ ગયેલી અને થઈ રહેલી સેવાઓની એક ઝાંખી દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી કરવામાં આવી હતી. ત્યારપછી શુભાશિષમાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''કોરોના મહામારીના સમયમાં બધાએ પોતપોતાની શક્તિ પ્રમાણે અને અનુકૂળ આવે તે રીતે સેવાઓ કરી છે. આ સમર્પણની ગાથા ગવાય તોય પાર આવે એમ નથી અને એ સાંભળવા બેસીએ તોય આપણને સત્સંગ થઈ જાય.

જેણે જેણે આ સેવા કરી છે તે તને, મને, ધને સુખી થાય અને એકાંતિક ધર્મ સિદ્ધ કરે એ પ્રાર્થના.''

ત્યારબાદ આજના ઉત્સવની સ્મૃતિ આપતાં સ્વામીશ્રીએ બંને ખભે ઝોળી લટકાવી સેવાની આહ્‌લેક જગાવી: *'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...!!'* ઉપસ્થિત સૌ સંતો-સાધકોએ આહ્‌લેક ઝીલી હતી.

● તા. ૧૫-૧-૨૦૨૧થી સમગ્ર ભારતનાં બાળ-બાલિકા કાર્યકરોની વાર્ષિક શિબિરનો પ્રારંભ થઈ રહ્યો હતો. સ્વામીશ્રીએ ડિજીટલ માધ્યમ દ્વારા આ શિબિરનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો.

● તા. ૨૨-૧-૨૦૨૧ના યુ.એ.ઈ.ના અગ્રણી ભક્તરાજ શ્રી રોહિતભાઈ પટેલ(દુબઈ)ની શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. જેમાં સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતોએ રોહિતભાઈની સત્સંગ પ્રત્યેની અનન્ય નિષ્ઠાનું મહિમાગાન કરતાં ભાવાંજલિ અર્પી હતી.

● તા. ૨૫-૧-૨૦૨૧: પ્રમુખ-સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત 'પારિવારિક શાંતિ અભિયાન' અંતર્ગત ઑસ્ટ્રલિયા અને ન્યૂઝીલેન્ડમાં યોજાઈ રહ્યું છે. આજ રોજ સ્વામીશ્રીએ આ અભિયાન અંતર્ગત ઘરોઘર પહોંચનારી સામગ્રીઓનું વર્ચ્યુઅલ પૂજન કર્યું હતું. અને સાથે 'જે જે ઘરે પારિવારિક અભિયાન પહોંચે તે તમામનાં દુઃખો દૂર થાય, તેમના શુભસંકલ્પો પૂરા થાય અને સૌનાં જીવનમાં શ્રદ્ધા દૃઢ થાય' એવી પ્રાર્થના કરી હતી.

● તા. ૨૬-૧-૨૦૨૧, ભારત દેશના ૭૨મા પ્રજાસત્તાક દિને સ્વામીશ્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રભક્તિ અદા કરી હતી. ભારતની સુખાકારી અને પ્રગતિ માટે સ્વામીશ્રીએ પ્રાર્થના કરી હતી.

● તા. ૨૮-૧-૨૦૨૧, પોષી પૂર્ણિમા એટલે ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષાદિન. ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપીને પોતાના અક્ષરબ્રહ્મ તરીકે ઓળખાવ્યા હતા તે ઐતિહાસિક અવસરને આજે ૨૧૧ વર્ષ પૂર્ણ થયાં હતાં. આ અવસરે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ સંતોએ ગુણાતીતાનંદ સ્વામીની સ્મૃતિઓ કરાવતાં અદ્‌ભુત મહિમા-કીર્તનોનું ગાન કર્યું હતું.

આજના શુભ અવસરે સ્વામીશ્રીએ બંગાળી ભાષામાં ભાષાંતરિત થયેલાં ત્રણ પુસ્તકો - Concepts of Swaminarayan Sampradaya, પ્રાગજી ભક્ત(પરીક્ષા પુસ્તક) અને સુચરિતમ્‌નું વિમોચન કર્યું હતું. ત્યારબાદ સ્વામીશ્રીએ આશીર્વચનમાં ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા ગાતાં કહ્યું: ''આજે ગુણાતીત દીક્ષાદિન છે. શ્રીજીમહારાજ જે જે બ્રહ્માંડમાં જાય, ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈ જ જાય. અને સાથે મુક્તો અને ઐશ્વર્ય તમામને લઈને જાય. બ્રહ્મ અને પરબ્રહ્મ અનાદિની જોડ છે. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે. જે અનંતકોટિ મુક્તોને અખંડ ધારી રહ્યા છે. કેટલા સમર્થ! પણ આ લોકમાં આવ્યા એટલે મનુષ્યની રીતે વર્તે... સ્વામીની સામર્થી હતી તો તેમણે અનંત ભક્તોને એકાંતિક ધર્મ પમાડ્યો.''

વળી, આજે પોષી પૂર્ણિમાનો દિન એટલે સંપ્રદાયની પરંપરા મુજબ 'ડાબરા ઉત્સવ'નો દિન. જેને સ્વામીશ્રીએ 'બ્રહ્મોત્સવ' નામ આપ્યું છે. આ ઉત્સવ નેનપુરમાં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં ઊજવાયો હતો. અહીં ઉપસ્થિત સૌને સ્વામીશ્રીની સાથે નેનપુર ખાતે સેવા કરી રહેલા સંતો-સાધકો-યુવકોને સમૂહભોજનનો અલભ્ય લાભ પ્રાપ્ત થયો હતો.

આમ, નેનપુર ખાતે બિરાજમાન સ્વામીશ્રીના સાંનિધ્યમાં સતત આધ્યાત્મિક પ્રેરક કાર્યક્રમોની ભરમાર વહેતી રહી.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆





# સુરતના આંગણે કણાદ ખાતે નૂતન શિખરબદ્ધ મંદિરના નિર્માણકાર્યનો શુભારંભ

તા. ૩૧-૧-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત-કણાદ ખાતે રચાનાર નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના નિર્માણ-કાર્યનો શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ પૂજનવિધિ કરાવ્યો હતો. નેનપુરમાં બિરાજમાન સ્વામીશ્રી પણ ઓનલાઇન વીડિયોકોલના માધ્યમથી વિધિમાં જોડાયા હતા.

આરંભમાં યુવકોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિને કીર્તનના તાલે નૃત્યાંજલિ દ્વારા વધાવ્યા હતા. ગુરુહરિના સ્વાગતવિધિ બાદ નૂતન મંદિર કેવું હશે તેની એક ઝલક એનીમેશન વીડિયો દ્વારા દર્શાવવામાં આવી હતી. મંદિર નિર્માણકાર્યના સૂત્રધાર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું: 'મનમાં અખંડ આકર્ષણ રહે તેવું આ અતિ અલૌકિક, અતિ દિવ્ય, અતિ સુંદર અને અતિ વિશિષ્ટ મંદિર છે. આ દક્ષિણ ગુજરાતનું નજરાણું બની રહેશે.' તેમણે સૌ હરિભક્તોને આ મંદિર નિર્માણ માટે સેવામાં જોડાવાની હાકલ કરી હતી. ત્યારબાદ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. સ્ક્રીન પર દર્શાવવામાં આવેલી સુરત મંદિરના મધ્યખંડની મૂર્તિઓ અને અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. જ્ઞાનેશ્વરદાસ સ્વામી તથા ઉપસ્થિત વરિષ્ઠ સંતોએ સિમેન્ટ-કોંક્રિટનું મિશ્રણ તૈયાર કરનાર મશીનનું પૂજન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ 'આઈ પેડ' પરનું બટન ક્લીક કરી તૈયાર મિશ્રણ ગર્તની શિલા પર રેલાવ્યું અને તે સાથે જ નૂતન શિખરબદ્ધ મંદિરના નિર્માણકાર્યનો મંગલ પ્રારંભ થયો. સૌએ આ ક્ષણોને જયકારોથી વધાવી.

સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પતાં જણાવ્યું: ''શ્રીજીમહારાજથી લઈને પ્રમુખસ્વામી મહારાજ સુધી બધા સુરત પધાર્યા છે અને સંકલ્પ કરતા ગયા છે કે 'અહીં મોટું મંદિર થશે.' આ સંકલ્પે મંદિર થશે. આપણે ભક્તિભાવથી આ બધું પૂરું કરવાનું છે. તેના માટે બધા ભક્તો તને, મને, ધને સુખી થાય. બધાના દેશકાળ ખૂબ સારા થાય અને મંદિરના કામમાં ઉપયોગી થાય. આપણે સંપ, સુહૃદભાવ, એકતાથી આ કામ ઉપાડી લઈએ. ભવ્ય મંદિર થવાનું છે એમાં આપણે રહી ન જઈએ. મહારાજ-સ્વામી જ બધું કરવાના છે. પણ આપણે જેટલું સમર્પણ કરીએ તેમાં ઘણું બધું આવી જાય. માટે સેવામાં કોઈ કસર ન રાખતા. બધા સમજીને, એકચિત્ત થઈને, આ સેવા કરીએ એ જ પ્રાર્થના.''

અંતમાં પ્રસંગાનુરૂપ સમર્પણ ગીત પર યુવકોએ નૃત્યાંજલિ પ્રસ્તુત કરી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સુરત ખાતે નૂતન મંદિર નિર્માણકાર્યનો પ્રારંભ થતાં સૌનાં હૈયાં પુલકિત થઈ ઊઠ્યાં હતાં. ◆




# વસંતપંચમીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને ભાવવંદના કરતું 'યજ્ઞપુરુષ પર્વ' યોજાયું...

પ્રતિ વર્ષે ઋતુરાજ વસંતનું આગમન નૂતન ચેતનાનો સંચાર લઈને આવે છે. નવી કૂંપળોથી મહોરતી વનરાઈ અને સુવાસથી મઘમઘતાં ઉપવનોથી વાતાવરણમાં અનેરી રોનક પ્રસરી જાય છે. વૃક્ષો-વેલીઓ ખિલખિલાટ કરતાં અનુભવાય છે. અને એટલે જ વસંતને ઋતુઓનો રાજા કહેવામાં આવે છે.

વસંતના આગમનને વધાવતો પ્રથમ ઉત્સવ એટલે વસંતપંચમી, મહા સુદ પાંચમ. અને એમાં વળી, સ્વામિનારાયણ સંપ્રદાય માટે તો અતિ ગૌરવવંતો - મહિમાદિન.

વસંતપંચમીના શુભદિને ભગવાન સ્વામિનારાયણની પરાવાણીના ગ્રંથ - શિક્ષાપત્રીનો પ્રાદુર્ભાવ થયો. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી અને બી.એ.પી.એસ. સંસ્થાના આદ્યસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ વસંતપંચમીના શુભદિને આ વસુંધરા પર પ્રગટ્યા.

તાજેતરમાં આ વસંતપર્વમાં વસંતપંચમીએ પ્રગટેલા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને વંદના કરતું પંચદિવસીય 'યજ્ઞપુરુષ પર્વ' ઓન-લાઈન યોજાયું હતું. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧ દરમ્યાન યોજાયેલા આ પર્વમાં બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતોએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં જીવન-વ્યક્તિત્વ અને તેમના અપ્રતીમ ગુણોનું મહિમાગાન કર્યું હતું.

અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે શાસ્ત્રીજી મહારાજે ઉચ્ચારેલાં ચાર મહાવાક્યો: (૧) આ મુંડાવ્યું છે તે અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવ્યું છે. (૨) આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ. (૩) અક્ષર-પુરુષોત્તમની વાત કોઈ મારા માથા પર બેસીને કરે તો પણ ઓછું છે અને (૪) અક્ષરપુરુષોત્તમ માટે વેચાવું પડે તો પણ ઓછું છે – આ ચાર મહાવાક્યોને કેન્દ્રમાં રાખી ક્રમશઃ પ્રિયસ્વરૂપદાસ સ્વામી, શ્રીજીકીર્તનદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી અને આદર્શ-સ્વરૂપદાસ સ્વામીએ મનનીય વક્તવ્યનો લાભ આપ્યો હતો. જેમાં, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજના જીવનમાં આ ચાર મહાવાક્યો કેવી રીતે જીવંત હતાં? અને તેના માટેની તેઓની તત્પરતા, ખુમારી, તેમણે વેઠેલાં અપાર કષ્ટો, અપમાનો, ભીડો અને ધર્મધજા લહેરાવવા માટે તેમણે આરંભેલાં મંદિર-નિર્માણ વગેરે અનેકવિધ કાર્યોમાં તેમને કેવી કેવી મુશ્કેલીઓનો

સામનો કરવો પડ્યો - તેની વિસ્તૃત વાતો સંતોના મુખેથી સાંભળવા મળી હતી. ત્યારબાદ સંગીતજ્ઞ યુવકો-સંતોએ શાસ્ત્રીજી મહારાજના મહિમાનાં કીર્તનોનું ગાન કર્યું હતું.

ત્યારપછી વરિષ્ઠ સંતવર્યો પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ ક્રમશઃ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના અંતરમાં છલકતી નિષ્ઠાની ખુમારીનાં દર્શન કરાવ્યાં હતાં. સાથે સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના મુખેથી ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટેની કટિબદ્ધતા, ખુમારી કેવી હતી? તેનાં પ્રેરણાસભર વચનો દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી રજૂ થયાં હતાં.

## વસંતપંચમી ઉત્સવ

તા. ૧૬-૨-૨૦૨૧, વસંત-પંચમીના રોજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો ૧૫૬મો પ્રાગટ્ય દિન હતો. સનાતન વૈદિક અક્ષર-પુરુષોત્તમ તત્ત્વજ્ઞાનને મૂર્તિમાન કરનાર મહાપુરુષનું પ્રાગટ્યપર્વ.

અનાદિકાળથી શાસ્ત્રોનાં પાનાંઓમાં ધરબાયેલા અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતને ઉજાગર કર્યો – ભગવાન શ્રી સ્વામિનારાયણે. તેઓના જ સંકલ્પ અનુસાર અક્ષરપુરુષોત્તમ સિદ્ધાતનું પ્રવર્તન કર્યું - બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે.

એટલે જ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ હતા - વૈદિક સનાતન અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રખર પ્રવર્તક. આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત માટે જીવન હોમી દેનાર શાસ્ત્રીજી મહારાજના કાર્યમાં એક અઢાર વર્ષના નવયુવાને પણ ઝંપલાવ્યું હતું. સગવડો, સહયોગ અને સાધનોની કટોકટીમાં પણ શાસ્ત્રીજી મહારાજે જે સમયાતીત કાર્યો કર્યાં તેના સાક્ષી બનવાનું સૌભાગ્ય આ નવયુવાનને સાંપડ્યું હતું. શ્રીહરિના અનન્ય બળે મુશ્કેલીઓના ઝંઝાવાતને હસતાં મુખે પાર કરનાર શાસ્ત્રીજી મહારાજને આ નવયુવાને પ્રત્યક્ષ નિહાળ્યા હતા. આ નવયુવાન એટલે શાસ્ત્રીજી મહારાજના લાડીલા શિષ્ય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને અપાર રાજી કરનાર પ્રમુખસ્વામી મહારાજની દૃષ્ટિમાં શાસ્ત્રીજી મહારાજનું કાર્ય, તેમનું ઈષ્ટબળ અને તેમની સાધુતા કેવાં ઝિલાયાં હતાં તેને આજના કાર્યક્રમમાં પ્રત્યક્ષ કરવામાં આવ્યાં હતાં. એટલે જ આજના કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર હતો - 'એવા હતા મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ....'

પ્રમુખસ્વામી મહારાજની દૃષ્ટિએ શાસ્ત્રીજી મહારાજને નિહાળીએ, કાર્યક્રમ અંતર્ગત બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના વ્યક્તિત્વનાં એક પછી એક સોપાનો ઉઘડતાં ગયાં અને ઘેર બેઠાં હજારો ભક્તોને તેનું લાઇવ વેબકાસ્ટિંગ દ્વારા દર્શન થતું રહ્યું. ઓનલાઈન માધ્યમથી ઊજવાયેલા 'યજ્ઞપુરુષ પ્રાગટ્યદિન'નો સંક્ષિપ્ત અહેવાલ અહીં પ્રસ્તુત છે...

કાર્યક્રમના આરંભમાં સારંગપુરના સંગીતજ્ઞ સંતવૃંદે ધૂન અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા વર્ણવતાં પદોનું ગાન કર્યું. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની દૃષ્ટિએ શાસ્ત્રીજી મહારાજનું વિરલ વ્યક્તિત્વ દર્શાવતાં એક પછી એક સોપાનો ઊઘડતાં ગયાં.

કાર્યક્રમનું પ્રથમ સોપાન આવ્યું - 'શાસ્ત્રીજી મહારાજનું વિરલ કાર્ય'. પ્રમુખસ્વામી મહારાજની અમૃતવાણીમાં તેઓના સ્વાનુભવો દ્વારા શાસ્ત્રીજી મહારાજના વિરલકાર્યની સૌએ દિવ્ય ઝાંખી કરી. ત્યારબાદ એ વિષયક પ્રસંગો રજૂ કરીને પૂજ્ય અપૂર્વમુનિદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજના કાર્યને ભાવાંજલિ અર્પણ કરી હતી.

ત્યારબાદ દ્વિતીય સોપાન આવ્યું - 'શાસ્ત્રીજી મહારાજની ભગવત્શ્રદ્ધાનું.' શાસ્ત્રીજી મહારાજની અનન્ય ભગવત્શ્રદ્ધાને નિહાળનાર પ્રમુખ-સ્વામી મહારાજનાં વચનો દ્વારા જ એ વિષય વિશેષ સમજાયો. અને એ વિષયક પ્રેરક પ્રસંગો રજૂ કર્યા - પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામીએ.

તૃતીય સોપાન મહોરી ઊઠ્યું - શાસ્ત્રીજી મહારાજની સાધુતા દ્વારા. અનેક કષ્ટો, ઉપાધિ અને તિરસ્કાર વચ્ચે પણ સાધુતામાં શિરમોર શાસ્ત્રીજી મહારાજના નિર્મળ જીવનને પ્રમુખસ્વામી મહારાજના અનુભવો દ્વારા સૌએ માણ્યા. શાસ્ત્રીજી મહારાજની અજોડ સાધુતા વિષયક પ્રસંગો વર્ણવ્યા - પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામીએ.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આર્ષવાણી ઉચ્ચારતાં કહેલું કે 'મારા પછી પણ આ કર્તવ્ય ચાલુ રહેશે...' એ વાક્યનો મર્મ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં વચનો દ્વારા વિશેષ દૃઢ થયો હતો.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ એ

વાક્યનું વિસ્તૃત નિરૂપણ કરતાં જણાવ્યું, ''શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે 'મારું કર્તવ્ય ચાલુ રહેશે.' ખરેખર! આ વચનો અત્યારે સિદ્ધ થતાં દેખાય છે. શાસ્ત્રીજી મહારાજના ધામગમન પછી યોગીજી મહારાજે એમની પ્રવૃત્તિને ખૂબ વેગ આપ્યો. આફ્રિકા, લંડન સુધી મંદિરો કરીને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું દેશ-વિદેશમાં પ્રવર્તન કર્યું. બાળ-યુવા સત્સંગપ્રવૃત્તિનો પ્રારંભ કરાવ્યો. ભણેલા-ગણેલા સંતો તૈયાર કર્યા. સંતોને સંસ્કૃતનો અભ્યાસ કરવા પણ ખૂબ પ્રોત્સાહન આપ્યું.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તો આ કાર્યને અનંતગણો વેગ આપ્યો. આજે ૧૨૦૦ સંતો તેમજ ભારત ઉપરાંત અમેરિકા, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા વગેરે દૂર-પૂર્વના દેશો, આરબ દેશો વગેરે દેશોમાં ૧૨૦૦ મંદિરોમાં અદ્‌ભુત અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનું કાર્ય થઈ રહ્યું છે. હજારો આબાલવૃદ્ધો સત્સંગ દ્વારા પોતાનું જીવન ધન્ય કરી રહ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજ અનેક શારીરિક મુશ્કેલીઓમાં પણ સતત વિચરતા જ રહ્યા. તેઓએ આંતરિક અને બાહ્ય રીતે ખૂબ સહન કર્યું છે. લાખો લોકોનાં મન સાચવ્યાં અને તેમને રાજી કર્યા છે. તેઓએ આજે બી.એ.પી.એસ. સંસ્થાને વિશ્વકક્ષાએ મૂકી દીધી છે. ગાંધીનગર, દિલ્હીમાં અદ્‌ભુત અક્ષરધામનાં નિર્માણ કર્યાં. અમેરિકામાં અક્ષરધામ માટે પ્રેરણા આપીને સ્વયં ત્યાં પધારીને ભૂમિનો ખાતવિધિ અને મંદિરમાં પ્રતિષ્ઠાવિધિ કર્યો. હૉસ્પિટલો, શાળા, છાત્રાલયો રચ્યાં. કુદરતી આફતોમાં સ્વામીશ્રીએ ખૂબ સહાય કરી. યોગીબાપાએ શરૂ કરેલી દરેક પ્રવૃત્તિને ખૂબ પ્રોત્સાહન આપીને હજારો બાળકો, યુવકો, કિશોરોને સત્સંગ અભિમુખ કર્યાં. સંતોને સંસ્કૃત ભણવાની ખૂબ પ્રેરણા આપીને પ્રસ્થાનત્રયી પર ભાષ્યો રચાવ્યાં.

આજે મહંત સ્વામી મહારાજ પણ એ જ કાર્ય કરી રહ્યા છે. યોગીજી મહારાજે તેમને દીક્ષા આપી ત્યારથી જ મહંત સ્વામી મહારાજ વિચરણ, પધરામણીઓ, કથાવાર્તા, પત્રો લખીને સૌને માર્ગદર્શન આપતા રહ્યા છે. નિર્માનીપણે સૌનો મહિમા સમજીને, સૌને આદર આપીને, દાસભાવે તેમણે અનેક કાર્યો કર્યાં છે. તેઓએ અનેક નૂતન આવિષ્કાર પણ સંપ્રદાયને આપ્યા છે. તેમાં સત્સંગદીક્ષા ગ્રંથ, નૂતન આરતી, સહજાનંદ નામાવલી, નૂતન મહાપૂજા ગ્રંથ આપીને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના વિશેષ પડઘમ ગૂંજાવ્યા છે. તેથી જ આજે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ આપણને વિશેષ શ્રદ્ધા જાગે છે કે શાસ્ત્રીજી મહારાજનાં વચનો અનુસાર આ રીતે જ સંપ્રદાય વિશેષ વૃદ્ધિ પામતો જ રહેશે. અને તેમનું કર્તવ્ય ચાલુ જ રહેશે.''

અંતમાં, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચનો પાઠવતાં જણાવ્યું ''આજે શાસ્ત્રીજી મહારાજની ૧૫૬મી જન્મજયંતી છે. શાસ્ત્રીજી મહારાજનાં ચાર મહાવાક્યો સાંભળો એ જ એમનો પરિચય.'' એમ કહી તેમણે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના માટે શાસ્ત્રીજી મહારાજે ઉચ્ચારેલાં ચાર મહાવાક્યો કેવી પરિસ્થિતિમાં, કયા સ્થળે અને કોની સમક્ષ ઉચ્ચાર્યાં હતાં તે સુંદર પ્રસંગોનું વિસ્તૃત નિરૂપણ કર્યું હતું.

ત્યારપછી જણાવ્યું, 'આ ચારેય વાક્યોમાં શાસ્ત્રીજી મહારાજના અંતરમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કેવી હતી તે બહાર આવે છે. શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ન થયા હોત તો આ જ્ઞાન ખૂણામાં પડી રહેત. નાનાં નાનાં મંડળોની જેમ ખપી જાત. પણ તેના માટે શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષની જરૂર હતી. તે શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવ્યું. અને ગામે ગામ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા સિંહ સમાન ભક્તો પકવ્યા. જેમાં ગલભાઈ, હીરામુખી જેવા શૂરવીર હરિભક્તો હતા. આ રીતે આ જ્ઞાન ગાજતું થયું. અને સ્વામીએ તો અક્ષરપુરુષોત્તમની સાક્ષાત્ મૂર્તિઓ પધરાવી દીધી. ખાલી વાતો નથી કરી. એમાં કોઈ વાદ-વિવાદ કરી શકે જ નહીં.

આવું સરસ જ્ઞાન સાંભળ્યું, આવી સરસ સંતોના મુખેથી કથાઓ સાંભળી તો હવે આપણે કરવાનું શું? તો આપણે અક્ષરપુરુષોત્તમ માટે સર્વસ્વ હોમી દેવું. અને એ જ કાર્ય કર્યા જેવું છે. એમાં જ મહિમા ને માલ છે. બીજું કાંઈ સાથે આવશે નહીં. અનંત જન્મ લીધા એ બધું વ્યર્થ ગયું. પણ આ મહારાજ-સ્વામી અને મુક્તો એમની પંક્તિમાં આપણે ગોઠવાઈ જવું.''

અંતમાં, લાઇવ વેબકાસ્ટ દ્વારા કાર્યક્રમને જીવંત માણી રહેલા લાખો ભક્તો અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ સાથે આરતીમાં જોડાયા. આમ, સતત બે કલાક સુધી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની દૃષ્ટિએ શાસ્ત્રીજી મહારાજને નિહાળીને સૌનાં હૈયાં પણ ગાઈ રહ્યાં હતાં, *'એવા હતા મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ...'*

◆

# શ્રીરામજન્મભૂમિ મંદિર માટે નિધિ સમર્પણ સમારોહ

## શ્રીરામજન્મભૂમિ મંદિરના કોષાધ્યક્ષ પૂજ્ય ગોવિંદદેવગિરિજી મહારાજ અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ આપ્યું આર્થિક અનુદાન




તીર્થક્ષેત્ર અયોધ્યા એટલે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામની જન્મભૂમિ, જે હજારો વર્ષોથી કરોડો હિન્દુઓની પવિત્ર આસ્થાનું અનોખું કેન્દ્ર બની રહ્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની એ બાળ-ચરિત્રોની રમણભૂમિ, જ્યાંથી બાળઘનશ્યામનાં એ આંદોલનો ગુજરાત અને હવે વિશ્વના ખૂણે ખૂણે પ્રસરી રહ્યાં છે.

આ પવિત્ર ભૂમિ પર કરોડો આસ્થાવાન હિન્દુઓના સ્વાભિમાનનું એક અનોખું સ્થાન રચાઈ રહ્યું છે – શ્રી રામજન્મભૂમિ પર નિર્માણાધીન શ્રીરામમંદિર. છેલ્લી પાંચ પાંચ સદીઓના સંઘર્ષ, સંતો-ભક્તોની તપસ્યા-શ્રદ્ધા -ભક્તિ અને તેમનાં બલિદાનો હવે સાર્થક થઈ રહ્યાં છે. એટલે જ વિશ્વભરમાં વસતા હિન્દુઓના રોમ રોમમાં ગૌરવપૂર્ણ હરખ અનુભવાય છે, અને તેનું પ્રતિબિંબ અનુભવાય છે - મંદિરના નિર્માણ માટે સૌએ વહાવેલા દાનના પ્રવાહમાં.

એ પ્રવાહમાં સંમિલિત થઈને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ પણ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આર્થિક અનુદાન આપ્યું છે.

ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યા ખાતે નિર્માણાધીન મંદિરની નિધિ સમર્પણ માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં સમારોહનું આયોજન તા. ૧૩-૨-૨૦૨૧ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ, અમદાવાદ ખાતે થયું હતું, જેમાં શ્રી રામજન્મભૂમિ તીર્થક્ષેત્રના ટ્રસ્ટી તેમજ કોષાધ્યક્ષ પરમ પૂજ્ય શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજે ખાસ પધારીને આશીર્વચન પાઠવ્યાં હતાં.

સોશિયલ ડીસ્ટન્સ વગેરે નિયમોના પાલન સાથે કુલ ૧૫૦ જેટલા ખાસ નિમંત્રિત ભક્તો-ભાવિકો-સંતોની ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાયો હતો. સમારોહના આરંભે સંતોએ વૈદિક પ્રાર્થના અને 'શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન' પદ ગાઈને વંદના કરી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત પૂજ્ય આનંદસ્વરૂપ સ્વામીએ કર્યું હતું અને બ્રહ્મવિહારી સ્વામીએ સ્વાગત સંબોધન કર્યું હતું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને રામ-જન્મભૂમિ મંદિરનાં કેટલાંક અવિસ્મરણીય સંસ્મરણોને વીડિયોના માધ્યમથી સૌએ માણ્યાં, જેમાં સ્વામીશ્રીએ રામજન્મભૂમિ આંદોલનમાં આપેલા ભક્તિપૂર્ણ સહયોગની હૃદયસ્પર્શી રજૂઆત હતી.

ત્યારબાદ સ્વામીશ્રીની એ જીવનભાવનાના પ્રતીકરૂપે, રામમંદિરના નિર્માણ માટે રૂપિયા ૨,૧૧,૧૧,૧૧૧નો ચૅક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી સંસ્થાના આંતરરાષ્ટ્રીય સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ, કોષાધ્યક્ષ પૂજ્ય શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ અને મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો હતો.


આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું, 'વર્ષો પહેલાં પ્રમુખસ્વામી મહારાજે રામશિલાનું પૂજન કરેલું અને ત્યારે આશીર્વાદ આપેલા ત્યારથી સતત પ્રમુખસ્વામી મહારાજથી માંડીને મહંત સ્વામી મહારાજ આ મંદિરના નિર્માણમાં યોગદાન આપી રહ્યા છે. તેમણે દુનિયાભરમાં અનેક મંદિરો, શ્રેષ્ઠ મંદિરો બનાવ્યાં છે, તે અનુભવ-દૃષ્ટિનો લાભ આ મંદિરમાં પણ મળશે. ગુજરાતે પહેલેથી ભગવાન રામના મંદિરને બનાવવા માટે અનેક સંઘર્ષ કરેલા છે. યાત્રા પણ સોમનાથથી જ નીકળી હતી. રામમંદિર, રામશિલાપૂજન, રામરથ આ બધા કાર્યક્રમની શરૂઆત સોમનાથથી જ થઈ હતી. ગુજરાતની ધરતી ઉપરથી જ થઈ હતી. અને ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે રામશિલાપૂજન એ પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના હાથેથી શરૂઆત થઈ હતી. આપણે સૌ ઇચ્છીએ કે જલદી મંદિર બને. આપણે સાક્ષી બન્યા છીએ એ આપણા બધા માટે આનંદની વાત છે. ઇતિહાસ અનેક વર્ષો સુધી લોકો સમક્ષ રહેવાનો છે, ત્યારે આપણને ગૌરવ થશે કે એ વખતે અમે સૌ સાક્ષી હતા.'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને યોગીજી મહારાજ સાથેનાં દિવ્ય સંસ્મરણો તાજાં કરીને પૂજ્ય શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજે જણાવ્યું હતું કે 'જે સ્થાનથી રામશિલાના પૂજન સાથે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના હસ્તે મંદિર-નિર્માણની શિલાના પૂજનનો આરંભ થયો હતો એ સ્થાનમાં આજે પુનઃ રામમંદિર માટે એકત્રિત થયા છીએ ત્યારે એટલું કહીશ કે રામમંદિરની યાત્રાનો પ્રારંભ ભગવાન સોમનાથના મંદિરથી થયો હતો. એટલે તેને રામમંદિરની યાત્રાની ગંગોત્રી કહીએ, અને આ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શ્રીરામમંદિરના નિર્માણમાં બી.એ.પી.એસ. સંસ્થાનો સહયોગ જાહેર કરી રૂ. ૨,૧૧,૧૧,૧૧૧/-ની સેવા અર્પણ કરી...







બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ, અમદાવાદના સભાગૃહમાં સોશિયલ ડિસ્ટન્સ અને જરૂરી તકેદારીઓ સાથે યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત સમુદાય

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરથી તેની ધારા આગળ વહી છે. અહીંથી આપણને બધાને પ્રેરણા આપતી ધારા વહી છે. આ દેશને જે પ્રકારના પુરુષાર્થની આવશ્યકતા છે, જે પ્રકારના ત્યાગની આવશ્યકતા છે, જે પ્રકારના પુરુષાર્થરત જીવન સાથે ભારતમાતાની સેવાની આવશ્યકતા છે, એ તમામ બાબતો આ સંપ્રદાયે એક ઉચિત આદર્શ સાથે આપણી સમક્ષ મૂકી છે. લોકોને એમ લાગે કે સાધુઓ શું કરી શકે? પરંતુ આ સંતોએ જે કાર્ય કર્યું છે એ જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ જાય છે. તેમાં પણ મંદિરનિર્માણનો રેકોર્ડ અદ્‌ભુત છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અંતઃકરણની તીવ્ર ભાવના હતી કે જન્મભૂમિ પર રામનું મંદિર ભવ્ય બનવું જોઈએ.

રામનું મંદિર તો સર્વત્ર હોઈ શકે છે, પરંતુ જન્મભૂમિનું મંદિર તો એક જ બનશે. લાંબા સંઘર્ષ પછી તેના નિર્માણનો આરંભ થઈ રહ્યો છે.

ભગવાન શ્રીરામ તો નૈતિકતાનું મૂર્તિમંત સ્વરૂપ હતા. ભગવાન શ્રીરામ રાષ્ટ્રપુરુષ છે. વાલ્મીકિ રામાયણમાં હજારો લોકોએ એક વાત કહી છે કે અમે એ રાષ્ટ્રને જાણતા નથી, જ્યાં ભગવાન શ્રીરામ નથી. અને જ્યાં રામ નથી તેનું અમારે કંઈ કામ નથી. જ્યાં રામ હશે ત્યાં નવી અયોધ્યા ખડી કરીશું.

ભગવાન શ્રીરામચંદ્રજી આત્મનિર્ભર હતા. તમામ સદ્‌ગુણોના મૂર્તિમંત સ્વરૂપ હતા. એમનું આ મંદિર સ્થપાય છે ત્યારે તેમના દિવ્ય ગુણોનો ભાવ સમગ્ર દેશમાં જાગશે. આ દેશ માત્ર સોનાની ચીડિયા નહીં, પરંતુ સોનાનો સિંહ બનીને વિશ્વ સમક્ષ પરાક્રમોનું દર્શન કરાવશે.

જેનો આરંભ સંતોના હસ્તે થયો હોય એ કાર્ય શ્રેષ્ઠ જ થાય. આથી મંદિરની સાથે સાથે તમામ એશિયાઈ દેશોમાં પણ રામનો સંબંધ જાગ્રત કરીશું. ત્યાં લોકો સાથે સંપર્ક કરીને એમને વિશ્વાસ અપાવીશું કે રામ તમારા પણ છે. એ લોકો અયોધ્યાની યાત્રાએ આવશે અને તેમને પણ

ગૌરવ જાગશે. આ મંદિરના નિર્માણ સાથે અયોધ્યા 'ધ કલ્ચરલ કૅપિટલ ઓફ ધ વર્લ્ડ' એટલે કે વિશ્વની સાંસ્કૃતિક રાજધાની બનશે, વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના જાગશે, ભારત એક સમર્થ રાષ્ટ્ર પણ બનશે, ભારતનું આ સામર્થ્ય વિશ્વ પર આક્રમણ કરવા માટે નહીં, પરંતુ વિશ્વનું મંગલ કરવાના કામમાં આવશે.'



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી, આ પ્રસંગે આશીર્વચન ઉચ્ચારતાં ઈશ્વરચરણદાસ સ્વામીએ જણાવ્યું હતું કે 'સન ૧૯૬૮માં યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સહિત અમે સૌ રામજન્મભૂમિ પર રામલલ્લા સમક્ષ ધૂન કરી હતી, એ આજે યાદ આવે છે. ત્યારપછી પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વારંવાર રામજન્મભૂમિની યાત્રા કરીને પ્રાર્થના અને પુરુષાર્થ કર્યાં છે, તેનું આજે સ્મરણ થાય છે. લાખો સંતો-ભક્તોની તપસ્યા અને બલિદાન સાકાર થઈ રહ્યાં છે. મંદિરનું નિર્માણ થશે ત્યારે રાષ્ટ્ર અને સંસ્કૃતિનું એક સ્વાભિમાન જાગશે, જેનો પડઘો આવનારી અનેક પેઢીઓ પર પડશે.'

સોશિયલ ડિસ્ટન્સ અને આનુષંગિક વ્યવસ્થાઓ સાથે મર્યાદિત નિમંત્રિતો-સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં મંચ પર શ્રીરામમંદિર નિધિ સમર્પણ સમિતિ, ગુજરાતના અધ્યક્ષ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તેમજ વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત ક્ષેત્રના અધ્યક્ષ દિલીપભાઈ ત્રિવેદી પણ ઉપસ્થિત હતા.

ઉલ્લેખનીય છે કે શ્રી રામમંદિરના ભૂમિપૂજન સમારોહ માટે બી.એ.પી.એસ. સંસ્થાના આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી રામયંત્રનું પૂજન કરી આ મંદિરનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ કરી ભવ્ય મંદિર બને, રામરાજ્યની સ્થાપના થાય અને વિશ્વમાં શાંતિ થાય તે માટે ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના કરી હતી. આજે પણ તેઓએ પોતાનાં આશીર્વચનો પાઠવ્યાં હતાં કે વહેલામાં વહેલી તકે નિર્વિઘ્ને શ્રીરામમંદિર પૂર્ણ થઈ જાય, તે માટે આપણે સૌ સંપ, સુહૃદભાવ અને એકતાથી ભક્તિપૂર્વક પ્રયાસ કરીએ, પ્રાર્થના કરીએ. ◆


**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર** | **સ્ટાફ અંગે**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુરમાં ૨૦૨૧થી શરૂ થતાં સત્ર માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ માટે; પ્રાયમરી, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક(વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ)માં સેવાભાવી સ્ટાફની જરૂરિયાત છે.

**વિષય:** ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, ઍકાઉન્ટ, આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી તથા ભાષા વિષયના અનુભવી અને તજજ્ઞ શિક્ષકોએ વિષય સાથે અરજી કરવી.

**લાયકાતઃ** B.sc., M.sc., B.E., B.Tech., Diploma, B.Pharm, M.Pharm, P.T.C., B.A., M.A., B.B.A., M.B.A., B.ed./ અનુભવી.

**છાત્રાલય માટે જરૂરિયાત**: ગૃહપતિ, ક્લાર્ક, કમ્પ્યૂટર ઓપરેટર, ઍકાઉન્ટન્ટ, મૅનેજર, સુપરવાઇઝર, સંગીત, મેન્ટેનન્સ સ્ટાફ, સ્વચ્છતા તથા અન્ય સ્ટાફની જરૂરિયાત છે. તેઓએ પોતાના સંપૂર્ણ બાયોડેટા તથા મોબાઇલ નંબર તથા અપેક્ષા સાથે Email - sarangpursvm@gmail.com પર મેઇલ કરવો અથવા Whatsapp - 9998995577 નંબર ઉપર અથવા ટપાલ દ્વારા ૧૫ દિવસમાં નીચેના સરનામે અરજી કરવી.

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ
મો. ૯૯૯૮૯૯૫૫૭૭, ૯૪૨૭૦૪૧૦૦૧ ◆

# ઈંગ્લેન્ડ અને યુરોપમાં ગુજરાતી ભાષાના નવીનતમ શિક્ષણ માટે બી.એ.પી.એસ. સંસ્થાને અર્પણ કરાયો થ્રેલફોર્ડ મેમોરિયલ ઍવૉર્ડ

ઈંગ્લેન્ડ અને યુરોપમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ અને પ્રસાર કરવા બદલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, નિસડનને ઈંગ્લેન્ડની ચાર્ટર્ડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ લિંગ્વિસ્ટિસ દ્વારા ૨૦૨૦નો 'થ્રેલફોર્ડ મેમોરિયલ કપ' ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે.

આ ઍવૉર્ડ સન ૧૯૩૫થી ભાષાના વિકાસનું કામ કરતી વ્યક્તિ કે સંસ્થાને પ્રતિવર્ષ આપવામાં આવે છે. અગાઉના ઍવૉર્ડ વિજેતાઓની સરખામણીમાં આ ઍવૉર્ડ વિશિષ્ટ હતો, કારણ કે બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ ગુજરાતી ભાષાના શિક્ષણની શૈલીને ગમ્મત સાથે જ્ઞાનદાયક બનાવવા ઉપરાંત વર્તમાન પ્રવાહોને ધ્યાનમાં રાખીને નૂતન સ્વરૂપ આપ્યું હતું.

સ્વયંસેવકો દ્વારા ગુજરાતી ભાષાના અભ્યાસક્રમને GCSE સ્તરનો બનાવવા માટે નિષ્ણાતોની વિવિધ સહાય લઈને આઠ પુસ્તક તૈયાર કરવામાં આવ્યાં હતાં. પ્રાથમિક શાળાના બાળકોને ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવા માટે ઇન્ટરેક્ટિવ બોર્ડ અને કાર્ડ ગેમ્સ જેમ કે ગુજરાતી ક્વિઝ, ગુજરાતી સ્પિનર, ગુજરાતી ફ્લેશ કાર્ડ્સ અને ગુજરાતી સ્ટ્રિપ્સ વગેરે ઉપયોગમાં લેવાયાં હતાં. કક્કો-બારાખડીનું લાકડાનું બોર્ડ, ગુજરાતી ભાષામાં લાકડાનાં ક્યુબ્સ બનાવાયાં હતાં. આ બધાં સાધનો બી.એ.પી.એસ.ની Online gift shop પર સુલભ છે. ગુજરાતી ભાષાના વિકાસ માટેના બી.એ.પી.એસ. સંસ્થાનાં આ તમામ માધ્યમોનો ઉપયોગ કરીને વિશ્વના શિક્ષકોએ પોતાની જ્ઞાનવૃદ્ધિ કરી છે અને શિક્ષણ શૈલી સુધારી છે. ગુજરાત સહિત ઈંગ્લેન્ડ, યુરોપ, ઉત્તર અમેરિકા, આફ્રિકા, ધ એશિયા-પેસિફિક, ધ યુ.એ.ઈ.માં આ પદ્ધતિ અને ધોરણ અનુસાર ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવામાં આવે છે. બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોનું આ સમર્પણ અને પુરુષાર્થ રંગ લાવ્યો છે અને બાળકો GCSE સ્તરની પરીક્ષા સારા માર્ક્સ સાથે પાસ કરીને એ-લેવલ પ્રાપ્ત કરી રહ્યા છે.

બી.એ.પી.એસ. સંસ્થાની સર્જનાત્મક ટીમ વતી આ ઍવૉર્ડ રાહુલ ભાગવતે સ્વીકાર્યો હતો. સાથે મહત્ત્વની સેવા આપનાર અલ્પેશ પટેલ, મિરાજ પટેલ, લાલજી લાડવા, શૈલેશ પૂજારા, જિજ્ઞાસા પટેલ અને સરયૂ પટેલ સહિત અન્ય સભ્યો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપક્રમે રાહુલ ભાગવતે જણાવ્યું હતું કે 'ગુજરાતી ભાષાનું આ પ્રશિક્ષણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં આવતાં બાળકોમાં સાંસ્કૃતિક એકતા સાધવાનું માધ્યમ બન્યું છે. ગુજરાતી ભાષાના આ અભિયાનની પ્રેરણા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આપી હતી. 'ભાષા જશે તો સંસ્કાર જશે' એ પ્રમુખસ્વામી મહારાજનું સૂત્ર હતું. એ સુવર્ણ સૂત્ર વિદેશમાં વસતા ગુજરાતીઓના હૃદયને સ્પર્શી ગયું હતું. અને તેઓની પ્રેરણાથી અમે ગુજરાતી સમાજમાં ગુજરાતી ભાષાના વિકાસની જાણે પ્રતિજ્ઞા લીધી છે! ગુજરાતી પરિવારો તેને હોંશે હોંશે અમારી સેવાઓને સ્વીકારીને પોતાનાં સંતાનોમાં ગુજરાતી ભાષાના સંસ્કાર સીંચી રહ્યા છે. આ બધો જ યશ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે જાય છે.' ◆





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, લોસ એન્જલસ, યુ.એસ.એ.

# કોરોના મહામારીમાં પ્રાણ ગુમાવનારાઓ માટે અમેરિકામાં બી.એ.પી.એસ. મંદિરોમાં વિશિષ્ટ શ્રદ્ધાંજલિ સમારોહ

કોરોના મહામારીના વિકટ સમયમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વિશ્વકક્ષાએ માનવસેવાઓનો પ્રવાહ વહાવ્યો હતો અને આરોગ્ય સેવાઓથી લઈને ભોજન પહોંચાડવા સુધીની અનેક સ્તરીય સેવાઓ દ્વારા, અસંખ્ય લોકોને નવું જીવન આપીને, એમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. કોરોના મહામારીના આ સંકટમાં વિશ્વભરમાં લાખો લોકોએ પોતાના પ્રાણ પણ ગુમાવ્યા છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે, પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીના અવસરે એ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પીને તેમના આત્માની શાંતિ માટે તેમજ તેમના પરિવારજનોને આત્મબળ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના કરી હતી.

આ જ શૃંખલામાં તે સૌને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે તા. ૧૯-૧-૨૦૨૧ના રોજ નોર્થ અમેરિકાનાં બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરોમાં એક વિશિષ્ટ ઉપક્રમ રચાઈ ગયો.



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની સમિતિ દ્વારા યોજાયેલા આ રાષ્ટ્રીય શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં વોશિંગ્ટન ડીસીના લિંકન મેમોરિયલ રિફ્લેક્ટીંગ પુલથી લઈને રાષ્ટ્રનાં અનેક સ્મારકો પર વિશિષ્ટ લાઈટિંગ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. એ રાષ્ટ્રીય સ્મારકોની સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં શિખરબદ્ધ મંદિરો પણ વિશિષ્ટ વીજદીપકો સાથે આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં જોડાયાં હતાં. રોબિન્સવિલ(ન્યૂજર્સી), એટલાન્ટા(જ્યોર્જિયા), લોસ એન્જેલસ(કેલિફોર્નિયા), શિકાગો(ઇલિનોઇસ), હ્યુસ્ટન (ટેક્સાસ) વગેરે બી.એ.પી.એસ. મંદિરોમાં વિશિષ્ટ વીજદીપકો સાથે મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પતાં પ્રાર્થના કરવામાં આવી હતી. માત્ર મંદિરો નહીં પરંતુ, બી.એ.પી.એસ. સંસ્થાના હજારો ભક્તોએ પણ પોતાના ઘરે દીપકો પ્રજ્વલિત કરીને મૃતકોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને તેમને માટે પ્રાર્થના કરી હતી. ◆

# તિરુપતિ ખાતે યોજાયો દક્ષિણ ભારતના મૂર્ધન્ય વિદ્વાનો સાથે અક્ષરપુરુષોત્તમ દર્શનનો બહુદિવસીય શાસ્ત્રાર્થ

## દક્ષિણ ભારતના તત્ત્વજ્ઞાનના મૂર્ધન્ય વિદ્વાનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને મૌલિક અને નૂતન તત્ત્વજ્ઞાન તરીકે આવકાર્યું...

ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં હજારો વર્ષોના દીર્ઘ સમય-અંતરાલમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનું પ્રદાન સદા અવિસ્મરણીય રહેશે. ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારતના દાર્શનિક ઈતિહાસમાં વૈદિક, સનાતન, સ્વતંત્ર અક્ષરપુરુષોત્તમ દર્શનની ભેટ આપીને ષડ્દર્શનની શૃંખલામાં નૂતન અને મૌલિક પૃષ્ઠ ઉમેર્યું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા-પ્રેરણાથી, ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત આ દર્શનનું શાસ્ત્રીય રીતે પ્રતિપાદન કરતાં મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પ્રસ્થાનત્રયી ભાષ્યોની રચના કરી છે.

આ પ્રસ્થાનત્રયી ભાષ્યોની રચના થયા બાદ, ઉત્તર-દક્ષિણ ભારતમાં અને વિદેશોમાં પણ પ્રકાંડ વિદ્વાનો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરપુરુષોત્તમ દર્શનના તત્ત્વજ્ઞાનને આ એક મૌલિક અને નૂતન વૈદિક તત્ત્વજ્ઞાન તરીકે સ્વીકાર અને આવકાર મળી રહ્યો છે.

તાજેતરમાં એવી જ એક નોંધપાત્ર અને ઐતિહાસિક શાસ્ત્રીય સંગોષ્ઠિ યોજાઈ ગઈ – દક્ષિણ ભારતમાં તિરુપતિ ખાતે.

તિરુપતિ સ્થિત રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રીમુરલીધર શર્માએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સમક્ષ એક વિશિષ્ટ સંકલ્પ પ્રસ્તુત કર્યો કે 'તિરુપતિ વિદ્યાનું ધામ છે. અહીં સંસ્કૃતનો દાર્શનિક અભ્યાસ થાય છે. શાસ્ત્રાર્થો પણ થાય છે. હાલ જ્યારે અક્ષરપુરુષોત્તમ દર્શનનું પ્રતિપાદન કરતાં ભાષ્યો રચાયાં છે ત્યારે આ દર્શનનો પરિચય અહીંના દક્ષિણ ભારતીય વિદ્વાનોને પણ થવો જોઈએ. મને તો આ દર્શનની શાસ્ત્રીયતા અને વૈદિકતાની પ્રતીતિ છે. ભાષ્યકાર મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીની વિદ્વત્તાને પણ હું જાણું છું. પરંતુ મને જે પ્રતીતિ છે તેની વાત હું બધા વિદ્વાનોને કરું એના કરતાં વિદ્વાનો જાતે જ સ્વામીજી સાથે શાસ્ત્રાર્થ કરીને તેની પ્રતીતિ કરે તે વધારે ઈચ્છનીય છે. તેમાં પણ એક એક પંડિત







તેઓશ્રીને વ્યક્તિગત મળે, ચર્ચા તથા પ્રશ્નોત્તર કરે. અંતે સમસ્ત દક્ષિણ પ્રાંતના મૂર્ધન્ય વિદ્વાનો, સાથે મળીને સ્વામીજી સાથે એક વિનીત અને પ્રશાંત શાસ્ત્રાર્થ કરે, જેમાં આ અક્ષરપુરુષોત્તમ દર્શનની પ્રમાણભૂતતા કેટલી છે? પ્રસ્થાનત્રયીનો આધાર કેવો છે? સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોનો આધાર કેવો છે? ન્યાય-વ્યાકરણ વગેરે દૃષ્ટિએ પરિશુદ્ધિ કેવી છે? સ્વામીજીનું ષડ્‌દર્શનનું જ્ઞાન કેવું છે? વગેરે તમામ પાસાંઓનું અવલોકન થાય. વળી, તેઓ પ્રસ્થાનત્રયીના એકમાત્ર જીવંત ભાષ્યકાર છે, તો એમનાં દર્શન હું બધા વિદ્વાનોને એવી રીતે કરાવું કે તેઓ એક ભાષ્યકાર છે એનો અનુભવ વિદ્વાનો સ્વયં કરે. તેઓને પ્રતીતિ થયા બાદ આ વિશ્વવિદ્યાલય દ્વારા અક્ષરપુરુષોત્તમ દર્શનનાં અધ્યયન અને અધ્યાપનનો આરંભ પણ થાય.'

અને કુલપતિશ્રીનો એ સંકલ્પ સાકાર થયો. ૨૬મી જાન્યુઆરીથી તિરુપતિ ખાતે વિશ્વવિદ્યાલયમાં જ સુદીર્ઘ શાસ્ત્રાર્થનું આયોજન નક્કી થયું. ભદ્રેશદાસ સ્વામી અને નિર્દોષયોગીદાસ સ્વામી તિરુપતિ રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય પહોંચ્યા ત્યારે સાથે અક્ષરપુરુષોત્તમ મહારાજની ધાતુની મૂર્તિ સાથે તેઓને આવકારવા કુલપતિશ્રી સ્વયં સામે આવ્યા. વૈદિક વિદ્વાનોએ દાક્ષિણાત્ય પદ્ધતિ પ્રમાણે વેદમંત્રોના ઉચ્ચાર સાથે તેમનું સ્વાગત કર્યું. કુલપતિનિવાસમાં જ એક સ્વતંત્ર બંગલામાં તેઓને નિવાસ આપવામાં આવ્યો હતો.

### બહુદિવસીય દાર્શનિક ચર્ચાસત્રનો આરંભ

પ્રથમ દિવસથી જ દાર્શનિક સંગોષ્ઠિનો આરંભ થઈ ગયો. કુલપતિશ્રીએ ખૂબ સુંદર આયોજન કર્યું હતું. અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત વગેરે વેદાંતના વિદ્વાનો તેમજ ન્યાય, વ્યાકરણ વગેરેના વિશારદ વિદ્વાનો એક પછી એક ભદ્રેશદાસ સ્વામી સાથે અક્ષરપુરુષોત્તમ દર્શન અંગે વિમર્શ કરવા આવવા લાગ્યા. જાણે એક અભૂતપૂર્વ જ્ઞાનયજ્ઞનો આરંભ થયો હોય તેમ સૌ પંડિતોને અનુભવાતું! પારંપરિક રીતે વિદ્યા પ્રાપ્ત કરેલ આ વિદ્વાનો પોતપોતાના વિષયમાં પ્રકાંડ પાંડિત્ય ધરાવતા હતા. પોતાના સંપ્રદાયમાં પરિનિષ્ઠ હોય, ઉપનિષદો, સંપૂર્ણ ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્રો કંઠસ્થ હોય, ન્યાય અને વ્યાકરણના સિદ્ધાંતો હસ્તામલકવત્ હોય, વારંવાર શાસ્ત્રાર્થોમાં ભાગ લઈ ચૂક્યા હોય તેવા આ વિદ્વાનો હતા. શાસ્ત્રીયતાસભર સંસ્કૃત ભાષા ધારાપ્રવાહથી બોલે. વિષયની શાસ્ત્રીયતા, ગહનતા અને ગંભીરતા લાગે તો જ આમંત્રણને સ્વીકારે અને અશાસ્ત્રીય વાતને ક્યારેય ન સ્વીકારે એવા આ પ્રખર વિદ્વાનો હતા.

સતત નવ દિવસ સુધી સવારથી લઈ સાંજ સુધી કુલપતિનિવાસનું પ્રાંગણ આવા વિદ્વાનોથી ઊભરાતું રહ્યું. દરરોજ લગભગ ૧૦ કલાક સુધી ચર્ચા ચાલતી. આ ચર્ચામાં ભદ્રેશદાસ સ્વામી વચનામૃત ગ્રંથ વાંચીને ભગવાન સ્વામિનારાયણે અક્ષરપુરુષોત્તમ દર્શન કેવી રીતે પ્રસ્થાપિત કર્યું છે? તેની વાત કરતા. સૌ પ્રથમ તેઓ મૂળ ગુજરાતી ગ્રંથ વાંચતા, પછી વિદ્વાનો પાસે પણ તેનો સંસ્કૃત અનુવાદ વંચાવતા. ત્યારબાદ એ જ વાતો પ્રસ્થાનત્રયીમાં કેવી રીતે છે? તેમાં અક્ષર અને પુરુષોત્તમનો ભેદ કેવી રીતે છે? જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ નિત્ય ભેદની વાતો ક્યાં અને કેવી રીતે નિરૂપિત છે? વગેરે વિષયો પર અતિ ગહન ચર્ચાઓ થતી. વિદ્વાનો ભદ્રેશદાસ સ્વામીની વિદ્વત્તા, નમ્રતા અને સંસ્કૃતભાષા પરનું તેમનું પ્રભુત્વ જોઈ આશ્ચર્ય પામતા. ચર્ચા દરમ્યાન વિદ્વાનો જાતે જ ભદ્રેશદાસ સ્વામી રચિત પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય, વાદગ્રંથ સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા, સત્સંગદીક્ષા વગેરે શાસ્ત્રોનું સઘન પર્યાલોચન કરતા. જરૂર પડ્યે ત્રણ ત્રણ કે ચાર ચાર વખત મળીને પણ સંશયોનું સમાધાન મેળવતા. તેમાં પણ અક્ષરબ્રહ્મ તત્ત્વનું વિશદ નિરૂપણ સાંભળીને વિદ્વાનો અચંબિત થઈ જતા.

આ વિદ્વાનો પ્રતિદિન ભદ્રેશદાસ સ્વામી સાથે થયેલી ચર્ચાનો અહેવાલ કુલપતિશ્રીને ઉત્સાહપૂર્વક આપતા, કુલપતિને પણ સાનંદ આશ્ચર્ય થતું. આ શાસ્ત્રાર્થ દરમ્યાન વિદ્વાનોએ ઘણા પ્રશ્નો પણ રજૂ કર્યા, જેમ કે –




- અમે શિક્ષાપત્રી વિષે જાણીએ છીએ, પરંતુ વચનામૃત અંગે પ્રથમ વખત સાંભળીએ છીએ તો તેનો પરિચય આપો અને તેના પ્રધાન પ્રતિપાદ્યની જાણ કરો.
- દ્વૈત દર્શન તથા વિશિષ્ટાદ્વૈત દર્શનમાં જીવન્મુક્તિ માનવામાં નથી આવતી. શું સ્વામિનારાયણ ભગવાને જીવન્મુક્તિ માની છે?
- અદ્વૈતમાં એક જ તત્ત્વ માનવામાં આવે છે, વિશિષ્ટાદ્વૈતમાં ત્રણ તત્ત્વો માનવામાં આવે છે. સ્વામિનારાયણ ભગવાને કેટલાં તત્ત્વો માન્યાં છે?
- દ્વૈત, વિશિષ્ટાદ્વૈત આદિ દર્શનોમાં દહરાકાશ પરમાત્માને કહ્યા છે. સ્વામિનારાયણ ભગવાનના મતે દહરાકાશ શું છે?
- તૂર્યાવસ્થા એટલે શું?
- પ્રમાણો કેટલાં છે? ઇત્યાદિ.

આમ, વિદ્વાનોએ જે જે વિષયો પર આશંકાઓ વ્યક્ત કરી તે તમામ આશંકાઓનું ભદ્રેશદાસ સ્વામીએ સ્વસંપ્રદાય અનુસાર સંતોષકારક શાસ્ત્રીય સમાધાન આપ્યું. તેની ફળશ્રુતિ તરીકે દરેકને પ્રતીતિ થઈ કે આ અક્ષરપુરુષોત્તમ દર્શન એ અન્ય કોઈ દર્શન કે તત્ત્વજ્ઞાનની શાખા કે ઉપશાખા નથી, પરંતુ અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને દ્વૈત દર્શનની જેમ વેદાંત દર્શનની મુખ્ય ધારાઓમાં આવેલું આ એક સ્વતંત્ર વૈદિક સનાતન દર્શન છે.

કેટલાંક કારણોસર પૂર્વે ઘણા વિદ્વાનોની માન્યતા હતી કે આ સંપ્રદાય વિશિષ્ટાદ્વૈતની જ એક શાખા છે, પરંતુ જ્યારે તેઓએ વચનામૃતનાં મૂળ વચનોનું પઠન કર્યું, સંપ્રદાયના ઇતિહાસ અને તેની શાખાઓ વિશે જાણ્યું, ત્યારે તેઓને પ્રતીતિ થઈ કે અક્ષરપુરુષોત્તમ દર્શન એક સ્વતંત્ર મૌલિક વૈદિક દર્શન છે. અત્યાર સુધી તેઓ આ સંપ્રદાયને એક સારા સંપ્રદાય તરીકે જાણતા હતા, પણ તેની તાત્ત્વિક ભૂમિકા હવે સ્પષ્ટ થઈ.

## સામૂહિક શાસ્ત્રાર્થ સભા

આ શાસ્ત્રાર્થ સત્રના ઉપલક્ષમાં, કુલપતિશ્રીએ ૪ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં એક વિદ્વત્સંગોષ્ઠિ યોજી હતી. આ વિદ્વત્સંગોષ્ઠિમાં સહભાગી થવા માટે તિરુપતિ ઉપરાંત બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ, કાંચીપુરમ્, શૃંગેરી વગેરે સ્થાનોમાંથી પણ અનેક વિદ્વાનો પધાર્યા હતા. વેદાંત, ન્યાય, વ્યાકરણ આદિ ક્ષેત્રોમાં પારંગત અને સ્વમતમાં પરિનિષ્ઠ એવા આ પંડિતોમાં કાંચીકામકોટિપીઠના શાસ્ત્રાર્થ સભાના અગ્રગણ્ય વિદ્વાન મહામહોપાધ્યાય શ્રી આર. કૃષ્ણમૂર્તિ શાસ્ત્રીજી, શારદાપીઠ, શૃંગેરી તથા કાંચીકામકોટિપીઠની શાસ્ત્રાર્થસભાના અગ્રગણ્ય પંડિત મહામહોપાધ્યાય શ્રી મણિદ્રવિડ શાસ્ત્રીજી, પંડિત શ્રી શ્રીપાદ સુબ્રમણ્યમ્ શાસ્ત્રીજી, વ્યાકરણશાસ્ત્રના પારંગત પંડિત શ્રી જે. રામકૃષ્ણજી, પ્રખર નૈયાયિક પંડિત શ્રી રામલાલ શર્માજી, દ્વૈત સંપ્રદાયના અનુયાયી પંડિત શ્રી નરસિંહાચાર્ય પુરોહિતજી, વિશિષ્ટાદ્વૈત દર્શનના અનુયાયી પંડિત શ્રી સી. રંગનાથન્જી, અપરકાલિદાસ કહેવાતા પ્રસિદ્ધ કવિ તથા વેદાંત-મીમાંસાદિ શાસ્ત્રોમાં નિષ્ણાત પંડિત શ્રી જી.એસ.આર. કૃષ્ણમૂર્તિજી, પંડિત શ્રી કે. ગણપતિ ભટ્ટજી, વ્યાકરણશાસ્ત્રના પારંગત પંડિત શ્રી પંકજકુમાર વ્યાસજી, ન્યાય-વેદાંત-મીમાંસા તથા યોગશાસ્ત્રમાં પારંગત એવા પંડિત શ્રી કે. વિશ્વનાથજી, શ્રી શંકર નારાયણજી, ન્યાય તથા દ્વૈત દર્શનના વિદ્વાન શ્રી નારાયણ આચાર્યજી, પંડિત શ્રી કે.એસ. સતીશજી, પંડિત શ્રી શ્રીહરિ શિવરામ ધાયગુડેજી, આચાર્ય ઓ.પી.જી. કલ્યાણ શાસ્ત્રીજી, આચાર્ય નિરંજન મિશ્રાજી, વિશિષ્ટાદ્વૈતના વિદ્વાન આચાર્ય કે. રામાનુજાચાર્યાલુજી, આચાર્ય પી.આર. વાસુદેવન્જી તથા દક્ષિણ ભારતના અન્ય મૂર્ધન્ય વિદ્વાનો સમાવિષ્ટ હતા. સમગ્ર દક્ષિણ ભારતનું વિદ્યાધન જાણે આજે અક્ષરપુરુષોત્તમ દર્શનને સમજવા, વધાવવા ઉત્સુક હતું એવો માહોલ સર્જાયો હતો.

## શોભાયાત્રા

આ શાસ્ત્રાર્થની પૂર્વરાત્રિએ વિશ્વવિદ્યાલયના વિદ્વાનોએ એક વિશિષ્ટ પ્રસ્તાવ રજૂ કર્યો. તેઓની ઇચ્છા હતી કે એક શોભાયાત્રા દ્વારા બધા વિદ્વાનો અક્ષરપુરુષોત્તમ મહારાજની



મૂર્તિ અને અક્ષરપુરુષોત્તમ દર્શનના ભાષ્યગ્રંથોને, કુલપતિ-નિવાસમાં જ્યાં છેલ્લા કેટલાય દિવસથી શાસ્ત્રાર્થ ચાલતો હતો ત્યાંથી લઈને વિશ્વવિદ્યાલયના શાસ્ત્રાર્થ ભવન સુધી લઈ જાય. કુલપતિશ્રીએ પોતે આ શોભાયાત્રા અંગે અનુમતિ આપવા વિનંતી કરી. સંતોની સંમતિ મળતાં સૌ રાજી થયા.

અને આમ, અક્ષરપુરુષોત્તમ દર્શનની એક અપૂર્વ શોભાયાત્રા તિરુપતિ વિશ્વવિદ્યાલયમાં યોજાઈ ગઈ. બેંગલુરુ સ્થિત બી.એ.પી.એસ મંદિરના વ્યવસ્થાપક સંત સરલજીવનદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનું વિધિવત્ પૂજન કર્યું. મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીનું પૂજન કર્યું. ભદ્રેશદાસ સ્વામીએ સૌ વિદ્વાનો વતી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી મુરલીધર શર્માનું પૂજન કર્યું. બાદ દિગ્ગજ વિદ્વાનો સાથે શોભાયાત્રા આરંભાઈ. વિદ્વાનોએ પ્રસ્થાનત્રયી સ્વામિ-નારાયણ ભાષ્ય ઈત્યાદિ ગ્રંથોને હાથમાં ધારણ કર્યા હતા. 'નાદસ્વરમ્'ના સુરીલા નાદ અને 'થવિલ'ના લયબદ્ધ તાલ સાથે વચ્ચે વૈદિક મંત્રોનો ભવ્ય ઘોષ થઈ રહ્યો હતો. સમગ્ર યાત્રા દરમ્યાન અક્ષરપુરુષોત્તમ મહારાજ પુષ્પવૃષ્ટિથી અભિષિક્ત થતા રહ્યા હતા. શાસ્ત્રાર્થ ભવનમાં મુખ્ય વેદિકા પર અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્ય આદિ શાસ્ત્રોને સમ્માન સાથે સ્થાપિત કરવામાં આવ્યા.

**શાસ્ત્રાર્થઃ પ્રથમ સત્ર**

ત્યાર બાદ શાસ્ત્રાર્થના પ્રથમ સત્રનો આરંભ થયો. પંડિત શ્રી પંકજકુમાર કાર્યક્રમનું સંચાલન કરતા હતા. વૈદિક મંગલાચરણ અને દીપપ્રાકટ્ય થયા બાદ સ્વામી ભદ્રેશદાસજીનું શાલ અને શ્રીફળથી સન્માન કરવામાં આવ્યું. આ દરમિયાન સ્વામિનારાયણ ભગવાન, અક્ષરપુરુષોત્તમ દર્શન, આ દર્શનના ભાષ્યો, ભાષ્યના પ્રેરક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ તેમજ ભાષ્યકાર ભદ્રેશદાસજીની પ્રશસ્તિ કરતાં સ્વરચિત શ્લોકોનું ગાન આધુનિક યુગના કાલિદાસ ગણાતા એવા કવિરાજ પંડિત શ્રી જી. એસ. આર. કૃષ્ણમૂર્તિજી દ્વારા કરવામાં આવ્યું.

ત્યારબાદ રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપક કે. વિશ્વનાથ શાસ્ત્રીજીએ સૌને સ્વામિનારાયણ ભગવાન, બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા તથા મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીનો પરિચય કરાવ્યો. તેમણે કહ્યું, 'સ્વામિનારાયણ સંપ્રદાય વૈદિક, સનાતન સંપ્રદાય છે. અને આ સંપ્રદાયનું દર્શન એટલે ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત'માં પ્રબોધેલું અક્ષરપુરુષોત્તમ દર્શન છે. આ દર્શનનું પ્રતિપાદન કરતાં ભાષ્યગ્રંથો પણ છે. રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં અક્ષરપુરુષોત્તમ દર્શનનાં સ્વાગત, સત્કાર, સમર્થન અને સ્થાપન માટે વિશ્વવિદ્યાલય તરફથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.' ત્યારબાદ સભામાં ઉપસ્થિત સૌ વિદ્વાનોનું વાક્-પુષ્પાંજલિથી સ્વાગત કરવામાં આવ્યું.

બાદ આ વિદ્વત્સંગોષ્ઠિના પ્રથમ પ્રવચનની જાહેરાત થઈ. સૌ પંડિતો શાંત ચિત્તે ભદ્રેશદાસ સ્વામીને સાંભળવા તત્પર હતા. સસ્વર વૈદિક મંગળ ગાન કરી ભદ્રેશદાસ સ્વામીએ સત્સંગદીક્ષામાં આવેલ મંગલાચરણના શ્લોક સાથે પોતાનું વક્તવ્ય સંસ્કૃત ભાષામાં આરંભ્યું.

તેઓએ સભાને સંબોધતાં જણાવ્યું, 'અહં સાધુઃ ભદ્રેશદાસઃ, અક્ષરપુરુષોત્તમદર્શનકિઙ્કરઃ, ગુરુહરિશ્રીપ્રમુખસ્વામિમહારાજૈઃ દીક્ષિતઃ, ઇદાનીં ગુરુહરિમહન્તસ્વામિમહારાજાનાં નિશ્રાયાં સેવારતોઽસ્મિ...' અર્થાત્ 'હું સાધુ ભદ્રેશદાસ, અક્ષરપુરુષોત્તમ દર્શનનો સેવક છું, પ્રમુખસ્વામી મહારાજ દ્વારા દીક્ષિત છું અને હાલ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સેવારત છું'. ત્યારબાદ તેમણે ભગવાન સ્વામિનારાયણ, ગુરુપરંપરા, સંસ્થાના વરિષ્ઠ સંતો, અન્ય સૌ સંતો તથા તમામ હરિભક્તોનું સ્મરણ કર્યું. તેનું કારણ આપતાં તેમણે કહ્યું કે 'હું તો કેવળ શાસ્ત્રોથી અક્ષરપુરુષોત્તમ દર્શનનો પરિચય આપું છું, પણ આ બધા તો આ દર્શનને સાક્ષાત્ જીવે છે. આ દર્શનનું જ્ઞાન કેવળ ગ્રંથોથી નહીં થાય. તેના માટે આ દર્શનના આશ્રિતોનો, અમારી પરંપરાનો સાક્ષાત્ અનુભવ કરવો પડે. એમના જીવનને નજીકથી નિહાળવાં પડે.' વળી, તેમણે કહ્યું કે 'હું જે દર્શનની તમને વાત કરું છું તેના લાખો ઉપાસકો છે, હજારો મંદિરો છે. આ દર્શન સંપૂર્ણપણે પ્રસ્થાપિત છે. આપણે સર્વે એક જ શ્રુતિમાતાના પુત્રો છીએ. પુત્રો જુદી જુદી રીતે માતામાં સ્નેહ કરે છે, પરંતુ સ્નેહ સમાન હોય છે અને માતા પણ એક જ હોય છે. એ દૃષ્ટિએ આપણે સૌ ભાઈઓ છીએ.' ત્યારબાદ વિવિધ દાર્શનિક મતોને નમસ્કાર કરતાં તેઓએ કહ્યું કે, 'હું અદ્વૈત દર્શનને નમસ્કાર કરું છું. હું વિશિષ્ટાદ્વૈત દર્શનને નમસ્કાર કરું છું. હું દ્વૈતાદિ દર્શનોને નમસ્કાર કરું છું'. દાર્શનિક શાસ્ત્રાર્થ સભામાં આ પ્રકારનું સંબોધન ઉપસ્થિત વિદ્વાનો માટે વિરલ

## શાસ્ત્રાર્થમાં ઉપસ્થિત પ્રકાંડ વિદ્વાનોના હૃદયના ઉદ્‌ગારો

● ‘ભદ્રેશદાસ સ્વામી ઉપર ગુરુની કૃપા અનેરી છે. જેમ કાલિદાસ ઉપર દેવીની કૃપા હતી તો તેમની શૈલી વિશિષ્ટ હતી. તેમ ભદ્રેશદાસ સ્વામી ઉપર એમના ગુરુની કૃપા છે તેથી તેમનામાં પાંડિત્યની સાથે સુમધુર અને સરળ શૈલી પણ ભળી છે તે એમની વિશેષતા છે. ગુરુકૃપાથી જે પાંડિત્ય પ્રાપ્ત થાય છે તે પરિશ્રમ કરીને મેળવેલા પાંડિત્ય કરતા શ્રેષ્ઠ હોય છે એમાં કોઈ સંદેહ નથી. અહીં એ જોવા મળે છે.’

**– મહામહોપાધ્યાય પંડિત શ્રી આર. કૃષ્ણમૂર્તિ શાસ્ત્રી**

● ‘આજે જે રીતે ગુરુનો મહિમા સ્વામીજીએ ગાયો તે સાંભળતાં અમારા ગુરુ અમારી સામે પ્રત્યક્ષ બેઠા હોય એમ અનુભવાતું હતું.’

**– પંડિત શ્રી સુબ્રહ્મણ્યમજી**

● ‘આજે જે ચર્ચા થઈ તેથી ફલિત થાય છે કે આ અક્ષરપુરુષોત્તમ દર્શન પણ વૈદિક પરંપરાથી જ પ્રાપ્ત થયેલું દર્શન છે. સ્વામીજીએ પ્રસ્થાનત્રયીનું ભાષ્ય રચ્યું એટલું જ નહીં પણ જે સૂક્ષ્મતાથી તેનું સંયોજન કર્યું છે તે વિસ્મય ઉપજાવે છે.’

**– મહામહોપાધ્યાય શ્રી મણિદ્રવિડ શાસ્ત્રીજી**

● ‘Old is gold, but new is platinum. અક્ષરપુરુષોત્તમ દર્શન માટે આ ઉક્તિ સર્વથા યોગ્ય છે. આ અક્ષરપુરુષોત્તમ દર્શનમાં કોઈ અન્ય દર્શન પ્રત્યે અસૂયા કે દ્વેષ જેવું કાંઈ જોવા મળતું નથી. એક વૈદિક દર્શનમાં જે લક્ષણો હોવાં જોઈએ તે તમામ લક્ષણોથી યુક્ત આ દર્શન છે. આજે સવારે ભદ્રેશદાસ સ્વામીનું જે પ્રવચન થયું એમાં મને એમનામાં મહામહોપાધ્યાત્વનાં દર્શન થયાં. એમના ગ્રંથો વાંચું છું ત્યારે તેઓમાં મને ભર્તૃહરિની શૈલી દેખાય છે.’

**– શ્રી જે. રામકૃષ્ણજી**

● ‘અક્ષરપુરુષોત્તમ દર્શન સંપૂર્ણપણે શ્રૌત દર્શન છે. અહીં જે કાંઈ પ્રતિપાદિન થયું છે તે બધું જ ઉપનિષદો અને ગીતા વગેરે શાસ્ત્રોના આધારે જ થયું છે. શ્રુતિમાતાને અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત આદિ પુત્રો હતા તેમાં એક નૂતન પુત્રનો પ્રાદુર્ભાવ થયો. એટલે પુત્રજન્મનો ઉત્સવ થાય, તેવો સંતોષ થાય છે. સ્વામીજીને અદ્વૈતની દૃષ્ટિએ મેં જે જે પ્રશ્નો પૂછ્યા, તે બધા પ્રશ્નોના સમાધાન તેમણે આપ્યાં. સપ્રમાણ ઉત્તર આપ્યા. વળી, મેં પૂછ્યું કે આ ભાષ્યની રચના માટે કેટલો સમય થયો હશે? ત્યારે તેમણે કહ્યું કે પોણા બે વર્ષનો સમય થયો હતો. બધા પંડિતો જાણે છે કે એક વર્ષમાં, બે વર્ષમાં, ત્રણ વર્ષમાં કે પાંચ વર્ષમાં પણ એક પુસ્તક લખવામાં કેટલો પરિશ્રમ પડે છે. તો એક દર્શનનું આવું સપ્રમાણ ભાષ્ય લખવામાં લેખન કરનારનું શાસ્ત્રોમાં કેટલું પ્રાવીણ્ય હશે તેનું અનુમાન કરી શકાય છે.’

**– શ્રી એમ. એલ. એન. મૂર્તિ**

● ‘ભગવાન સ્વામિનારાયણકૃત જે વચનામૃત છે તે કેવળ ભાવના નથી, વેદરાશિઓનો સાર છે. આ સારને પ્રકટ કરવા માટે આ ભાષ્ય કામમાં આવશે. વચનામૃતમાં જે સિદ્ધાંત છે, સામાજિક દૃષ્ટિ છે, દાર્શનિક તત્ત્વ છે - આ બધાનું અનાવરણ કરવા માટે આ ભાષ્ય, આ વાદગ્રંથ વગેરે બધાનો ઉપયોગ કરીને આ સિદ્ધાંતનો વ્યાપકરૂપથી પ્રચાર કરવા જ્યારે આપણે બધા પ્રયત્ન કરીશું ત્યારે સમાજમાં વૈદિક સંપ્રદાયનું ઉજ્જીવન નિશ્ચિત્તરૂપે થઈ શકશે. વળી, આ ભદ્રેશદાસજી સ્વામી કેવળ ભાષ્યકાર નથી. પરંતુ સૂત્રકાર પણ છે. અહીં સિદ્ધાંતસુધા ગ્રંથમાં તેઓએ કેવળ પાંચ જ વાક્યોમાં સમસ્ત ગીતાનો સાર ગૂંથી લીધો છે. એક એક શબ્દમાં ગીતાના એક એક પ્રકરણનું સ્મરણ થાય છે. આ જ તો સૂત્રનું લક્ષણ છે.’

**– શ્રી નારાયણ આચાર્યજી**

● ‘માણસના મનમાં જે આસુરી સંપત્તિ છે તેના નિવારણ માટે આવું જ દર્શન કાળાન્તરે અપેક્ષિત છે, આવું જ દર્શન યોગ્ય છે. વળી સત્સંગદીક્ષા ગ્રંથ જે રચાયો છે, આવું કાર્ય કોણ કરી શકે? એવું અદ્‌ભુત કાર્ય આ સંપ્રદાયમાં થયું છે માટે એમના ગુરુને ધન્ય છે.’

**– આચાર્ય ગણપતિ ભટ્ટ**

અનુભવ હતો. અક્ષરપુરુષોત્તમ દર્શનનો આ વાસ્તવિક પરિચય હતો. નમ્રતા, ઉદારતા અને અન્ય માટે આદર નિહાળી સૌનાં અંતરમાં પ્રસન્નતાનો ભાવ છવાઈ ગયો.

ત્યારબાદ ભદ્રેશદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ દર્શન વિષયક વિવિધ પાસાંઓ સમજાવ્યાં.

તેમાં - આ અક્ષરપુરુષોત્તમ દર્શન ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત દર્શન છે, સ્વામિનારાયણ ભગવાન અમારા ઈષ્ટદેવ છે. અક્ષરબ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ પરબ્રહ્મની ભક્તિ કરવી એ આ દર્શનનું મુખ્ય તાત્પર્ય છે... વગેરે બાબતો પ્રમાણો સાથે નિરૂપી.

ત્યારબાદ વચનામૃતની સાથે સાથે શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રમાં જ્યાં જ્યાં અક્ષરપુરુષોત્તમ દર્શનની વિશિષ્ટતા દૃષ્ટિગોચર થાય છે તે તમામ વિશેષતાઓનું વિશદ નિરૂપણ ભદ્રેશદાસ સ્વામીએ શાસ્ત્રોનાં પ્રમાણ સાથે કર્યું. તેમાં પણ તેઓએ લોયા ૧૨, ગઢડા મધ્ય ૩, ગઢડા પ્રથમ ૭ વગેરે વચનામૃતોનાં ગુજરાતી ભાષાનાં મૂળ વચનો વાંચીને દર્શનને ઉજાગર કર્યું ત્યારે સૌને સાનંદ આશ્ચર્ય થયું અને આ દર્શન વિશિષ્ટાદ્વૈત અને દ્વૈત વગેરેથી પણ જુદું છે એવી પ્રતીતિ થઈ.

આથી, સંપ્રદાયના મર્યાદિત શાસ્ત્રોનાં વચનો સાંભળીને ‘તે વિશિષ્ટાદ્વૈતની જ એક શાખા છે’ એવી જે ભ્રાંતિ કેટલાક વિદ્વાનોના મનમાં હતી તે ટળી ગઈ.

આ પરિચય બાદ આશ્ચર્યમુગ્ધ થયેલી સભાને ઉદ્દેશીને ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામીએ નમ્રભાવે કહ્યું કે, ‘આ ભાષ્યો મારા દ્વારા લખાયાં નથી એમ હું સ્પષ્ટપણે કહું છું. કારણ કે, આ બુદ્ધિનું કાર્ય ખરેખર નથી, જો તેમ હોય તો તેમાં ઘણા દોષો થાય. અક્ષરપુરુષોત્તમ મહારાજ દ્વારા જ આ પ્રેરિત છે.’ ત્યારબાદ વિદ્વાન પંડિતો સાથે ચર્ચા આરંભાઈ. તે ચર્ચામાં અનેક જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નો પૂછાયા જેમ કે -

- અદ્વૈત દર્શનમાં પણ બે બ્રહ્મની કલ્પના કરી છે. તો આ અક્ષરપુરુષોત્તમ દર્શનમાં વિશેષ શું છે?
- જન્માદ્યસ્ય યતઃ એ બ્રહ્મસૂત્ર સમજાવો.
- ‘તત્તુ સમન્વયાત્’ એ સૂત્રમાં તત્ શબ્દનો અર્થ શું કરો છો?
- અક્ષરપુરુષોત્તમ દર્શનમાં મુક્તિનું સ્વરૂપ શું છે?
- જગતના કારણ તરીકે કોને સ્વીકાર્યા છે?
- ‘તદૈક્ષત’ એ શ્રુતિમાં ‘તદ્’ શબ્દથી કોનું ગ્રહણ કર્યું છે?
- ‘તત્ત્વમસિ’ વાક્યનો અર્થ શું કરો છો?
- બ્રહ્મ સાથે એકતા કહી છે, તો દાસપણું કેવી રીતે?
- ‘બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ’ એ શ્રુતિ-અર્થ કેવી રીતે કર્યો છે?
- પાંચ તત્ત્વોનું પ્રતિપાદન કરતું સ્વામિનારાયણ ભગવાનનું વચન કહો.
- ‘અથાતો બ્રહ્મજિજ્ઞાસા’ સૂત્રમાં અક્ષરપુરુષોત્તમ દર્શન કઈ રીતે છે? ઇત્યાદિ.

ભદ્રેશદાસ સ્વામીએ વિદ્વાનો દ્વારા પુછાયેલા ઉપરોક્ત તથા અન્ય તમામ પ્રશ્નોના યથોચિત, શાસ્ત્રસંમત અને સમાધાનકારક ઉત્તર આપ્યા હતા. તેઓના ઉત્તરોથી સંતુષ્ટ થયેલા વિદ્વાનો ભદ્રેશદાસ સ્વામીની વિદ્વત્તાથી ખૂબ પ્રભાવિત થયા હતા.

પ્રથમ સત્રના અંતમાં ભદ્રેશદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રણીત સત્સંગદીક્ષા શાસ્ત્ર પર પરિચયાત્મક વ્યાખ્યાન આપ્યું હતું. નાના બાળકથી માંડીને પ્રકાંડ વિદ્વાન સુધી સૌ કોઈ માટે ઉપયોગી એવા અભિનવ યુગના સ્મૃતિગ્રંથ સમાન આ શાસ્ત્રનું અવલોકન કરતાં વિદ્વાનો ખૂબ પ્રભાવિત થયા હતા.

## શાસ્ત્રાર્થઃ દ્વિતીય સત્ર

દ્વિતીય સત્રના આરંભમાં ભદ્રેશદાસ સ્વામીએ અક્ષર-પુરુષોત્તમ દર્શનમાં ગુરુનું સ્થાન અને તેમના મહિમા વિષયક સૈદ્ધાંતિક વાતો કરી હતી. તેમણે કહ્યું, ‘અક્ષરપુરુષોત્તમ દર્શનમાં અક્ષરબ્રહ્મ પણ પરબ્રહ્મની જેમ મનુષ્યરૂપે અવતરે છે એમ માનવામાં આવે છે. આ મનુષ્યરૂપ અક્ષરબ્રહ્મ ગુરુપદે બિરાજમાન હોય છે. અમારો સંપ્રદાય ગુરુમુખી સંપ્રદાય છે. આ અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુમાં પરબ્રહ્મ સાક્ષાત્ રહ્યા છે તેથી તેમને પ્રત્યક્ષ પરમાત્માનું સ્વરૂપ પણ માનવામાં આવે છે. અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુમાં દૃઢ સ્નેહ કરીને એમની આજ્ઞા પ્રમાણે જીવવું એ આ દર્શનનો સિદ્ધાંત છે’.

અંતે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના શાસ્ત્રીય મહિમાની વાતો કરી અને કહ્યું કે ‘આપ જે ભાષ્યની પ્રશંસા કરો છો, તે ભાષ્ય અમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી જ થયું છે. તેમણે જ આ લખવાની આજ્ઞા કરી હતી. કેવળ આજ્ઞા જ નથી કરી, સૂચનો પણ કર્યાં છે. ‘ભાષ્યોમાં દ્વેષરહિત લખાણ કરવું’ એ એમનો આદેશ હતો. તેઓ લખાણમાં સુધારા કરતા. અર્થનિર્ણયો કરતા. શંકાઓનું સમાધાન કરતા. આજે એવા અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુ મહંત સ્વામી મહારાજ છે.’

ત્યારબાદ પુનઃ પ્રશ્નોત્તરીનો દોર ચાલ્યો. સૌને સંતોષકારક ઉત્તરો મળ્યા તેથી સૌ પ્રસન્ન થયા. સૌને લાગ્યું કે ખરેખર આ અક્ષરપુરુષોત્તમ દર્શન એક સ્વતંત્ર, વિશિષ્ટ, મૌલિક વૈદિક સનાતન દર્શન છે.

ત્યારબાદ આ સુદીર્ઘ શાસ્ત્રાર્થના અંતિમ અધ્યાયમાં દસ દિવસનો પરિશ્રમ અને આજની સભાથી અભિભૂત થયેલા વિદ્વાનોએ પોતાના અદ્ભુત અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. (જે આ લેખમાં બોક્સમાં ટાંકવામાં આવ્યા છે.)

## કુલપતિશ્રીનું અધ્યક્ષીય ભાષણ

ત્યારબાદ રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, તિરુપતિના કુલપતિ શ્રી મુરલીધર શર્માજીએ અધ્યક્ષીય ભાષણ કર્યું. તેમના વક્તવ્યના એક એક શબ્દમાં તેમનો વિશિષ્ટ ભાવ અનુભવી શકાતો હતો.

તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, ‘બધા વિદ્વાનોએ સ્વીકાર્યું કે અક્ષરપુરુષોત્તમ દર્શન એ વૈદિક અને સનાતન દર્શન છે. એ કોઈ અન્ય દર્શનની શાખા નથી, પણ એ સ્વતંત્ર, મૌલિક અને વિશિષ્ટ દર્શન છે. જેમ અન્ય દર્શનોમાં ઉપાસના પદ્ધતિ, તત્ત્વજ્ઞાન, સૃષ્ટિ-મુક્તિ મીમાંસા અને પ્રમાણ મીમાંસા હોય છે, તેમ આ દર્શનમાં પણ છે. એટલે જ આ વેદાંત દર્શન છે એમ અમે સ્વીકાર કરીએ છીએ. જેમ રમણીય ઉદ્યાનમાં ચંપો, સેવંતી વગેરે પુષ્પો એકબીજાંથી જુદાં હોવાં છતાં એક જ ઉદ્યાનમાં રહીને પોતાનાં વિશિષ્ટ રૂપ, ગંધ તથા સ્પર્શ વગેરેથી આનંદ ઉપજાવે છે અને શોભે છે તે જ રીતે વેદાંતરૂપી ઉપવનમાં અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત તથા દ્વૈત આદિરૂપે ખીલેલાં પુષ્પોની જેમ આ અક્ષરપુરુષોત્તમ દર્શનરૂપી પુષ્પ પણ પોતાના વિશિષ્ટ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોરૂપી વિશિષ્ટ રૂપ, ગંધ તથા સ્પર્શ આદિ દ્વારા વૈદિક પરંપરાના આશ્રિત સૌ મનુષ્યોને આનંદ ઉપજાવે છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

સ્વામી ભદ્રેશદાસજીએ તો શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને મધ્વાચાર્ય જેવા ભાષ્યકાર આચાર્યોની હારમાળામાં સાધિકાર પ્રવેશ મેળવ્યો છે. તેઓશ્રીના મુખથકી અક્ષરપુરુષોત્તમ દર્શન સાંભળવા મળ્યું, અને તેમની સાથે ચર્ચાનો અવસર પ્રાપ્ત થયો

તે આપણાં મોટાં ભાગ્ય છે. પ્રમુખસ્વામી મહારાજનો વિશ્વ ઉપર આ મહાન ઉપકાર છે એમ હું માનું છું.' એમ કહીને તેમણે સહર્ષ ઘોષણા કરી કે 'અક્ષર-પુરુષોત્તમ દર્શન એ અત્યંત વૈદિક છે અને આ ભાષ્ય શ્રુતિસંમત છે.' તેમણે વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકે ઉદ્ઘોષ પણ કર્યો કે, 'પરબ્રહ્મ સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનનું રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં વિધિવત્ સ્વાગત, સત્કાર અને સ્થાપન કરીએ છીએ.' તેમણે આનંદપૂર્વક જાહેરાત કરી કે, 'રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં જેમ અદ્વૈત, દ્વૈત અને વિશિષ્ટાદ્વૈત દર્શનોનું અધ્યયન અને અધ્યાપન થાય છે, તેમ જ અક્ષરપુરુષોત્તમ દર્શનની સ્વસંપ્રદાય અનુસાર, સ્વતંત્ર વૈદિક દર્શન તરીકે અધ્યયન અને અધ્યાપનની પરંપરા ચાલશે. આ અક્ષરપુરુષોત્તમ દર્શન વિલક્ષણતાને લીધે અદ્વૈત આદિ દર્શનોની જેમ વેદાંત સંપ્રદાયોની મુખ્ય ધારાઓમાં સાધિકાર પ્રવેશ પ્રાપ્ત કરે છે.' છેવટે સંતોષની લાગણી સાથે તેઓએ જણાવ્યું હતું કે, 'ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામી સાથે સુદીર્ઘ શાસ્ત્રાર્થ થાય તેમજ દક્ષિણ પ્રાંતમાં અક્ષરપુરુષોત્તમ દર્શનનાં સ્વાગત, સત્કાર, સમર્થન અને સ્થાપન થાય એ મારો સંકલ્પ આજે પૂર્ણ થયો.' અંતે તેમણે રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય દ્વારા નિર્મિત સમર્થન આલેખનું પણ પઠન કર્યું હતું. આ સમર્થન આલેખના મુખ્ય અંશો આ પ્રમાણે છે –




**શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શનને સમર્થન આપતા સર્વમાન્ય સમર્થન-આલેખની ભદ્રેશદાસ સ્વામીને અર્પણવિધિ કરતા પ્રકાંડ વિદ્વાનો અને કુલપતિશ્રી...**

*'સતત એક સપ્તાહ સુધી અક્ષરપુરુષોત્તમ દર્શનના વિમર્શના અંતે અમે સૌ વિદ્વાનો સાથે મળીને ઘોષણા કરીએ છીએ કે,*

*પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન એક વૈદિક સનાતન દર્શન છે. તેમજ એક વિશિષ્ટ, મૌલિક અને અન્ય દર્શનોથી વિલક્ષણ દર્શન છે. પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્યના નિર્માણથી અક્ષરપુરુષોત્તમ દર્શન યાવત્યંદ્રદિવાકરૌ રહેશે તે નિર્વિવાદ સત્ય છે. સ્વામી ભદ્રેશદાસજી દ્વારા આ એક વિશિષ્ટ સિદ્ધાંતપ્રવર્તક યુગકાર્ય સંપન્ન થયું છે. આદિ શંકરાચાર્યની જેમ તેઓની શાસ્ત્રપ્રણયન શૈલી સરળ, સ્પષ્ટ, અર્થગંભીર, પ્રસાદમધુર, દ્વેષાદિ દોષરહિત તથા સ્વસિદ્ધાંત સ્થાપન માટે સમર્થ છે એવી આ ગ્રંથોનું અવલોકન કરનાર સર્વે વિદ્વાનોની અનુભૂતિ છે.*

*સંપૂર્ણ પ્રસ્થાનત્રયીનાં ભાષ્યોનું પ્રણયન કરનાર મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજી શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય ઈત્યાદિ આચાર્યોની પંક્તિમાં પ્રવેશ કરવા માટે સર્વથા યોગ્ય છે. આથી તેઓ ભાષ્યકાર મહાચાર્યની પદવી શોભાવી રહ્યા છે એવો અમારા સર્વ વિદ્વાનોનો હૃદયનો અભિપ્રાય છે.'*

આ સમર્થન આલેખના પઠન બાદ કુલપતિ શ્રી મુરલીધર શર્માજી તથા શાસ્ત્રાર્થમાં ઉપસ્થિત મૂર્ધન્ય વિદ્વાનોએ ભેગા મળીને ભાષ્યકાર સ્વામી ભદ્રેશદાસજીનું સન્માન કરી તેઓને આ સમર્થન આલેખ અર્પણ કર્યો હતો.

ત્યારબાદ ભદ્રેશદાસ સ્વામીએ કુલપતિશ્રી તથા ઉપસ્થિત મૂર્ધન્ય વિદ્વાનોને અક્ષરપુરુષોત્તમ દર્શનનું સ્વામિનારાયણ ભાષ્ય અર્પણ કર્યું હતું.

## શાસ્ત્રાર્થ સમાપન

અંતે વેદોક્ત શાંતિ મંત્ર દ્વારા પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન વિષયક વિદ્વત્સંગોષ્ઠિનું સમાપન કરવામાં આવ્યું હતું. આ અભૂતપૂર્વ પ્રસંગના સાક્ષી તરીકે અહીં જે નિર્ણયો થયા તેમાં પોતાની સંમતિ દર્શાવતાં સર્વે વિદ્વાનોએ એક પત્ર પર હસ્તાક્ષરો પણ કર્યા હતા.

અંતે પુનઃ નાદસ્વરમ્‌ની સુરાવલીઓ સાથે અક્ષરપુરુષોત્તમ મહારાજને લઈ જતા સૌ વિદ્વાનો સમાપન યાત્રામાં જોડાયા હતા. પુનઃ કુલપતિનિવાસમાં અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવી આજના અલૌકિક પ્રસંગની પૂર્ણાહુતિ કરી. આ પ્રસંગની આનંદ-અભિવ્યક્તિ કરતાં કુલપતિશ્રીએ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ફોન કરી આશીર્વાદ મેળવ્યા અને તેઓને વ્યક્તિગત રીતે પત્ર લખીને પોતાની લાગણીઓ પણ દર્શાવી હતી.

આ રીતે દક્ષિણ ભારતના મૂર્ધન્ય વિદ્વાનોએ સાથે મળીને તિરુપતિ ખાતે રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના તત્ત્વાવધાનમાં પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનનું સ્વાગત, સત્કાર, સમર્થન અને સ્થાપન કર્યું એ સમગ્ર દર્શન-વિશ્વ માટે એક ઐતિહાસિક અને નોંધનીય ઘટના બની રહી. ◆

### ભક્તરાજ શ્રી ચુનીભાઈ શાંતિલાલ ચાતુર્વેદી, રાજકોટ, ઉં.વ. ૯૫, અક્ષરવાસ તા. ૯-૫-૨૦૨૦




શ્રી ચુનીભાઈને પિતા શાંતિલાલ ઉપાધ્યાયના સમયથી બોટાદમાં શાસ્ત્રીજી મહારાજનો સત્સંગ થયો હતો. તેઓની અટક ઉપાધ્યાય હતી, પણ તેઓ મોઢ ચાતુર્વેદી બ્રાહ્મણ હોવાથી શાસ્ત્રીજી મહારાજ તેમને ચાતુર્વેદી કહીને જ બોલાવતા હતા. બાળવયે શાસ્ત્રીજી મહારાજના હસ્તે જ વર્તમાન ધારણ કર્યાં હતાં. વારંવાર બોટાદ પધારતા શાસ્ત્રીજી મહારાજની પોતાના ઘરે પધરામણીનો લાભ તથા બોટાદ સ્ટેશને તેઓને વરિયાળી શરબત પિવડાવવાનો લાભ ચુનીભાઈએ પરિવાર સાથે અનેકવાર પ્રાપ્ત કર્યો હતો. ચુનીભાઈ આજ્ઞાપાલનમાં કટિબદ્ધતા અને નિર્દોષબુદ્ધિ ધરાવતા એક આદર્શ ભક્તરાજ હતા. ચુનીભાઈ મૅટ્રિકની પરીક્ષા આપી રહ્યા હતા ત્યારે યોગીજી મહારાજ તેમને 'ડબલ ગ્રૅજ્યુએટ' અને 'ફર્સ્ટ ક્લાસ' ઉત્તીર્ણ થવાના આશીર્વાદ આપતા. પરંતુ પરિણામ આ આશીર્વાદથી વિપરીત આવતું અને યોગીજી મહારાજ ફરીથી એવા જ ઉત્સાહથી તેમને 'ડબલ ગ્રૅજ્યુએટ' અને 'ફર્સ્ટ ક્લાસ' ઉત્તીર્ણ થવાના આશીર્વાદ આપતા. નિર્દોષબુદ્ધિ અને એવા ઉત્સાહ સાથે ચુનીભાઈએ યોગીજી મહારાજના વચને સતત સાત-સાત વખત મૅટ્રિકની પરીક્ષા આપી આઠમી વખતે ઉત્તીર્ણ થઈને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. યોગીજી મહારાજની કૃપાથી ગ્રૅજ્યુએટ થઈને તેમણે નોકરી પણ કરી હતી, પરંતુ તેમનું લક્ષ્ય સેવા કરીને યોગીજી મહારાજને રાજી કરવાનું જ રહ્યું હતું. યોગીજી મહારાજે તેમને સૌ પ્રથમ રાજકોટના કડિયા લાઇનમાં આવેલા મંદિરની સેવાની જવાબદારી સોંપી હતી. ત્યારબાદ રજપૂતપરા હરિમંદિરની સેવા પણ તેમણે ઉત્સાહથી સંભાળી હતી. યોગીજી મહારાજ જ્યારે રાજકોટ પધારે ત્યારે તેઓ સાઈકલ પર ઘરે-ઘરે જઈને પધરામણીનું આયોજન અનેરા ઉત્સાહથી કરતા. યોગીજી મહારાજ ગોંડલમાં બિરાજમાન હોય ત્યારે ચુનીભાઈ રસોડામાં હરિભક્તોને જમાડવાની સેવા સંભાળતા અને યોગીજી મહારાજને રાજી કરતા. બુલંદ અવાજે 'વાસુદેવ હરે'નો સાદ પાડી મંદિરમાં આવેલા હરિભક્તોને જમવા બોલાવતા. રોજ રાત્રે યોગીજી મહારાજ આરામમાં પધારે તે પૂર્વે તેઓ ભોજન વ્યવસ્થાનો અહેવાલ આપી દેતા. તેમની સેવાથી પ્રસન્ન થઈને યોગીબાપાએ પોતાની સાથે સન ૧૯૭૦ની વિદેશયાત્રાનો લાભ આપ્યો હતો. યોગીજી મહારાજની જેમ પ્રમુખસ્વામી મહારાજના પણ તેઓ એવા જ કૃપાપાત્ર. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેમણે અમેરિકામાં લોસ એન્જલસ હરિમંદિરમાં ૧૪ વર્ષ સુધી મહિમાથી પૂજારી તરીકેની સેવા કરીને સહુનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ભક્તિ, સેવા અને સત્સંગમય જીવન જીવનારા ચુનીભાઈ યોગીજી મહારાજના વચને ૯૫ વર્ષની વય સુધીમાં ગમે તેવી બીમારી વચ્ચે પણ એક પણ રવિસભા ચૂક્યા નથી. ૯૫ વર્ષની વયે રાત્રે ગ્રહણની સભામાં તેઓ ત્રણ-ત્રણ કલાક સુધી મહિમાથી બેસતા હતા. અંતિમ દિવસોમાં બરાબર દેખાતું ન હોવા છતાં ઠાકોરજીનાં દર્શન કે નિત્ય પૂજા કરવાનું તેઓ ચૂક્યા નહોતા. તેમનું નિષ્ઠા અને પક્ષનું એવું આગવું અંગ હતું કે તેમની પાસે કોઈ મોળી વાત કરી શકે જ નહીં અને સભામાં જ્યારે પણ ગુણાતીત સત્પુરુષના મહિમાની વાત આવે ત્યારે અચૂક તેમના મુખેથી સભા ગજવી મૂકે તેવો 'હરે હરે'નો પડકારો સંભળાય જ. પ્રમુખસ્વામી મહારાજ અવારનવાર તેમની સામેથી સંભાળ રખાવતા અને તેમનું વારંવાર સ્મરણ કરતા રહેતા. ભાદરામાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવે ચુનીભાઈને સામેથી બોલાવીને ઉત્સવનો લાભ અપાવ્યો હતો. આ દંપતીએ પોતાની તમામ મિલકત અને રાજકોટ ખાતેનું પોતાનું મકાન હરિમંદિર કરવા માટે સંસ્થાને અર્પણ કરી દીધું હતું. પોતાનું સર્વસ્વ ઠાકોરજી માટે અર્પણ કરીને નિઃસ્વાર્થભાવે અનન્ય સેવા કરનાર શ્રી ચુનીભાઈએ ચારેય ગુરુઓનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ તેઓની સેવાને બિરદાવતાં કહ્યું: 'ચુનીકાકા એકાંતિક ભક્તરાજ હતા. તેઓ અક્ષરધામમાં બેસી ગયા છે.' નિયમ, નિશ્ચય અને પક્ષથી જીવનના છેલ્લા શ્વાસ સુધી કેફથી સત્સંગ કરનાર, મહારાજની માળાના મણકા સમાન ભક્તરાજના અક્ષરવાસથી બી.એ.પી.એસ. સંસ્થાને એક અપૂરણીય ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ... ◆

### ભક્તરાજ શ્રી જયંતીભાઈ જેઠાભાઈ પટેલ, રકનપુર, ઉં.વ. ૭૬, અક્ષરવાસ તા. ૩૦-૧-૨૦૨૧



મૂળ રકનપુરના વતની શ્રી જયંતીભાઈ અમદાવાદના બી.એ.પી.એસ. સત્સંગના અગ્રણી ભક્તરાજ હતા. જબલપુર ખાતે હોમિયોપથીમાં મેડિસિનનો અભ્યાસ કરીને તેઓ અમદાવાદ સ્થાયી થયા હતા. પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી તેમણે ધંધા અને વેપારનો ખૂબ વિકાસ કરીને સેવામાં પણ અગ્રેસર રહીને તેમનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. સન ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી પર્વે સ્વામીશ્રી તેઓના ઘરે નિવાસ કરીને રહ્યા હતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા, ભક્તિ અને સત્સંગમય જીવન જીવનારા તેઓની વિદાયથી એક સેવાનિષ્ઠ ભક્તરાજની મોટી ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ... ◆






## નાસિકમાં શિખરબદ્ધ મંદિરના સ્તંભરોપણનો વેદોક્તવિધિ

(ઉપર) પૌરાણિક નગરી નાસિક ખાતે નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના પ્રથમ સ્તંભરોપણનો વેદોક્તવિધિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ઓનલાઇન માધ્યમથી થયો હતો. (નીચે) યુ.કે. અને યુરોપ ખાતે યોજાયેલ એક દિવસીય વસંત શિબિરનું ઓનલાઇન માધ્યમથી વિધિવત્ ઉદ્‌ઘાટન કરતા મહંત સ્વામી મહારાજ. (તા. ૨૧-૨-૨૦૨૧)



Swaminarayan Prakash Gujarati, March-2021, Published on 1-3-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-23, Valid upto 31-12-2023. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79.






## બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય પર્વે વસંતોત્સવે સત્સંગદીક્ષા અને સ્વામીશ્રીની ઐતિહાસિક તુલાવિધિ

સન ૨૦૨૦માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય દિન વસંતપંચમીએ સત્સંગદીક્ષા ગ્રંથ લખવાનો આરંભ થયો હતો. આ ગ્રંથના શ્રીગણેશને આ વસંતપંચમીએ એક વર્ષ પૂર્ણ થતાં નેનપુર ખાતે આ શાસ્ત્ર અને તેના રચયિતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની ચલમૂર્તિઓ સાથે વેદોક્ત વિધિપૂર્વક તુલાવિધિ કરવામાં આવી હતી. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત સત્સંગદીક્ષા ગ્રંથ વૈદિક પરંપરા અને પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણથી લઈને ગુરુપરંપરાના ઉપદેશોનો સાર છે, જેમાં આજ્ઞા અને ઉપાસનાની દૃઢતા કરાવવામાં આવી છે.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas